વિશ્નુ વૃંદા ચરિત્ર નાટક.

અને

તુલશી શાલીગ્રામની ઉત્પતી

તથા

એક રમુજી ફારસ.

રચી પ્રસિદ્ધ કરનાર

કવી વ્યાસ કાશીરામ નિત્યારામ

ભારથ કથાવાળા.

પોસ્ટ વડનગર ગામ ગુંઢીયા.

અમદાવાદ

સિવિલ હૉસ્પિતાલ સામે પાનાભાઈની

વાડીના મેડા ઉપર સિદ્ધેશ્વર પ્રેસમાં

ઈશ્વરદાસ જેકરણદાસે છાપ્યું.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬

કીમત ૦—૮—૦

૬૪૭૩

શ્રી

વીશ્નુ વૃંદા ચરીત્ર નાટક.

અંક ૧ પેહેલો.

પ્રવેશ ૧ લો

(રસ્તો)

ગીતી લાવણી. (૧)

સૂત્રધાર.—ગજવદના ગુણ ગાવું, પંચવદન સુત પ્રણવું પ્રિતેથી,
વિધ્ન વિનાશન સ્વામિ, સમૂણ કરૂં છું સારી રીતેથી.
ખેલ ખરો ખુશ થાવા, આર્યજનો અવલોકી મોહાયે;
વિષ્ણુ વૃંદા કેરૂં, ચરિત્ર જોતાં વૃતી ચપળ થાયે,

સુત્રધાર—અહહ?, આર્ય બંધુઓ આપ જેવા સદ્ગ્રહસ્થો, પ્રીતી પૂર્વક પધારેલા મારા નેત્રથી નીહાળી ઘણોજ આનંદ ઉત્પન્ન થાયછે. વિનંતિકે આજ હું એક વિષ્નુવૃંદા ચરિત્ર એ નામનું નાટક પદ્મપુરાણ નામના ગ્રંથમાંથી શોધી કહાડેલું ભજવવાનો ઈરાદો ધારણ કરૂં છું, કે, જેમાં, સતીનું સત્ય સૂરાનું સુરાતણ. ઇંદ્રનું અભિમાન કૃસ્નનું કપટ. જાળંધર દૈત પ્રત્યે રાહુની ઉસ્કેરણી એ વિગેરે સર્વત્ર બીના આપ મેહેર

બાનોને અવલોકન કરવામાં આવશે, આ ચરિત્ર પૂર્વે કોને પ્રગટ કર્યું કે જે ઉપરથી નાટકનો ચીતાર બન્યો એક સમે શંકર કૈલાસપુરીમાં; નાઇ ધોઇ શાલીગ્રામનું પુજન કરતાં તુળસીપત્ર ચઢાવી નમન કર્યું. આવો પ્રસંગ જોઈ, તેમના પુત્ર કાર્તિકસ્વામીને સંદેહ પ્રગટ થયો કે, હે પીતુ? આપ દેવના દેવ છતાં, આ શૈલ કેમ પુજો છો! એ પ્રષ્ન સુણી શંકર કહે કે. હે પુત્ર! આ શૈલ સાક્ષાત વિષ્નુંછે. ને આ તુળસી પત્ર લક્ષમીનો અવતાર છે. આવું વચન સુણી કાર્તિક સ્વામી કહેકે હે પીતુ? શ્રી હરી શૈલ કેમ થયા! ને તુળસી વૃક્ષરૂપ કેમ થયાં! આ બીના મને સાચી રીતે કહો! સુતની શંકા નિવારણ કરવા માટે શંકરે સર્વ બીના કહી તે બાબતનું એક પુસ્તક બન્યું, તેનું નામ "જાળંધર આખ્યાન કથા,, એવું કહે છે. તે ઉપરથી હું મારી અલ્પ બુદ્ધી વડે નાટક ભજવી બતાવું છું. તેની અંદર કંઇ ભુલ, ચુક આવે તો મહાન કવી, સદ્‌ગ્રહસ્થો. વા? પધારેલા મેહેરબાનો માફ કરશોજી. કેમકે એવો હુ ગ્રંથકાર નથી કે ભુલ ન આવે (પડદા તરફ જોઇ) ઓ હોહો! હજુ મારી પ્રાણ પ્રિયા કેમ ન આવી.... ... ... (નટી પ્રવેશ કરે છે)

નટી—આ આવી મારા પ્રાણનાથ આ કીંકરીને શું આજ્ઞાછે!

સુત્રધાર—અહો પ્રીયે? આવડી વાર કેમ લાગી;

નટી—હા પતી. મને શણગાર સજતાં વાર લાગી. માટે ક્ષમા માગું છું.

સુત્રધાર—વાહ! પતિન એમાં ક્ષમા શાની.

નટી-(સભા તરફ જોઇ) અહોહો! આ ભર્તભૂમી પર ભર ઉમંગથી આવી આ

યજનો બીરાજમાંન થયાછે. માટે આજ કંઇ ઉત્સવ છે કે શું?

સુત્રધાર—હા પત્નિ. આજ હું. વિષ્નું વૃંદા ચરીત્ર નામનું નાટક ભજવવાને ઇરાદો ધારણ કરૂં છું. તે જોવા માટે મહાન કવી વિદ્‌જનો, ગ્રહસ્થો, પધાર્યા છે. પણ તું આજે તારા મધુર સ્વરથી એક ગાયન કર કે તે શ્રવણ કરવાથી આર્યજનોનું મન પ્રફુલીત થાય.

નટી—વારૂ! પ્રાણનાથ જેવી આપની ઇચ્છા પણ પદ ગાવું કે ઠુમરી, વા ધ્રુપત.

સુત્રધાર—પત્નિ, એક કલ્યાણ રાગનો તીલાનો ગાઈ બતાવ.

નટી—જેવી પ્રીયપતીની આજ્ઞા.

તીલાના કલ્યાણ. (૨)

નટી—શ્રીકૃસ્નજી તુ સમર મન મેરા.........(૨) વાર.

જનુની ઉદર જન્મ ધરીને, મૂરખ મારત ફેરા;
નહીં તન તેરા, નહીં તન મેરા, કપટ કાળને ઘેરા. શ્રીકૃસ્ન. ૧
આર્યબંધુ આ રંગ ભૂમીપર, નિરખો નાચ સવેરા;
છનનક ઘુંઘુ છનનક ઘુંઘું, ઘુઘર બાજે ઘેરા. શ્રીકૃસ્ન. ૨

સુત્રધાર—વાહ! પત્નિ બહુ મજાનું ગાયન કે જે સાંભળી મારા મનને પરમ આનંદ થયો. તો આર્યજનોના મન પ્રફુલીત થયાંજ હશે!.

નટી—પતિ હવે મને શું આજ્ઞા છે.

સુત્રધાર—હે પત્નિ, વિશ્નુંવૃંદા ચરીત્ર નાટકનાં પાત્ર ગોઠવી તૈયાર કરો કે જેમ ચકોર પક્ષી ચંદ્રના ઉદયની રાહા જોતું હોય ને ચંદ્ર પ્રગટ થવાથી તેનું મન રંજન થાય તેમ આ નાટક જોઇ આર્યજનોનું મન પ્રફુલીત થાય માટે સત્વર જા.

નટી—પ્રાણનાથ પાત્ર ગોઠવી તૈયાર કરૂંછું. (નટી જાય છે.)
વિદુશક પ્રવેશ કરી સુત્રધારને

છંદ ભુજંગીની ચાલ. (૩)

વિદુષક—(પ્રવેશ કરી) લુટારો ઠગારો છીકે તું ધૂતારો.
લવારો કરે છે, લઇ તંગ તાળો.
છળે છેતરી કોકને, છેક છેહ દેશે,
ઘડી એકમાં ગાઈ, લક્ષ્મીજ લેશે;
અરે આદમી છોડી દેને લવારો. લુટારો.
ઘણાં ગાંમને ગાઇ ગાઇ રીઝાવ્યાં,
છટાથી ગટા ટોપ થઇ લોક આવ્યાં;
શાણા તું પ્રમાણી કરે જો સુધારો. લુટારો.

વિદુષક—વાહ. મારા શાણા સજ્જન સર્પને પકડવા જેમ ગારડી મોરલીનો શબ્દ ઝણઝણાવી રહ્યા હોય તેમ તમોતાળ તંબુરો ચઢાવી આ ભર્તભૂમીના આર્યજનોને ધુતશો કે શું.?

સૂત્રધાર—અહો આ શબ્દ બોલનાર માણસના બોલવાપરથી તે મશ્કરો દેખાય છે. (પાસે જઇ) અરે ભાઇ આપતું નામ શું.? અને આપ કયાં રહો છો. ?

વિદુષક—નાંમને કાંમ મારી જાણે બલ્લા. અલ્લા ભજો તો ભલ્લા. નહીંતો બોલો. બીસમલ્લા. પુછુ તેનો તો ઉત્તર દેતાજ નથી ને પારકી પંચાત કરો છો.

સૂત્રધાર—ભાઇ અમે નાટક કરવાવાળા સૂત્રધાર અથવા તમાશગીરીઓ છીયે.

વિદુષક—વાહ! ત્યારે તો તમે પારકી નીંધા કરવાવાળા હશો.

સુત્રધાર—અરે ભાઇ એમ કેમ.

વિદુષક—જુઓ ભાઇ ભગવાન દેવ ને રાજા સર્વત્રના ચરિત્ર ભજવી જગતપ્રસિદ્ધ કરી લોકના મનમાં વાત ઠસાવી પૈસા હરણ કરી પેટ ભરનાર વાહ! પોતાનું તો કલ્યાંણ વાંચતાજ નહીં હો. ?

સુત્રધાર—અરે ભાઇ જેવી જેની બુધ્ધી અનેક પદાર્થ કરેલાં હોય તેમાં જેને જે રૂચે તે ખાય તેમ જેને જેવી સમજણ તે તેવો ગુણ સંગ્રહ કરે તેમાં કોઇનો દોશ કાઢવા જેવો નથી ને નાટક જોવાથી વા. કરવાથી શું ફાયદા છે તે જાણોછો.

વિદુષક—અરે ના ભાઇ ના કહોતા ખરા.

સુત્રધાર—ત્યારે સાંભળ. સુરવીરપણું, ધીરપણું, જ્ઞાનપણું, સતીપણું, શાધુપણું જાણવામાં આવે છે.

વિદુષક—વાહ ભાઇ વાહ! ત્યારે મૂર્ખપણું કંઇ બીજેથી મળતું હશે કે શું. અરે મૂર્ખપણું પણ નાટકમાંથીજ મળે છે. કે વેસ્યાનો સમાગમ ચોરીનું કામ નાના પ્રકારનાં વ્યસન વળી કપડેમે કે ચપણેમેં ફુલફટાકીયાને ફાંટમાં છ.ણુ. ઘેર ગયા એટલે કલેહનું કાણું. આ પદવી પણ તેમાંજ છે

સુત્રધાર—કહેવત છેકે. દોહા.

ઘર બીગરી સુધરે નહીં, સો સાધુકે સંગ;
મુજ ડબોયો ગંગમે, ફીર રહયો તંગકો તંગ.

તેજ પ્રમાણે તારા જેવો જંગલી હોય તે તેવા ગુંણ સંગ્રહ કરે બીજી ગપોળ કથા મુકી ભાઇ તારૂં નામતો કહે.

વિદુશક—અરે જુવો વળી નામેવળગ્યા. મારૂં, નામ વિદુશક હરખદાસ

સુત્રધાર—અરે વાહ! અધરૂ નામતો નથી. જ્યાં હરખ હોય ત્યાં તમારો વાસ હશે. ઠીક થયુ ભાઇ આજ મારે હરખનું કામ છે. માટે તું આવી ચડયો પણ. આજ મને મશકરાઇની તરફથી પુરતી મદદ આપજે

વિદુશક—ઠીક પણ ભાઇ મારૂં જેવું હરખદાસ નામછે તેમ લાડુ ખાવાનો નરખ નથી તેનું શું કરવું.

સુત્રધાર—ભાઇ તુને લાડુ જોઇશ તેટલા પુરીશ પણ અંદરના ભાગમાં જઇ તારી સગવડમાં રેહેજે.

વિદુષક—જાઉંછું મેહેરબાન. રામ રામ નમસ્કાર (પાછો આવી) મને કેમ બોલાવ્યો. ત્રણ વખત ચાળા કરેછે.

પ્રવેશ ૨ બીજો.

સ્થળ—રસ્તો.

ઇશ્વર સ્તુતિ.

સર્વ પાત્રો— રાગ—કલ્યાંણ. (૪)

અહહ ઇશ્વરા, નમું નરહરીહરા, પ્રથમ પાણીપર નીપાવી તે વસુંધરા.
આદિ અનાદી અનુપ અવીચળ નામ તમારૂં નાથ;
જશજાુગ થાવા જગતપતીને, નમીએ જોડી હાથ. અહહ. ૧
કદમે કદમે કળજાુગ માંહી, કૃત્ય નઠારાં થાય;
બાળક જાણી બળવંતાજી, શ્રીહરી કરજો સાહાય. અહહ. ૨
વિષ્નુંવૃંદા ચરિત્ર વિચર્યું, ખલક થવા પ્રખ્યાત;
અપંગ ઓળંગવા ગીરીવર, વિચારે મન વાત. અહહ. ૩
સરસ સત્ય ગુણ સાગર મંડળી, અર્જ કરે છે આજ;
માન્ય મળે જગમાંહી અમને, કરજો તેવું કાજ. અહહ. ૪
કાશીરામ કલપીત કલજાુગમાં, સત્ય હરીનું નામ;
આરંભ્યું આ નાટક એમાં, સાહાય કરો ઘનશ્યામ. અહહ. ૫

પ્રવેશ ૩ જો.

સ્થળ—ઇંદ્રનો દરબાર.

ચોપદાર—દૈવનકે દેવ મેઘકે મુરબ્બી. ગંધ્રવકે નાયક રાજાધીરાજ. ઇંદ્રરાય માહારાજને ઘણી ખંમ્મા. સોનેકી છડી, રૂપેકી મસાલ, તાંબેકી બતી જલતી મુદામ. સુરપતી ઇંદ્રરાય માહારાજકી કચેરીપે નીઘા કીજે મેહેરબાન સલામ.

ઇંદ્ર—અહો યમરાજ અપ્સરાઓ પાસે નૃત્ય કરાવો.

યમ—જેવી આજ્ઞા (અપ્સરાને) અપ્સરાઓ આજે હેવું ગાયન કરો કે ઉમંગનો સ.ગર ઉલટે. જેનું પાન કરવાથી વૃત્તિ યો ચકોર થાય.

અપ્સરાઓ—જેવી માહારાજાની આજ્ઞા. (ગાવા માંડે છે)

કેરબો—છે.ડી બાંમનકી. એ રાગ. (૫)

સુરીનાથને નમી (૨) આપ અવીચળરાજ અનોપમ કશીન કમી
ગજરથ ઘોડા પાયદ પાસે, ગાંધર્વી ગીત ગાયે;
કલ્પવૃક્ષને કામધેનુથી, મનવાંછીત ફળ થાયે. સુરી. ૧
જળહળ ઝળકે મણી મુકતાફળ, વિદ્યુત ભાનું વર્ણું;
ઓ સરખી શેવામાં નારી, કરે મુની મન તન હર્ણું. સુરી. ૨
અમરપતી અમરાવતી તારી, રેજો અવીચળ રાજે;
સુંદરી સરવે શાંમ તણી છે, બાંહ ગ્રહાની લાજે. સુરી. ૩

ઇંદ્ર—અહો યમરાજ ઉરવંશીનું ગાયન શ્રવણ કરી આજે મારૂં મન પ્રફુલીત થયું, સદાકાળ એજ રીતે ગાયન થતું હોયતો, અત્યંત ઉમંગ ઉત્પન્ન થાય.

યમ—અહો રાજા ધીરાજ આ.પ જેવા અમરાવતીમાં ર.જ કરેછે,

ત્યાં શું વાતની કમી હોય, આપણી પાસે એંશીક્રોડ અપ્સરાઓ છે. માટે હમેશ નવી નવિ અપ્સરા ગાયન કરી મંન રંજન કરશેજ.

રાગ—દેશ—તીલાના (૬)

ઈદ્ર—તન મન કરો વિચાર, દુનિઆંમાં નથી સરદાર; તન.
પ્રથવી તળને અતળ વીતળમાં, વસે કોણ આ‍વાર તન
માન્ય મુકાવ્યું ચૌદ ભોવનનું, સૌ પામેછે હાર. તન
ભુજબળ ભારી રહયો વિચારી, કોઇ ક્ષાવે લઢનાર; તન

અહોહો સ્વર્ગ. મ્રત્યુને, પાતાળને વિશે, માહારા જેવું સુખ કોઇ પણ ભોગવતું નહી હોય, હવે મારે કશી વાતની નુંન્યતા નથી. ધન યોવન. સ્ત્રી તથા મારા અંગતું બળ પુસ્ટ વાપેલ છે. મારી સામા ભાશણ કરવાની શક્તી પણ કોઇની નથી.

યમ— (૭) રાગ—દેશ.

છે તારી મદદ પર (એ રાગ)
એવાં વચન શું વદો આવાર,
ઘણા હશે તમ ગર્વ તજવવા, બનન બનન બહું બાણ બજવવા
ઠામ ઠામ સુરવીર સજવવા, પુર રહયા તમનેજ પજવવા.
વધુ નહી રાજ આસનથી મુજવવા, હું હાવા ગર્વથી થયો બેમાર એ.

ઇંદ્ર—શું આ પૃથવીમાં મારા જેવા સમર્થછે અરે નહિ નહિ મારા વજ્રના ત્રાસ વડે સર્વના પ્રાણ પડીકે બાંધેલાછે અરે મારી સામો દ્રષ્ટી કરનાર કોણ છે.

યમ—રાજા ધીરાજ જે ગર્વ છે તે દયા ધર્મનો નાશ કરવા વાળોછે માટે ગર્વ ત્યાગ કરી એક હરી સ્મરણ કરી વહેવાર ચલાવવો તેજ સારૂ.

ઈંદ્ર—યમદેવ તમે મને જે કહોછો તે સર્વ અયુકત ભાસેછે.

યમ—(મનમાં)આ વખતે ગર્વના ઘોડે ચઢેલા માણસને આપણ સારી શીખામણ આપીશું તોપણ નહીં માને માટે હાએ હાજ કહેવી.

ઈંદ્ર—અહો યમ દેવ આજ મારી હેવી ઇચ્છા છે કે. સર્વ અપ્સ-રાઓને લઇ ગીરી કૈલાશે જાઉં. સંકર પ્રસન્ન કરી લડવા માટે યોદ્ધ માગી લઉં. કેમકે મારા ભુજાનું બળ ભરપુર ચઢેલુંછે.

યમ—જેવી આપની ઇચ્છા ચાલો માહારાજ.

ચોપદાર— કચેરી બરખાસ્તપે નીચા કીજે મેહેરબાન સલામ.

પ્રવેશ ૪ થો.

સ્થળ: રસ્તો.

વિદુશક— (૮)ઇંગ્રેજી રાહ—હમ ટુકડે ટુકડે કરકે.(એ રાગ)

જપકર તપકર હરી હરમાટે, અયે મૂરખ નાદાન;
વળી ટાળી પીડા પોતાની, જાણીલે જુગમાં ભગવાન;
અરે તું કરતાર પોકાર જઇને, આપ મુકી અભીમાન
ધુંમ ધુમક ધુમક ધુમ ધુમ ધુમકોટ કીટ ગીડી ગીડી ગીડીગીડતાન
પોતાની સ્ત્રીને આવતી જોઇને ઓહો ન પેલાં સાંમેથી અ-
મારાં ઘરવાળાં .કેમ આવેછે. (ચતુરા પ્રવેશ કરેછે.)

ચતુરા—કાં પ્રાણનાથ શા વિચારમાં પડયા છો.

વિદુશક—ખરેજ માયા તે માયા હું ઇશ્વર ભજન કરતો હતો પણ રાતું કપડું નજરે પડયું કે વૃત્તિ ઘટા ટોપ થઇ ગઇ અને ચીત્ત તો લટા પટ થઇ ગયું.

ચતુરા—અરે શું તમે ભક્તિમાં પડયા હતા.

વિદુષક...અરે. હાહાને હાપ્રણુ તું અહીંથી જા.

ચતુરા—અરે વાહ! હજુ તમારી ઉમ્મર નાની છે ને ભક્તિ કેમ આદરી તેમાં મારે પરવડતું નથી.

વિદુષક—હાય હાય મારી વહાલી તારી મરજી હેની છે તો ચાલ હવે, ભકતાઇ છેડી દઇ તારૂં ભજન કરીશું.

ચતુરા—અરે પતિ અરજુનગીતામાં કહેલ છે કે, સંસારથી સરખો રહે ને મંન મારી પાસ, સંસારમાયા લોપે નહીં તે જાણું મારો દાસ, માટે સંસાર કરવો અને ભક્તિ પણ કરવી ત્યાગી ન થવું.

વિદુષક—હવે ચાલ ત્યાગી કે વેરાગી પણ મુને ભુખ લાગી માટે પેહેલી થાળ ભક્તિ કરીએ લાવ ઝટ.

(થાળ લાવે છે ને ખાતાં ચાળા કરેછે પછી બંને જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કૈલાશ.

અપ્છરાઓ સાથે ઈંદ્ર પ્રવેશ કરે છે.

इंद्र-- **श्लोक.**

चंद्रकपोळसुशोभितेहरिहरेगंगाधरेशंकरे ॥
भस्माकंकणभस्मलेपनकरेपंचवदनगीरजावरे ॥
अंगभुजंगभयंकरोविषधरोत्रिनेत्रंच अनंगहरे ॥
कंठमाळविशाळवाहनवृशभसोभादिकंसंकरे ॥ १ ॥

હે વિશ્વેશ્વર હું આપને વંદન કરૂં છું નમન કરે છે પણ શંકર બોલતા નથી.

યમ—અહો રાજાધિરાજ આપની સ્તુતીથી તો શંકર બોલ્યાજ નહીં ને

ઇંદ્ર—અહો યમરાજ મારી પાસે કોકીલ જેવા મધુર સ્વરવાળી અપ્સરા છે તેની પાસે ગાયન કરાવો કે શંકર પ્રસન્ન થાય.

યમ—(અપ્સરાને) ઉરવશી તમે હેવું ગાયન કરો કે શંકરની સમાધ ઉતરે ને પ્રસન્ન થઇ કંઇ વરદાન આપે.

અપ્સરા—માહારાજ જેવી આપની આજ્ઞા.

(૯) ગાયન ઠુમરી.

પનઘટપર દેખી. (એ રાગ.)

આલીરી અવલોકી અલબેલો અવીનાશ
ગરરરરરરરર ગંગજટા જુટ, પડત ધાર પૃથ્વી સુભાસ.
થરરરરરરરર થાવરજંગમ, ડરત નાદ સુની ગંગત્રાસ. આ.
ધ ાનનનનનન શંખ શબ્દ શુણી, શ્રવનશ્રવન કરી અતિ ઉલ્લાસ;
રટતરટત શીવશંકર સરનજુ. આઈ ખડે અવીનાશી દાસ.આ.
ચરણ સરન રાખો પંચાનન, જનમ મરણકી ટાલો આસ;
કરત કરત અરજી કરજોડસું, કરમપરમ કરી રાખો પાસ. આ.

(૧૦) ગાયન.

આનંદે સખી. (એ રાગ)

ઉમંગે સખી હળીમળી શંકર નિરખો રંગેરે (૨)
(દાદરો) તાથૈય તાથૈયા તાથૈયા તાથૈયા તાનુમ તાનુમ તનનન.
(ઉપરનો)ધીધીકટ ધીંન્ના ધીધીકટ ધીંન્ના ધીકટધીન્ના ધીધીકટધા.

(ધ્રુપત) અંગમેં ભુજંગ માનું, ચદ્રહી લીલાટ જાનું (૨)
દેવનકે દેવ માનુ દીલ દયા લાવીયે. (ઉપરનો.) તાથૈયા.)
(ઉપરનો) કીટકીટગીંન્ના કીટકીટગીંન્ના કીટકીટગીંન્ના કીટકીટધા.

શંકર--અહેહો! અબધૂત નૃત્ય હે વચ્છ ઇંદ્ર આજ તારાપર હું ઘણો સંતુષ્ટ થયોછું માટે બોલ તારી શી ઇચ્છા છે તારી ઇચ્છાપૂર્વક હું આપવા માટે તૈયાર છું.

ઇંદ્ર—હે દયાનીધી મારે ધન, યોવન, સ્ત્રી સર્વે વાતનું સુખ છે પણ મારા શરીરમાં બળપુષ્ટ વાપ્યું છે તેથી મને લડવા માટે યોધો આપો.

શંકર—મગવાપતી આ તારૂં ગર્વનું વાકય છે માટે બીજું માગ્ય.

ઇંદ્ર—અહો શંકરા મુને તેને તેજ આપો.

શંકર—ઇંદ્ર ધન યોવન સ્ત્રી આટલું તુને સુખ મળ્યું તેથી તુને અભીમાન થયું પણ તે ત્રણ દિવસનું સુખ છે શું તું સદાકાળ ચીરંજીવી રેવાનો છે માટે બીજું માગ.

ઇંદ્ર—ઇશ્વર, આ તમારાં શીક્ષાનાં વાકય છોડી મને યોધ આપો ન આપો તો આપ લડવા સામીલ થાઓ. આ બેમાં થી એકપણ વાત કબુલ નહીં કરો તો હું પાર્વતીને ઉપાડી જઇશ.

શંકર—(ગુસ્સામાં.) ઇંદ્ર તું આટલા વાકયથી નથી માનતો તો જા યોધ પ્રગટ થશે ને તે હેવો થશે કે તારી રાણીયોને રાનમાં રઝળાવશે ને તારે ઇંદ્રાસન મુકી નાસવું પડશે.

ઇંદ્ર—શંકરા આ દેહ છતાં અભીમાન ધારણ ન કરૂં તો સ્વર્ગનું રાજ્ય શૂરવીર વીના ન શોભે. માટે ગર્વ રાખ-

વોજ જોઇએ

શંકર—(અતિ ગુસ્સેથી) અરે દુષ્ટ અહીંથી ચાલતો થા. (ઇંદ્ર જાય છે) (શંકરને પરશેવો વળવાથી બીંદુ કમંડળમાં પડે છે ને કમંડળ તતડે છે તેથી)

શંકર—(ગણ પ્રત્યે) અરે ગણો પ્રગટ થએલા અંડને સરોવર-માં નાખી આવો. નહીંતો કમંડળ ફોડી નાખશે.

ગણો—જેવી આપની આજ્ઞા(સરોવરમાં નાખવાથી અંડ સરોવર ઢાંકી કાડે છે)માહારાજ અંડતો સરોવરમાં શીખ્ખરની પેઠે ફરે છે ને આખું સરોવર ઢાંકી કાહાડુ છે.

શંકર—(ત્રીશુંળ આપે છે) અરેગણોલ્યો આત્રીશુળ વડે ફોડી નાંખો

ગણો— લાવો માહારાજ (સરોવર જઇ પાછા આવેછે)માહારાજ અડતો ફુટતું નથી ને આપના હથીયારની ધારો ખરી પડીછે.

શંકર- અરેગણો પ્રગટ થએલા અંડને ઉચકી સમુદ્રમાં નાખી આવો

ગણો—જેવી આપની આજ્ઞા.(સમુદ્રમાં જઇ નાંખેછે ગર્જના થવાથી સમુદ્ર મનુસ્ય રૂપે બહાર નીકળી

સમુદ્ર—અહો મારા જળને વિશે કોણ ઉતપન્ન થયું અને ભયંકર શાની ગર્જના થાયછે હું જોઉંતો ખરો.આસપાસ જોઇ) અહો આતો કોઇ દહીત જેવો દેખાયછે. તેને જોઇ મને ભીતી પ્ર-ગટ થાયછે હવે હું કયાં જાઉં લાવ લાવ હું ઇંદ્રને શર્ણે જાઉં(એમ કહી જાયછે.)

પ્રવેશ ૬ઠો.

સ્થળ—રસ્તો

નારદ—ગોવીંદ, ગોવીંદ, ગોવીંદ, હરે વાહ આજના દિવસમાં

કંઇ નવાજુની થઇ દેખાય છે પૃથ્વી વીશે ખરેરાટ ભરે રાટ થઇ રહ્યા છે માટે જાણવામાં આવતું નથી કે શું હશે.

ગીરજાસંકર—અલ્યા જટાસંકર નાશલ્યા આતો પૃથ્વી ફાટી જાણે હમણાં અંદર ઉતરી જઇશું એમ લાગેછે

જટાશંકર—અલ્યા તુંતો પૃથ્વી કહે છે પણ કાલના લાડુવે મારૂ પેટ ફાટી પીરાન. પાટણ જાય છે તેનું શું કરવું.

નારદ—તુંબડાં તે તુંબડાં લાડુ ખાઇ જાણે પણ તડાકા ભડાકામાં ટકવું તેતો ક્ષત્રીનુંજ છે. અરે બ્રાહ્મણો ચાલો બીશો નહીં તેતો કંઇ નથી ભજન કરો.

બ્રાહ્મણો—(૧૧)જોગીઓઆશાવરી-રાગ-પ્રભુ તોરે નામકી'એરાહ)
કૃપાળુદયાળુ તું છેરે માયાળુ, ભરપુર ભુવન મહીં ભાળું. કૃ
આ પૃથવીમાં આપ વિના, કોણ છે તે હું નજરેથી ન્યાળું;
ચૌદ ભોવન ચત્રુભુજ વ્યાપ્યો, વરણ વરણ અજવાળું. કૃ.
માત પીતા ધન માટે રાજી, ભુલાવ્યું મન ભમરાળું;
પતિ કહે હું પ્રભુ સમજાણું, પ્રેમ ધરીને પાળું કૃ.

જટાશંકર—(ભડકો થવાથી) ઓય મારા બાપરે. નાશરે ગીરજાશંકર તડાકો થયો. (દોડા દોડ કરીને જાયછે)

પ્રવેશ ૭ મો.

ઇદ્રનો દરબાર.

ચોપદાર—રાજા ધીરાજ ઇંદ્રરાય માહારાજને ઘણી ખમ્મા,

(૧૨) ગાયન હાદરો

એરી સખી લચક લચક (એ રાગ)

અપ્સરા—એરી આલી નચત નચત, નૃત્ય ભયો ભારી;

ધનનનન બાજે મ્રદંગ, તરરર પરે તારી; સખી ૧
સનનનનન સુર સીતાર, શ્રણન હુ સુખકારી:
રમક ઝુમક સરરરરરરર, ઘુઘર ધમકારી; સખી ૨
તનનનનન તોરત તાંન, હરખ તજન સારી;
ગાવત હૈ રસીક ગાન, ગુનીજન ગુન ગારે; સખી ૩

(૧૬) ગાયન ઉદાંણીનો અચકો એ (રાગ)

અપ્સરા—લલીતા કેરો લટકો રાખો, અરે ખરોજ ખટકો
એની આજના ઉમગે,
અરે આજનો અટકો, ચાખીલોજ પ્રેમનો ચટકો;
એની લાજવાંન સંગે.

(દાદરો)સરરરરરર છોમ છોમ છોમ છોમ

(ઉપરનો)તત્થા છુમ છુમ, તત્થા છુમ છુમ,
છંનનન છુમ છુમછનનછા

ઇંદ્ર—(ઓચીંતો અવાજ થવાથી)અહો યમદેવ આ શો ચમત્કાર,
આ ભયંકર અવાજ કયાંથી આવ્યો.

યમ—માહારાજ પૃથ્વી વિશે કયાંઇ લડાઇ થતી હોય તેવું માલમ
પડે છે

ચોપદાર—માહારાજ આપને મળવા માટે રત્નાગર દેવ આવે છે
આપની રજા હોય તો અંદર લાવું.

ઇંદ્ર—સત્વર એમને આવવાદો.(સાગર પ્રવેશ કરે છે તેની પ્રત્યે)
પધારો સાગરદેવ મારા ઉપર બહું કૃપા કરી મારી પ્રત્યે શું
પ્રયોજન છે. ને આપ આવડા ગભરાયેલ કેમછો

(૧૪) રાગ દેશ.

અમસેં ન બોલના માહારાજ એ રાગ,

સમુદ્ર—જબરો કોઇ મુજજળની માંહી, પ્રચંડ વીર પ્રગટ થયો માહારાજ (૨)
ગગન લગી ગયું ગરદન તેનું. પગ ગયા પાતાળ માંહી રે.
વરણવ વરણવ વરણવરે, કેહેતાં બગડશે કાજ
ઘણો ગભરાઇ ગયો માહારાજ

(૧૫) રાગ ઉપરનો

ઇંદ્ર—અરે ઓ રત્નાગર આ વાત, જરૂર કયાંઇ બીજે કરો માહારજ(૨)
ભીતી પ્રગટ થાય વાત સાંભળો,થરકે સ્થીર આ સનરે
હમણાં હમણાં હમણાંરે શિર કરશે છેદંન
શબ્દ સુણીને ડર્યો માહારાજ

સમુદ્ર—અરે ઇદ્ર પુરી વાત તો કરવા દો.

ઇંદ્ર—ઝટ કહીને જતા રહો કેમકે હમણાં આવશે તો તમારા સાટે હું કુટાઇ જઇશ.

સમુદ્ર—પ્રગટ થયેલ પ્રાણી સંપૂર્ણ વિર્યવાળો છે. દિવસમાં એકવીશ વાર સમુદ્રનું પાણી ફરી વળે છે. ને હાથવડે સૂર્યચંદ્રના રથ રોકે છે.

ઇંદ્ર—અરે સાગરદેવ મારી શર્ણું રાખવાની શકિત નથી માટે આપણ સર્વ મળી ચાલો બ્રહ્માની પાસે જઇએ કે તે આપણું સંકટ કાપશે.

સમુદ્ર—બહુ સારૂ માહારાજ ઝટ ચાલો સારે.

ચોપદાર—કચેરી બરખાસ્તપે નીવા કીજે મેહેરબાન સલામ.

પ્રવેશ ૮ મો.

સ્થળ—રસ્તો.

ઈંદ્ર—અહો યમદેવ તમે મને વાર્યો પણ મેં તમારૂં કહેવું કાન ન ધર્યું માટે મારા કરેલાં મુને નડે એમ લાગે છે.

યમ—મહારાજ રાજના કરવાળા મદોન્મત હોય છે પહેલાં તો જોવામાં કંઈ આવતું નથી ને પાછળથી પસ્તાયા છે મેં તો તમને આગળથીજ કહ્યું હતું કે જે ગર્વ છે પાપનું મૂળછે.

સમુદ્ર—ખરી વાતનો ખાર લાવવો તે મૂરખનું લક્ષણ છે. કહેવત છે કે. ઘોડે ચડે તે પડે ને દોડે તે થાકે

સમુદ્ર— દોહરા.

પેટ ચોળીને પ્રગટ કરયુ, સુરા જન તે સુળ;
માટે કહુછુ માનજો, ક્રોધ તે પાપનુ મુળ.

અરે ચાલો ભાઇ ચાલો મને તો પેલા દહીતનો ડર લાગે છે કે હમણાં આવશે તો ધાણ કાહાડી નાખશે. જાય છે.

પ્રવેશ ૯ મો.

બ્રહ્મશદન.

બ્રહ્મા—હે પુત્ર નારદ આ સંસારમાં બ્રાહ્મણનો જન્મ શ્રેષ્ટ ગણેલ છે. કે "વિશ્નુરૂપાય બ્રાહ્મણાય" તે છતાં અઘટીત કૃત્ય કરે તો તેના જન્મને ધિક્કાર છે.

નારદ—ખરી વાત છે પીતાજી. કેહેવત છે કે

श्लोक,

स्नानसंध्यावृथाजस्य, विद्याजस्यपुराधस्यु ॥
हिनकर्मभवेतविप्रा, तस्यचांडाळऊचते ॥

વળી હે પીતાજી બ્રંહ્મજપાનાતી બ્રાહ્મણા

બ્રંહ્મા—(અવાજ થવાથી) પુત્ર નારદ આ ઓચીંતો અવજ ક્યાંથી થયો—ચમકે છે.

નારદ—પીતાજી. કોઇ યોધ પ્રગટ થયો અથવા ક્યાંઈ યુધ થતુ હોય તેમ સુચવે છે.

બ્રહ્મા—લાવ હું સમાધિષ્ટ થઇ જોઉં, (સમાધિ ચડાવે છે) અરે હા સમુદ્રમાં યોદ્ધ પ્રગટ થયેલ ભાસે છે (સરસ્વતીને) હે પુત્રી સરસ્વતિ આજ તારા મધુર સ્વરથી એક ગાયન કરી તાંડવનૃત્યથી મારૂં મન પ્રસન્ન કર્ય.

સરસ્વતી—પીતાજી જેવી આજ્ઞા.

(૧૬) ગાયન. અમકું છાંડ ચસે બનમાહુ. (એરાગ.)

શોગારહીત સુંદર સતી નારી, જક્ષણીજેવી જગત ફરતીરે;
કુળ મરજાદ તજી કરે કરમો, વિપતી પડે વળની વખનેરે.
આંત્ય સમાની છે અકળીત ધાટી, કોણ છોડાવે ઝપટ જમ તેરે શી.
પ્રાણપતિપર પ્રેમ ન રાખે, પરઘેર રોજ રમે જુવતીરે;
લાજ રહીત લલના જે થાયે, કપટ ધરે અતીશે કુમતીરે. શી.
સ્વામિ તણી કરે સેવા વળી તે, પાળે જીવનપતી પ્યારાનેરે;
અંધ અપંગ બહીર મુખરોગી, પાળે ધન તે દારાનેરે. શી.

બ્રહ્મા—ખરી વાત સ્ત્રીનો ધર્મ મુખ્ય શીયળ સાચવવું તેજ છે પોતાના પતિને પરમેશ્વર જાણે તે સ્ત્રી.

श्लोक.

નારદ—કહેલ છે કે परस्परंसदाप्रिति ॥ भविष्यंमर्णांतिक ॥
यश्यधर्मसमाशेत ॥ ज्ञेयस्त्रीपुर्षोनरः ॥

પીતાજી તે પ્રમાણે સ્ત્રીએ તથા પતિ એ બંન્નોએ મરતાં સુધી પ્રેમ ચાલુ રહે તેજ તેમનું મુખ્ય ધર્મ છે.

श्लोक.

બ્રહ્મા—द्वीजानेष्ठाअसंतोशी ॥ महीपतीसंतोष्यच ॥
गुणकानारीसुलज्याच ॥कुलांगनाकुलज्यच ॥

સૌસૌના ધર્મ પ્રમાણે રેહે તો સારૂં, બ્રાહ્મણ સંતોશી સારો, રાજા અસંતોશી સારો, ગુણકા નિર્લજ સારી, સતી સ્ત્રી મર્યાદાથી સારી. આવા ધર્મથી ઉલ્ટ ચાલે તો નર્કનો અધીકારી થાય. (દેવ પ્રવેશ કરે છે.)

સર્વે દેવ- (१७) રાગ-ધનાશ્રી. કષ્ણ સમરો. એ દેશી.

કમળાશન કરૂણાય, કરો અમને કમળાશન કરૂણાય;
અતિ દુઃખ અઘરૂં આવી અડયું છે, પ્રણમીને નમીયે પાય. ક.
પૃથ્વી વિશે કોઇ પ્રગટ થયો છે, જબરો જોધ્ધ જણાય;
ગંભીર નાદે ઘણો ગરજે છે, ધ્રુજે ધરા જ્યાં ધરે પાય. ક.
ગગન લગી ગયું ગરદન તેનું, પગ ગયા પાતાળ માંહ;
કપટ થકી કંઇ કાળબળ છળથી, કોઇ થકી ન કળાય. ક.

ઇંદ્ર—હે બ્રહ્મદેવ આ સાગરદેવની પ્રત્યે પુછો કે શું સંકટ છે.

બ્રહ્મા—હે રત્નાગર દેવ શી હકીકત બની છે તે નિવેદન કરો.

સમુદ્ર—હે વીધી, આ વખતે પ્રગટ થયેલ પ્રાણીનો થયેલ શબ્દ સાંભરી આવે છે કે, અમને એટલી તો બ્હીતી પ્રગટે છે કે, અહીંથી નાશી જઇએ. ને શબ્દના ભણકારા અહીં સુધી ગણેણાટથી અવાજ કરતા હોય તેવું મુંને ભાસે છે.

બ્રહ્મા—અહો દેવ ! ગભરાશો નહિં તમારૂ કષ્ટ કાપવા હું તમારી સાથે આવું છું. (સરવ જાય છે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—રસ્તો.

સમુદ્ર—અરે મહારાજ તે દેવ કેવો બળવાન કે મારા જળની અંદર ઉભો રહે છે કે મારૂં જળ તેની જાંગ બરોબર થાય છે. તેના શબ્દનો પ્રચંડ સાંભળી શૂરવીર તો ઉભો રહેજ નહીં. તેની ગર્જના સાંભળી ગર્ભણીના ગર્ભ પાત થાય.

બ્રહ્મા—હા ભાઇ હા સમજ્યો પૂર્વે અહીં પ્રગટેલ પ્રાણીનો શબ્દ થયો કે મારૂં શીંહાસન ડોલ્યું હતું કેમ પુત્ર નારદ ખરી વાત કે નહીં.

નારદ—હા પીતાજી પેલો ઘનઘોર અવાજ થયો તેજ હશે.

ઇંદ્ર— (૧૮) **ગાયન તરજ** મેહેર કર મારી એ રાગ.

લેહેર કરો લાવીદયા તમે જરા, વિનવું છું હું કરો સંકટ પરા. લે.
કયાંથી પ્રગટ થયો, કળ્યો ન જાય;
સાસારેરીરીગગગમમમપપપધધધનીનીનીસા. લે.
પ્રગટ કરો પૃથ્વી પશુને નરા, કારણ રૂપ શી રીતે કળાય.
સા રે ગ મ પ ધ ની સા. લે.

બ્રહ્મા—હે ઇંદ્ર એ મારી શ્રષ્ટીમાં નથી પ્રગટ થયો તેની ગર્જના

થી તો અમારા ચગર વછુટી જાય છે.

ઇંદ્ર—હવે ત્યારે તેનો શો ઉપાય કરવો મુંને ઝટ બતાવો.

બ્રહ્મા—અરે ભાઇ તારા કરતાં મને વધારે ઉચાટ થાય છે. પૂર્વેનો શબ્દ હજુ સુધી પણ મને ખટકે છે. હવે તો ચાલો આપણ સર્વે જણા ત્યાં જઇએકે આપણું કાર્ય સિદ્ધી થાય.

ઇંદ્ર—બહુ સારૂ ચાલો માહારાજ (સર્વે જાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—સમુદ્ર.

સર્વેદેવ—(૧૯) ગાયન દશા આશી થઇ મારી એ રાગ.

અરે આ વિશ્વ ભૂમિમાં, જબરો કોણ છે જળમાં.
ભારી ભય થાય છે ભુમાં છાઓ તમે કોણ સિંધુમાં.

સાખી.

અચળી પુરૂશ અવીનાશ કે, શ્રષ્ટી સરજન હાર;
કાળ કેરા કાળ છે, કરશો શ્રષ્ટી સંહાર.
બતાવો બહાર નિકળી રૂપ, તમે કો ત્રીભોવનના ભુપ;

સાખી—કરજોડી સ્તવન કરે, દીન થઇ સૌ દેવ;
પણ પાણીમાં નથી યતો, શબ્દજ જાણી શેવ. અરે,

જાળંધર (પ્રગટ થઇ) અરે તમે કોણ છો અને મારી પ્રત્યે શું પુછવાનું છે

બ્રહ્મા—હું શ્રષ્ટી સરજનહાર છું મારૂં નામ બ્રહ્માછે પણ આપણા સ્વરૂપની શંકા મટાડો કેમકે તમો પ્રગટ થઇ નવી શ્રષ્ટી બાંધશો કે પૃથ્વી પ્રલય કરશો, તમારો ઉત્પન્ન થવાનો હેતુ. એ સર્વે કહો, (ઉછળી બ્રહ્માના ખોળામાં પડીને)

(૨૦) ગીતી લાવણી

જાળંધર—જળ નિધિમાં હું જમમ્યો, જનુની ઉદર સમુદ્ર જળભારી
માત પીતા પણ તેછે, ભગિન ભ્રાત સહોદર સુત નારી.
નામ નિરોપણ મારૂં, પ્રકટ્યા પેહેલું પાડેલ નવ હોયે:
જન્મ થતાં જુગ માંહીં, જનમ્યું નામે કદી ન જગત કોયે.

હે વીધી મારૂં નામ નિરોપણ કરી મને કંઇ વરદાન આપો.

બ્રહ્મા—સત્યછે ભાઇ તું જળથી ઉત્પન્ન થયો માટે આજથી તારૂં નામ જાળંધર ને મારૂં વરદાન છે કે દેવ દાનવ. તને જીતી નહીં શકે. લે આ ગદા. એમ કહી એક ગદા આપે છે.

જાળંધર—(ગદા લેઇ)માહારાજ આ ગદા લઈ હું શું કરૂં મારે રેહેવા માટે ઘરબાર જોઇએ કે નહી

બ્રહ્મા—હે પુત્ર આ ગદા લેઇ એક મથુરાં નામનું ગામછે ત્યાં જઈ ગર્જના કરજે એટલે ત્યાંનો કૌવચ રાજા ભય પામી તેની વૃંદા નામની એક કંન્યાછે તે ને મથુરાંનું રાજ્ય તને સોંપશે ને તે કન્યા તને પરણાવી ઘર જમાત્ર કરી રાખશે.

જાળંધર—બહુ સારૂં માહારાજ. વળી બીજુ વરદાન આપો કે મને કોઈ મારે નહીં.

બ્રહ્મા—ભાઇ જ્યાં સુધી તારી સ્ત્રી વૃંદા સત્ય નહીં ચુકે ત્યાં સુધી તારો દેહ અમર છે

જાળંધર—વારૂં પીતાજી હું જાઉં છું નમસ્કાર.

બ્રહ્મા— અરે દેવો ચાલો સઉ સઉના સુકામે. સરવ જાય છે.

अंक २ बीजो

પ્રવેશ ૧ લો.

મથુરાં નગર.

સ્થળ કૌવચની કચેરી.

ચોપદાર—રાજા ધિરાજ મથુરાંપતી કૌવચરાય માહારાજકી કચેરીપે નીઘા કીજે મેહેરબાન સલામ.

(૨૧)ગાયન પદ. હોવે મુબારક રાજ એ રાહ

ગુણકા.—રહોરે અવીચળ રાજે, અદલ ઇનસાફ કરતા.
કૌવચ રાય કૃપાળ, શર્ણેથી સંતાપ હરતા.
દિન દિન ચઢતી દશા દશ દિશમાં, પુન્યથી દુર રહે પાપ. અ.
જશ કીરતી જગમાં થાઓ ઝાઝી, બાણ ધરેથી ચાપ. અ.
ડરજો દુશ્મન દેખી દદામું, પ્રગટો પુરણ પ્રતાપ. અ.
ભરજો સદા ભરપુરથી લક્ષ્મી, અંગ ઉમંગથી આપ. અ.
ગુણકા ગુણીજન ગાંન કરેથી, આનંદો છો આલાપે. અ.

(૨૨) ગાયન રાગ કલ્યાણ સુઘડ મંડુલટ એ રાહ.

સુઘડ મંડળી મથુરાં પતિની. સકળ સુરાજન હરતા ફરતા;
ફરરરરરરર ફરરરરરરર સુ.
ઘુમક ઘુમક ઘુમતા રસીલા, ઠુમક ઠુમક ફરતા છબીલા;
બ નન નનનનન બાણ બજાવે, મરદ ગરદ તનનનન નચાવે.
મોટા જનનાં માન્ય મુકાવે, (૨) જાવે બજાવે બાણ તાણ;
ધકિટ ધેતતાનનનન, તકિટ છકિટ છા છા છા, સુ.

કૌવચ—બહુ સારૂ ગાયન ? પ્રધાનજી! આ ગુણકાઓને એક હજાર રૂપિયા આપી વીદાય કરો, કેમકે, તેમણે મારૂં મન ખુશ કર્યું છે.

પ્રધાનજી—બહુ સારૂ માહારાજ અપાવું છું.

વિદુશક—વાહ ! ગોવાળેરનો ગવાઈયો આંબલીનાં પાંદડાં ખાઇ રાગ સુધારી તાન મારવા સારંગીની તાંતો મજબુત કરતો હતો. તેટલામાંતો રાંડ ગુનુકા ફરી વળી ને ઇનામ લીધું જહાં તહાં નડતી ને નડતીજ. આ આંખોના ઉલાળા કર્યા ને રાજા રીજ્યા, ને બોલ્યા કે, બસ દે દો.

પ્રધાન—અરે! વિદુશક શું બકવા કરે છે.

વિદુશક—બકવા તે હું કરૂં છું કે તમે, પેલી ગુનુકા બકાવી રૂપિયા હજાર લઇ ગઇ, હાય ! મારા બાપ, એ ક હ જા ર તેનું નામ કેવું અધમણુ ભારનું છે. ખરૂં પણ મારા જેવા કેમ નજરમાં આવે. મારામાં કંઇ રૂપ છે પણ હજુ મારો ગુણ તો જોયોજ નથી.

પ્રધાન—અરે! વાહ! વિદુશક! તું પણ ગાય છે કે શું.

વિદુશક—ગાઇ ગાઇને તો ઘરડો થયો. મારા ઘરડા ગાતા, મારી બાયડી ગાય છે, મારાં છોકરાં ગાયછે ને મારે ઘોડું ગાયછે.

પ્રધાન—અરે વાહ ! તારે તો તને પણ ઇનામ અપાવાશું ઉડાવ એક તાન.

વિદુશક—બહુ સારૂ ! (કાન આંબળી ચાળા કરે છે) હાં ઉસ્તાદજી તબલા અચ્છા બજાઓ. હું હવાઇ મારૂં છું. (ઢોંગ કરી સુર ભરે છે.)

વિદુષક—(૨૩) ગાયન. રાગ તીલાના.

તોમ, નાધી ધીન્ના, નાધી ધીન્ના, તોમ, તોમ, (૨) વાર.
તોમ, ત કડાંધા, તાકડાંધા, તાકડાંધા, ગીડ, ગીડ, તાની, નાધી.
તાકીટ, કીટકીટ, તાકીટ, કીટ, કીટ, ત્રકથાં, ત્રકથાં, તરકીટ, નાધી.
નીત્ર. પપથમ, ધપમગગ, મગરીરીસા, સારેરેગ,
સા, રે, ગ, મ, પ, ધ, ની, સા (બોલો અંબે માતકી જે.)

પ્રધાન—બલ્યા! વચમાં એ શું?.

વિદુષક—એ શું! કે લેશું! પણ લાડવાનું કહેશું! આતે ગાયા કે ઘેશુ?. વળી આપ કહેતો હેઠો બેસું?

કૌરચ—વાહ! મારા ડાહ્યા વિદુષક: તેં પણ ખુબ ગાઇ મને ખુશી કર્યો. માટે બોલ તારી શી ઇચ્છા છે. તુ કહે તે આપું.

વિદુષક—માહારાજ! હું એટલુ માગું કે આટલી બધી ગુણકાઓમાંથી એક કાણીકોચરી આપો.

કૌરચ—વાહ! મશ્કરો તે ઠેઠ સુધી મશ્કરો. બહુ સ રૂ તારી મેજે શોધી લે.

વિદુષક—(માથા ઉપર ટોપી મુકી મેંનબત્તીનો દીવો કરી (પેહલીને) મુરત થયા પેહેલાં આંખો શેની મારે છે (બીજીને) આના તો હોઠ લાંબા છે (ત્રીજીને) પરણ્યા પેહેલી લાજ શાની કહાડે છે. (હેવામાં અવાજ થવાથી ગુપ્ત રૂપે જાળધર કહે છે.)

જાળંધર—અરે આ નગરનો રાજા કોણ છે. ચાલ લઢવા માટે તૈયાર થા. નહીંતો તારૂં શેહેર ઉજ્જડ કરીશ

વિદુષક—(ગભરાઇને) બળ્યું પરણવું વૈધૃતમાં કન્યા મળી તેમાં આમ થયું. ઓ બાઇ તારા સાલ્લામાં સંતાવા દે એ-

ટલે પહોચ્યું. એમ કરી સાલામાં પેસેછે.

કૌવચ—પ્રધાનજી! આશો ચમત્કાર.

પ્રધાન—માહારાજ! કોઇ લઢવા માટે યોદ્ધ આવેલો જણાય છે.

કૌવચ—અરે શેન્યાધીપતી. લશ્કર તૈયાર કરો.

સેન્યાપતી—માહારાજ આ ભયંકર અવાજથી, ચંમ્મર વછુટ્યા. તો સનમુખ લઢવા જવું તો મુશ્કેલજ પડશે કે નહીં.

વિદુષક—રાજાધીરાજ! મારા જેવો શુરવીર આપની પાસે ઉભો છે. ત્યાંસુધી કોની તાકાત છે કે આપની પાસે આવી શકે?. જ્યાં આ બાહાદુર સામા થયા કે ક્ષત્રીના વીર્ય ચળકાટ કર્યા શીવાય રેહેશેજ નહીં.

સેન્યાપતી—દૂર જા વિદુશક. સુકય બકવા તું ઉંટ જેવો રંભા ફળના સ્વાદને શું જાણે?

વિદુશક—ખરી વાત! રંભાફળ નહીં પણ હીનબળ છો, ક્યારે વાર છે. ઓ યોધ્ય આવ્યો. કે મગરના પુછડાશી પીસ્તોલો ને બાંણના સાંઠા પાસેજછે. જોઉતો ખરો કે કેવી ધાડમારોછો

જાળંધર—(ગુપ્તરૂપે) સમર્થ થા કેમ વાર લાગી ગામ ચુર્ણ કરૂછું.

કૌવચ—આ યોધ્ય અતુલ્ય બળીઓ છે માટે કોઇ જીતી શકશે નહીં. કારણ કે જેવા અવાજથી મારૂં બેસવાનું સિંઘાસન ડોલાવી દેછે.

પ્રધાન—ત્યારે માહારાજ? આપની શું મરજી છે?.

કૌવચ—યુધ્ય કરવા કરતાં, તેને નમસ્કાર કરી ભેટ મુકીએતો સારૂ,

પ્રધાન—આપની નિચામાં આવ્યું તે ખરૂં.

કૌવચ—પ્રધાન! આપણા હાથી શણુગારી. ઉપર મોતી ભરી ઉછાળતા

ચાલો. અને રાણીઓને શણગારી. ગાતાં ગાતાં તેને વધાવીસો.

પ્રધાન—બહું સારૂં માહારાજ પધારો.

ચોપદાર—કચેરી બરખાસ્તપે નીઘા કીજે મેહેરબાન. સલામ—

પ્રવેશ ૨ જો

રસ્તો.

કૌવચ--(જાળંધરને નમન કરી)અરે! ભલા ભુપતી? હું આપને દંડવૃત કરૂં છું. મારે લડવાની સમ્રથા નહી હોવાથી હુ? આપની સમક્ષ આવ્યો છુ માટે મને જીવત દાન આપો.

જાળંધર—ઉઠ રાજન ઉઠ બેઠો થા.

કૌવચ—માહારાજ! આપ કયા દેશમાં રહો છો.

જાળંધર—અરે! રાજન? મારો દેશ પણ નથી. તેમ ગામ પણ નથી. હું સમુદ્રમાં પ્રગટ થએલ છું અને બ્રહ્માનો વરદાયક છું.

કૌવચ—માહારાજ! આ મારી વૃંદા નામની પુત્રી આપને કન્યા દાનમાં અર્પણ કરૂં છું તેનું પાણી ગ્રહણ કરો.

જાળંધર—રાજા આપણી જેવી મરજી. (વૃંદાને લઈ સખીયે પ્રવેશ કરેછે પુસ્પથી વધાવે છે.)

(૨૪) ગાયન ચોપાઈ.

સખીઓ—ચાલો ચાલો ચતુર સર્વ નારી, જાઓ ભુપતને બલીહારી;
કુંમ કુંમ ચંદન કેસર ઘોળી, બહુ અત્તર પુંબડાં બોળી.
હાર પુસ્પ સુગંધી વાળાં, પાન બીડાં બરાસ રસાળાં;
કરો પુજન પ્રેમ ધરીને, નરપતને નમન કરીને.
પછે ચાલો આપણે ઘેર ઘણીથ શે લીલા લેહેર સર્વે જાયછે.)

અંક ૩ જો.

સ્થળ—કૌવચનો દરબાર.

કૌવચ—અહો મારા રાજ કારભારીઓ આ મારૂં રાજ્ય હવેથી રાજા જાળંધર કરશે. કેમકે મેં તેમને ઘર જમાત્ર કરી રાખ્યા છે. ચોપદાર? આજથી મારા જમાત્ર જાળંધરના નામની છડી પોકાર.

ચોપદાર—બહુ સારૂં માહારાજ.(છડી પોકારે છે.)રાજા ધીરાજ સમુદ્ર સુત બ્રહ્મ વરદાઇક. જાળંધર રાય માહારાજ ને ઘ-ણી ખમા,

કૌવચ—અહો મારા રાજ્ય શેવકો? હું તમને પ્રતિબોધ દઉંછું કે જેવા તમે મારા હુકમમાં વર્તતા. તેવીજ રીતે મારા જમાત્રના હુકમ મુજબ કામ કરજો હવે મારી વૃધ્ધા અવસ્થા હોવાથી હું જંગલમાં તપશ્ચર્યા કરવા માટે જાઉંછું

પ્રધાન—બહુ સારૂં માહારાજ! આપણી જેવી ઇચ્છા.(રાજા જાયછે)

વિદૂષક—(રાણી રાજાનું હસ્ત મેળાપ કરતાં) સમુર્તં સુભલગનં. ક્ષેમ કલ્યાણં. અરોગ્યં નિર્વિઘ્નેન શુભંભવતુ. વરકન્યા સા-વધાન, નાણાની કોથળી સાવધાન, ડોસોડોસી સાવધાન, આ ભાથી પણ શાવધાન.

પ્રધાન—વાહ! વિદુશક! તું મશ્કરો છે અને વિદ્યાઅભ્યાસ પણ કર્યો છે કે શું.

વિદુષક—એટલા શ્લોક ઉપર તો મેં બાર વર્ષ ગાળ્યા છે.

ગુણકા— (૨૫) ગાયન. રાગ—ખમાચ.

ગુનોજન ગાવે બજાવે સાજ (૨) તાકીટ, તાકીટ, ગીન, ગરજત મૃદંગજુ;

અકળીત આવત અવાજ. ગુની૦
રૂમકઝમક, ઝું, જનનનનનનન, ગંભીર ધ્રુધરકો ગાજ. ગુની૦
તાલ, તંબુર સીતાર, સરંગી, સરગમ ગાવતહુ આજ. ગુની૦
સારીગમ પધનીની, ધપમ ગરેરેસા, તોડત તાન માહારાજ. ગુની૦

જાળંધર—પ્રધાનજી! આ ગુણકાને પાંચસો રૂપિઆ ઇનામ આપો.

પ્રધાન—જેવી રાજાધીરાજની આગ્ના.

જાળંધર—પ્રધાનજી! હું હવે દેશ જીતવાનો ઇરાદો કરૂંછું. માટે આવતી કાલરોજ લશ્કર તૈયાર કરજો.

વિદુષક—દેશમાં શું જીતશો. પેહેલો આ વેશ તો જીતો પણ મુને કહોતો ખરા લશ્કરમાં આગેવાન કોણ છે.

પ્રધાન—કેમલ્યા વિદુષક! આગેવાન તે શું. શું તું મશ્કરી કરેછે.

વિદુષક—વાહ! આગેવાન તે લશ્કરનો સરદાર. આગેવાન, રાખે શાન, તો ઠીક, જો ભૂલે ભાન તો લશ્ક કુવામાં.

પ્રધાન—બહુ સારૂ! તારાં નખરાં હવે બંધ રાખ.

જાળંધર—પ્રધાન! હવે કચેરી બરખાસ્ત કરો. (ઉઠે છે)

ચોપદાર—કચેરી બરખાસ્તપે નીચા કીજે મેહેરબાન સલામ.

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

(૨૬) ગાયન. શેહેર છોડકર ફીરતાહું. એ રાહ.

લશ્કર—કટકટી સૈંન્યા, કલીંગ કાબુલ, કુંકણ કરણાટક કુરંગ;
કાશીને નેપાળ પૂરવના, નરપતી નમીઆ આવી અંગ. ક.
માંગધ માર મૈથુલભદ્રા, કામરદેશ ને કચ્છ કનોજ;
અંગ બંગને તીલંગ તળની, ખલક તણી કરી મે તો ખે.જ. ક.

સિંધુ સોરઠ મચ્છ મલ્હારે, જીત્યો પરવતને સૌ પહાડ;
પૂરવ પશ્ચિમ ઉત્તર દક્ષિણ; રાજમાં મેં વરતાવી રાહાડ. ક.
ગજ, રથ, ઘોડા પાયદ પાસે, કુંદન દાસી દાસ અપાર;
હીરા માણેક રત્ન વિવિધનાં, ગજ મોતીના દિશે હાર. ક.

જાળંધર—અહો! ઇશ્વર મેં સઘળા દેશ જીતીને તેર ક્ષોયણી લશ્કર ભેગું કર્યું હું સર્વ ઠેકાણે ફર્યો પણ મારી સામે લડનાર કોઇ મળ્યો નહીં હવે મારા ભાગ્યનો કંઇ પાર ન રહયો. (સખીઓ થાળ લઇ ગાતી ગાતી આવે છે.)

(૨૭) **ગાયન રાગ બીભાસ** થયો છે આજ જે, (એરાહ)

સખીઓ—અરે આનંદ ઉપન્યો અપાર, ખુશી ખુશી થયાસૂરવીર સઘળા;
સનનનનનનન થનનનનનનન તીરકીટધા, તીરકીટધા, તીરકીટધા ધાધીકીટ ધા. આરે.

દાદગે—ગાવોરી, ગાવોરી ગાવોરી, ગાવોરી, ગાનગાન, ધર્કટતક, ધર્કટતક ધર્કટ તક, ધર્કટ તક, ધા. (સર્વ જાય છે.)

પ્રવેશ ૫ મો.

ચોપદાર—રાજા ધીરાજ! જાળંધર રાય માહારાજકી કચેરીપેં નીચા કીજે મેહેરબાન સલામ.

(૨૮) **રાગ મલ્હાર** ગઇ થારંભ થયું ચોમાસું. એ રાહ.

ગુણકા—અતિ આણંદનો દીન આજે, જ્યાં જાળંધર કરે રાજે;
સચિ સુંદરી સરખી વૃંદા, મળી મહીપત નાર આનંદા,
ચળકે જેમ આભમાં ચંદા;
સુરા સરદાર, ધર્યાં હથીયાર, છત્રીશે સાર, ઉભા મળી આજે. જ્યાં.
છડીદાર કરે પોકાર, ધર્યું છત્ર ને શીરપર સાર, જેમ સૂર્ય તણો ઝળકાર;

શુક્ર માહારાજ, કરે ધર કાજ, આનંદથી આજ, એવા શીરતાજ.૭

(આકાશમાંથી ઓચીંતો ખરેરાટ થઇ રાહુનું મુસ્તક નીચે ઉતરે છે તેને જોઇ આશ્ચર્ય થઇ)

જાળંધર—અરે! આ શો ચમત્કાર, ધડ વિનાનું મુસ્તક કયાંથી આવ્યું.

(૨૯) રાગ આશા ગોડી. સ્વામીની રક્ષા કરજે એ રાહ.

કોણ છો ભાઇ કારણ રૂપે, દેવ દાનકે મેદની ભૂપે;
ધડ વિણ ધરણી પર રહ્યું મુસ્તકે, કહો ભાઇ અમને અનુપે. દેવ.
આપણ એની ઓળખ કયાંની, વાકય વદોને કરૂપે. દેવ.
પીંડ વિના કેમ પ્રાણ ટકયો શીશ, વાયુ શરદને ધુપ. દેવ.
છેદન શીસ્ય કર્યું છે કોણે, અકળીત કીધું સ્વરૂપે. દેવ.

હે! ભાઇ! સત્ય કહો આપ કોણ છો ને કયાંથી આવ્યા.

(૩૦) ગીતી લાવણી.

રાહુ—દુઃખ દાવાનળ પડીયું, દુશ્મન મળીયા બહુ બળ તો તેનું;
પોતાનું પણ નથી આ, કારણ કહેવાનું આપણ એનું.

હે! રાજા! મારૂં નામ રાહુ છે. હું કશ્યપ રૂશીનો પુત્ર છું. કેતુ નામનો મારો એક મિત્ર છે તે તારે સ્થાનમાં પડેલો છે.

જાળંધર—હે ભાઈ કેતુથી જુદુ પડવું શા કારણથી પડયું તે કહો.

રાહુ—હે! જાળંધર! એક વખતે બ્રહ્મા વિશ્નુ માહેશ્વર, તે-ત્રીશ ક્રોડ દેવતા ભેગા થઇ તારો પીતાજી સમુદ્ર તેની મધ્યે એક મંદ્રાચળ નામનો પર્વત નાંખી તારા પીતા સમુદ્રની ગોળી કરી વાસુકી નાગનાં નેત્રાં કરી સમુદ્ર વલોવવા લાગ્યા. તેમાંથી ચૌદ રત્ન કાઢયાં.

જાળંધર—ચૌદ રત્ન તે કીયાં કીયાં, તેના મને નામ કહો.

૧ ૨ ૩ ૪ ૫ ૬
રાહુ—લક્ષ્મિ, કૌસ્તુભ, પારીજાતક, કામધેનું, વીશ, અઇરાવત,

૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
શશી, મદીરા, સુધા, શંખ, સારીંગ, ધનવંતરી, રંભા ઉચ્ચી-
શ્રવા, એ ચઉદ રત્ન તારા બાપની સમ્રદ્ધી દેવતા લુટી ગયા
તારો પીતા માથું કુટી બેશી રહયો.

જાળંધર—ત્યારે શું તે વખતે તમો મારા પીતાની પાસે હતા.

રાહુ—(૩૧) ગાયન તરજ. માજી બહુ દુઃખ દઇએ (એરાહ)
શુરેંદ્ર શું કહું તુને, ચેંન નહીં મુંને.
પડયો વગર ગુને, કે તજી સૌ આનંદને. શું.
પુત્ર વિના પજવે સર્વ, હાંશી કરે હાય, હાય, હાય.
પીડીત મન છે ધરને વિચાર, કરો અપાર તમે કુમાર.
પડે અરે તેના ઉપર માર, આંખે આંસુને. શું
રૂદનથીરડે, ઘણુંજ દુઃખ પડે, કહ્યું છે બાપડેરે, કહેજો પુત્રને. શું

(જાળંધર રાહુને રોતો જાણી અરે મીંત્ર મારા દીલના શ-
ણગાર તમે ગભરાશો નહીં રૂદન ર્ક્યા શીવાય બીજું વર્તમાન
થયું હોય તે કહો.

રાહુ—(૩૨) ગીતી-મરેઠી.
પુત્ર છતે છત ભેળી પોતાની, ધીક્ધીક છે જગમાંહી;
પીતા પડયો સકટમાં જેનો, દુઃખ દરીયામાં યાંહી.
થયો બહુ લાચારી, કહયું સઉ કારણ મુને વિસ્તારી;
પુત્ર ગયો પરદેશે મારો, તલ ન દેખ્યું ત્યાંહી.

મન સઘળું ધુતીને લીધું, દેવે નાખ્યો દુઃખમાંહી;
રહ્યો વિચારી, હવે કોણ ગતિ મારી.

જાળંધર—અરે! શું મારા પિતાને એટલું બધું સંકટ. (હા દઈર ગભરાઇને)

રાહુ—અરે! ભાઇ દેવની ઉપર દાવો કરી પીતાની સમૃત્રી પાછી લાવે ત્યારે અમારી અંતરદાઝ હોલાય. વળી તારા બાપને માટે તો મેં મારૂં ધડ ખોયું છે.

વિદુશક—પારકી પીડામાં શું કરવા પેશીએ, બેશીએ જોઇ તે ઉડાડે ન કોઇ. મિત્રાઇ તો હેવીજ છેતો સરરરરરરરર.

પ્રધાન—અરે! વિદુશક? મુક બકવા, વાત કરવાદે.

જાળંધર—(રાહુને)અરે મિત્ર રાહુ; તમારૂ મુસ્તક કોને છેદન કર્યું

રાહુ—ભાઇ હું પક્ષપાતમાં કુટાઇ ગયો. એ મિત્ર? દેવમાં કાળો કળાયુગ પેઠો. જે દૈત હતા તેને ગાંડા કરી. ઓરડીને બારણે બેસાડયા. ને સઘળા દેવ ભેગા થઇ નિકળેલું અમૃત પીવા બેઠા. ત્યારે મેં પણ દેવનું રૂપધરી. અમર થવા માટે વચ્ચે અમૃત પીવા બેઠો તેવું જાણી ચંદ્ર. સૂર્ય એઓયે નેત્રની શમશાથી ભગવાનને જાણ કરી ત્યારે ભગવાને સુદર્શન ચક્ર મૂકી મારૂં મુંસ્તક કાપી નાખ્યું. અમૃત પીવાથી એ વીભાગ અમર રહયા. મુસ્તક તે હું રાહુ ને ધડ તે કેતુ.

જાળંધર—ભાઇ? પણ મને રત્નના ચોર ગણાવો કે હું તેને શીક્ષા કરૂં.

રાહુ—(ગણાવે છે)શંખ. લક્ષ્મી. કૌસ્તુભ. સારીગ, આટલાં તો ભગવાન લઇ ગયા. પારીજાતક કામધેનું મદીરા ઐરાવત રંભા આ

ટલાં તો સ્વર્ગનો વ.શી ઈંદ્ર લઇ ગયો. ઉચીશ્રવા. સુરજને આ
પ્યો.અમૃતનો ઘડો શેશ નાગને ત્યાં મુકી આવ્યા.

જાળંધર—અરે ભાઈ ચંદ્ર તથા વિખના ભોગી કોણ થયા.

રાહુ—ભાઇ. ચંદ્ર તથા વિખના ભોગી કઇલાશપતી શંકર થયા.

વિદુષક—ત્યારે ભલા ભાઈ વિખ આપને ચડાવી જતું હતું. કે
ધડ વિનાનું મુસ્તક લઇ ફરવુંજ પડત નહીં.

પ્રધાન—અરે! વિદુશક! મુક બકવાદ બે જણુ વાત કરતાં હોય
તેની અંદર બોલે તે મૂર્ખ કહેવાય.

વિદુષક—ખરીવાતનો ખાર નહીં, ઉછીતાનો પાડ નહીં. અમે ઠીક
કહાએ છીએ. ભાઈ સાહેબ અમર થવા વચ્ચે બેઠા પણ ભમર
થઇ ગુણ ગુણ કરતું ભમવું પડયું. માટે હેતું શુ રળીએ
કે હિવો બાળીને દળીએ.

જાળંધર—વાહ! ભાઇ વાહ! હવે રહેવા દે તારાં નખરાં (રાહુને)
કહો ભાઇ આટલા ચોર છે કે બીજા કોઇ છે.

(૬૩) ગાયન. તારા જેવી તો ધુતારી એ રાહ.

રાહુ—ઘણા ચોરને ગણાવે, વળી શાનું મન વાળું;
ભલો ભલો હું ભૂપતી, તુંને બળવાન ભાળું.
વચન માનોને મારૂં, સદ્ પુત્ર છોજી સારૂ;
ત્રણ રણથી તમારૂં, સારૂં થઇ જશે બધું સંકટ આ કાળું. ઘણા.
પુત્ર છતે પરઘર, લુટી લીધો સઉ જર;
નથી પહોચતી નજર, નર તમે સુંદર છો નજરે નીહાળુ. ઘણા.

પુત્ર છતાં પરઘેર સમૃધી પડી રહે તે કરતાં મરવુ સારૂં.
હું કંઇ મારા માટે કહેતો નથી પણ તમારા પીતાનો અદાપ
જોયો જતો નથી.

જાળંધર—(૩૪) ગઝલ સોહણી.

મીત્ર મારા શું? કહોછો, મરજી મારી થઇ સહી;
દેવને દઉં દુઃખ ઝાઝું, શ્રષ્ટીમાં છોડું નહી. મીંત્ર.
શીવવિષ્નું ને વીરંચી, ઇંદ્ર ચંદ્ર આદી સઉ;
મારી મોહોટા કાળને, રણ મોકલીને રાજ લઉ. મીંત્ર.
નથી હું નજરમાંજ કમતી, કામ મારોછે કારમા;
પ્રથવીના પતિ કદાપી, નાવે મારી હારમા. મીંત્ર.

રાહુ—બંધુ! બોલેથી કંઇ દહાડો ન વળે. હું તો દૂરથી તમને વાઘ જેવા દેખતો હતો પણ પાસે આવવાથી શિયાળ માલુમ પડયું. હે ભાઇ! હું તો તમારા માટે કહુંછું. બજ્યો આ સ્નેહ તમારામાં બંધાયલો છે તે છુટતો નથી. તેથી સારૂં માઠું કહેવું પડે છે. હવે તો હું આ ચાલ્યો.

જાળંધર—અરે મીત્ર? બેસો બેસો સ્વરભાનું. મારા બાપના જેટલા ચોર છે તેને ત્રણ ભોવનમાંથી ખોળી મારૂં ને સ્વર્ગના દેવ દેવીને દાસ કરી રાખું તોજ મારૂં નામ જાળંધર આટલું કાર્ય કર્યા બાદ મારે અન્ન આરોગવું તે બાબતનું હું વચન આપુંછું લ્યો વચન આપે છે.

રાહુ—વારૂ ભાઇ નમસ્કાર હું જોડુંછું.

જાળંધર—પધારો ભાઇ સાહેબ? માયા છે તેથી વિશેશ રાખજો. રાહુ જાયછે(પ્રધાનને) પ્રધાનજી સેનાપતીને કહી લશ્કર તૈયાર કરો.

પ્રધાન—જેવી આપની ઇચ્છા.

ચોપદાર—કચેરી બરખાસ્તપેં નિઘા કીજે બેહેરબાન સલામ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રસ્તો.

(૩૫) ગાયન. રણ ગણુ વિશે રજપુત એ રાહ

લશ્કર—દુશ્મન પર દાવો કરી; કરીએ સહાર;
મારી કાપી મરજીવા થઇએ સરદાર. દુ.
ખંજર ખપવાને ત્રીશુળ, ગુપતી ગેડી કરવત ફુલ;
ભડવામાં ન રાખો ભુલ, કાપી કરીએ ઠાર. દુ.
બરછી ભાલા ને કટાર, બાણુ તણી ઉડે બાર;
ચક્ર તણી ચોરી ધાર, ચાલો લલકાર. દુ.
ધમ ધમ મુકો ધરતી પાય, ચાલોને ચતુર રાય;
ફોજનીતો ફત્તે થાય, જબરો જયકાર. દુ.

જાળંધર—પ્રધાનજી આવતી કાલે બારવાગે લસ્કર લઇ. દેવની ઉપર દાવો કરી લડાઇ માટે નિકળવું છે, માટે તૈયાર થજ્યો. વળી તે લશ્કરની અંદર કાયરનું કામ નથી.

પ્રધાન— જેવી નરપતિની આજ્ઞા. લસ્કર હાજર છે

જાળંધર—હવે હું રંગ ભોવનમાં જઇ. મારી રાણી પાસે વિદાયગરી લઇ આવું(જાય છે)

વિદુશક—અહો જબરા યોદ્ધાઓ? ઝાંખરાની વાડો કાપવા ઝુકી પડો હુ જોઉતો ખરો કે. કેવી? હાથ ચાલાખીથી અસ્ત્રો ચાલે છે.

સેનાપતિ—અરે! મુક બકવા રણ સંગ્રામમાં કંઇ વાતો કરવાની નથી તેની અંદરતો શૂરવીરનું કામ છે.

વિદુપક—અરે! એમ શૂરાતન ન જણાય જુઓ આમ જણાય.

(બંદુક અવળી કરી ચાળા કરે છે)

(૩૬) ગાયન દાદરો. તં તન મન મન સ્મરણ એ રાહ.

જ્યાં લગી બહદૂર જોર ન કરીએ, જાણો તમે તો તણાઇ;
ધ્યાન પરિગ્રહ કેરૂં ધરીએ, મરવાની કરીએ મનાઇ. જ્યાં.
મન મહાદેવને જીવ જુતીમાં, દાસી શી ઠકરાઈ;
ઘરવાળીને ઘેર પુછી આવીને, ભડવા જઇએ ભાઇ. જ્યાં.
બંદુક બહારને તેપ તડાકે, કોણ ટકી શકે ત્યાંઇ.
બનનન કરતા બાણુજ છુટે, કચરાઇ જઇએ કયાંઇ. જ્યાં.
મઠ બાજરી કે બંટીનો રોટલો, ખુણે બેશી જઇએ ખાઈ;
વિના ફોકટનું વઢવા જાવું, અવલોકી આ જનવાઇ. જ્યાં.

સેનાપતી—વાહ! તારા જેવા કાયરની જોડે તરવાર તાણી લડવા જાય તો તરતજ ગરદન મુકી આવે.

પ્રધ.ન—અહે? મારા લશ્કરી લોકો હવે સૌ સૌને ઘેર જતા રહો આવતી કાલે બપોરના બાર વાગે અહીં તમો હાજર થજો.

સેનાપતિ—બહુ સારૂ માહારાજ ચાલો ભાઇઓ. (સર્વે લશ્કર જાય છે ને વિદુશક ઉભો રહે છે.)

વિદુશક—હવે! હું પણ મારી ગરબડમુખીની પાસે રજા લઇ આવું.(સ્ત્રીને આવતી જોઇ) ઓંયરે રજા લેવા જતો હતો. પણ સાંમેજ આવતાં દેખાંય છે ને.

ગરબડમુખી—સ્વામિનાથ ઉચાટમાં કેમ પડયા છો? ને આટલો શ્વાસ કેમ ચઢેલો છે?

વિદુશક—મારી વાહાલી છબીલી ઘણા દહાડાથી લાડુ જમતા હતા પણ આજે તો લડાઇમાં જવાનું છે. માટે તોપના

તડાકામાં મારો ભડાકો ઉડી જશે. માટે આજ છેલ્લીવારકું મારૂં વારણું લઇ તારો ચુડલો ફોડી નાંખ ?

ગરબડમુખી—(જરા આંસુ લાવી) ઓ ! સ્વામિનાથ ! આ શું બોલો છો ? મારી છાતી ભરાઇ આવે છે,

વિદુશક—ઓય ! મારી બાપુડી મારૂં પણ કાળજું ફડકફડક ઉછળે છે.

ગરબડમુખી—પ્રાણનાથ ! જાઓ ત્યારે વેહેલા આવજો.

વીદુશક—કાં, તારે જાઉંછું. (પાછો આવી) પણ એ મકનીઆના મા. છોકરાને જાળવજે હો. મારો જીવ તેનામાં ભરાઇ રહયો છે.

ગરબડમુખી—પણ રે. ઓ ? તમે જાઓ છો ત્યારે હું કીન્તણી. હુંહુંહુંહું (એમ કરી રૂએ છે.)

વિદુશક—ઓય માવડી. ટકચાં ડચકાં શાનાં ખાય છે તું રૂએ છે એટલે મને રોવડાઇ જવડાય છે. છાની રે ! હું જાઉંછું.

(બને જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—રાણી વાસ

વૃંદા—અલી વીજેનંદા ? આજ મારા પતીને આવડી વાર કેમ લાગી હશે ?

વિજયનંદા—અહો ! બાઇ સાહેબ હમણાં આવતા હશે. (ચોતરફ જોઇ) અરે વાહ ? રોજના કરતાં વધારે જુસ્સા ભરી ચાલથી તમારા પતી એ આવે. (જાળંધર પ્રવેશ કરેછે)

વૃંદા—મુસ્તક નમાવી) પધારો મારા પ્રાણપતિ હું આપને નમન

કરૂંછું (બંન્ને બેસે છે). પ્રાણાધાર આપ હંમેશ રંગભોવનમાં પધારતા. ત્યારે હું આપનાં નેત્ર અમ્રત રૂપિ દેખતી. અને આજ હું આપણાં નેત્ર વક્ર થએલા કેમ દેખું છું અને મહા ક્રોધમાં ભરેલ આપનું મુખાર્વીંદ જણાય છે તેનું શું કારણ?

જાળંધર—પ્રિય! મારા પિતા સમુદ્રની ચૌદ રત્નની ચોરી થયેલ છે. તેના ચોર અજ. વિશ્નુ, શંકર ઇંદ્ર આદી તેત્રીશ ક્રોડ દેવતા છે. માટે કાલ સવારે રણ સંગ્રામ જઇ રાડ કરી રત્ન લઇ વૈકુંઠ, કૈલાશ, બ્રહ્મસદન, સર્વ ઉખેડી સમુદ્રમાં નાંખું. અને તેની રાણીયો રાનમાં રઝળતી કરૂં. એવો ઇરાદો છે. પણ હે સુંદરી! હું આપની આજ્ઞા લેવા માટે આવ્યો છું.

વૃંદા—(મનમાં) અરે! હા! પ્રભુ? મારો પતિ જો રણમાં જશે તો પાછા આવવાની આશા રહેશે નહિ. માટે કઇ પ્રયત્નથી સ્ત્રી ચરિત્રથી સમજાવું.

(૩૭ ગાયન ગજલ વનમાં મુકી એકલી એ રાહ.

આ દીન દીશે દોહલો, પ્રીય પતિ અરે;
સુંણી વાતને સંગ્રામની, અતિ અંગ થરથરે. આ દીન. ૧
બળ્યાં એ રત્ન બળ કરી, થશે સુર સાથે સંગ્રામ;
તમથી અધીકતા કો નથી, આ ખલકમાં ખરે. આ દીન. ૨
દગો કરીને દેવ સર્વે, દુઃખ દેશે ભરથાર;
અળગા ન થશો આપ, આજ અબળા કરગરે. આ દીન. ૩
ભવ બ્રહ્મા ને ભગવાન જેમા, કપટ કળા ભરી;

પામર પ્રાણી ત્યાં શું લઢે, વળી ધૈર્ય શું ધરે. આ દીન. ૪
મુખ સૂર્યની સમાન, મારા કાળજાની કોર;
ચીત્ત ચોર નવલકીશોર, ચીત્ત મારૂં તમ પુંઠે ફરે. આ દીન. ૫

(૩૮) ગાયન જખસે કલંદર બન બન ફીરકે એ રાહ.

જાળંધર—સુંદર સતી મને શું સમજાવે, બોલી તું કોંને બતાવે છે;
બહુ બળવાન છું બહાદુર તેનું, જકતમાં બિર્દ ધટાવે છે.
ભૂલ તારી તો સુધારી નારી, વદો વાણી ફેર;
આજથી મેં જાણી રાણી, આણી લેને મ્હેર;
લટક મટક જાઉં લઢવા તણી લ્હેર. ભુલ. સુંદર.
સુર સામટા સંગાથી, સતી જોને મારા સાથી;
બળ બાહુ તણી બાથે, હઠવી નાંખે મોટા હાથી.
બાણુ તણા જોને બંમ, ભીડી નાલ ત્યાંતો ભંમ;તીર છુટે વળીતંમ-
મરણ પમાડે સહુ માર મારવાથી. બળ બાહુ સુંદર.
દેખી મારૂં દળ પુરે, સામા શત્રુ આવી ઝુરે;
ચર્ણ મારી ચુરે, મોટું એમાં કામ શુ રે;
બાણ થકી પ્રાણ લઈ, નાસે પાપી પુરે. દેખી સુંદર.

(૩૯) ગાયન ગજલ.

રાગ ઇંદ્રસભાનો.

વૃંદા—સ્વામિનાથ સાચું કહું, શીશ હું નમાવી રે;
પેટ ચોળી પીડ, પ્રાણપતી ઉપજાવી રે.
ઘેર ઘણું સુખછે રે, આપથી અનુકુળ;
ઝંપી બેસો જરા રાય, છોડો લોભ પાપ મુળ.
દેવ દગે મારશે, સુરખ મળ્યા સહુ;

કૃષ્ન ઘણા કપટી સ્વામી, બળવાળા છે બહુ.
મણીધરને મુખે, સ્વામી કર ન ઘાલે કોય:
નવ નીતના નીપજે, મહી વિના મથ સોય.

જાળંધર—(૪૦) ગાયન ગજલ. ભાઇ પટારો કેમ ઉઘાડયો. એરાહ
તારૂંણી તેં તોલ ન કીધો, ઓળખતી નથી આજ:
શીયાળ જેવા દેવજ સર્વે, હું વનનો સીંહરાજ.
પગ પડઘાએ ધર્ણિ ધ્રુજે, છળકે ધરાધર જાણ;
પરવતને પ્રાજે કરૂં. એક પાટુથી પરમાણ.
શબ્દ સુણીને સિંધુ સરિતા, ઉછળી જાય આકાશ;
ગરભણી કેરા ગર્ભ ગળે, ને ધ્યાન ચુકે અવીનાશ
તો તું કાયર વાણી કાઢે, લલીતા શું નથી લાજ;
વિશ્નું વિરંચી સદાશિવને, રણમાં અણવું બ્યાજ.

વૃંદા—અહો !! પ્રાણનાથ ! આટલા વાકય હું કરગરીને કહુંછું. પણ આપ અભિમાન તજતા નથી. આપનું અભિમાન ભગવાન છોડાવશે એવી મને ખાત્રી પડે છે. અહો !!! નાથ! હું અબળાની જાતી આપને ઉપદેશ કરવા લાયક નથી.પણ ભગવાનની જોડે જીતી નહી શકો. માટે વાર્યું કરીને ઘેર રહો તો મારે સઘળું સુખ છે.

જાળંધર—હે! સ્ત્રી ! મને બ્રહ્માનું વરદાન છે માટે દેવદાનવ કોઇ જીતી શકનાર નથી. મારી કટાક્ષ વડે પૃથ્વિપર પડે તો સામા થવાની કોની શકતી હોય હવે જલ્દી મને વિદાયગરિ આપો તો ઘણું સારૂં.

૪૧ ગાયન રાગ સારંગ. ભેખરે ઉતારો. (એ રાહ)

વૃંદા—કહ્યુંરે માનો મારા કંથજી, કરો વિવેક વિચારજી,

શાહુ રડગો તમને મળ્યો, મીત્ર મુરખ સારજી, ક.
આપ અજાંણ્યા કયમ બનો, માની પારકા પ્રબોધજી,
કપરો છે કંસ રીપુ તણો કર બળીયાને ક્રોધજી. ક.

જાળંધર—(૪૨) સાંભળ નારી સુલક્ષણી, શુ કરે અવિનાશજી;
બોધ બિચારો મને શું કરે, બુદ્ધિ પોતાને પાસજી. સાં.
કોઇ ના કહે મેં કર્યાં નથી, કાંઇ કાગેરા કાનજી,
હીંમત હોય પોતા તણી, ભડી ન શકે ભગવંનજી સાં.

વૃંદા—(૪૩) નવ ગ્રહે વાંકા નાથજી, બને ઉકલી આ બુધ્યજી;
અજીત ન થાઓ એવું સુઝવે, કરતાં અમરથી યુધ્ધજી ક
વેળુ તે વાટતાં વાલમા, તપાશે ન લાધે તેલજી;
જીતવું જશ જે પોતા તણો, કમળાપતિને કર ખેલજી. ક

જાળંધર—(૪૪) સુખ દુઃખ આયુષ્ય સમ્પત્તી લીધો જન્મ લખ્યા લેખજી
કમળાપતિ એમાં શું કરે, કરે કરમની રેખજી. સાં.
રાણી રજા આપો મને, રણ જાતાં લાગે વારજી;
વચન વદ્યું છું હું કયારનો, માને નફટ ન નારજી. સાં.

વૃંદા—(૪૫) જગત રૂઠયું જો જાણીયે, મન પાછાં મનાયજી;
રણમાં રૂઠે જ્યારે રામજી, ત્યારે કોણ કરે સાયજી. ક.
પાછળ પુત્ર પરીવારનો કરી જુવોને વિચારજી.
માઠાં સ્વપન ધરશે મુઝને, નિપજશે નિરધારજી. ક.
લોચન જમણું હો લાલજી, ફરકે તન પડે ત્રાસજી;
પ્રાણજીવન પાછા નહીં ફરો, મુકું આવ્યાની આશજી. ક.

જાળંધર—વાહ ! નારી ઘણી વારથી કહું છું કે તું મારો હાથ મુક. અને રણભોમીપર જાવા દે. જોઉં તો ખરો કે મારી

સનમુખ કોણ ઉભો રેહે છે. અરે પાળી ઠોકતાં ત્રંબાળુ ધ રનાર ત્રાસ પામે ને સનમુખ ઉભો રહું તો " ભગવાન " ભાગી જાય. કાળ પુરૂષ પણ મારો એક કેશ પકડી શકે તેમ નથી. મારા પિતાના ચોરને હું કેમ જીવતા મુંકું. આવો યુદ્ધ કરવાનો લાગ ફરી ફરીને ન મળે. મારી હાકથી દશ દીગપાળ ડોલશે ભૂમંડળ ચાક ચડશે. ને મારી કીર્તિ જગત માં ફેલાશે. તે વખતે તું જાણજે કે હવે વેહેર લીધું. બીજું તો મારા ભવિષ્યમાં હશે તે બનશે. પણ હે સતિ રણ માં ઝીતવાનું તો એક તમારી પાસે પારખુ છે કે જ્યાં સુધી તમો સત્ય નહીં ચુકો ત્યાં સુધી મને કોઇ પણ ઝીતવાનું નથી.

વૃંદા—(૪૬) ગાયન લાવણી ગોરી ચલી સાસરે એ રાહ.

એ ખરૂં પ્રાણ આધાર, તજો તરછોડી;
મન મેળવી શીદ, મન ગમતી માયા જોડી;
મુકી મહા વનમાં નાથ જશોજી જ્યારે;
બળવંતા બેલી કોણ અમારૂં ત્યારે,
પતિ પતિવ્રતાનો ધર્મ, પરમ સચવાયે;
કરશો અળગી આ કંથ, પછે પણ જાયે.
હું ઝુરી ઝુરીને મરીશ જીવડો જાશે,
વાલમજી વ્હાલો સાથ, તે વેરી થાશે.
તમે નથી જાણુતા નાથ, પછીથી નડશે;
હું ઉભી રહીશ ત્યાં ભોમી ભારે પડશે.
મુગટ માથે ત્યાં સુધી મણીથી મુધી.
કર મુકશો ત્યારે હું, કુશકાથી સુધી.

જાળંધર—અરે પ્રિયા રૂદન કર્યા શિવાય મને આશિષ્ય દે કે હું રણસંગ્રામે જઇ દુશ્મનને પરાજે કરૂં.

વૃંદા—પ્રાણપતિ? તમે જે કામ ઇચ્છો છો તે કામ સુખેથી કરો. આપની પ્રતે અબળાનું કેટલું જોર, પણ વિચાર કરો પુંઠળ એક પુત્ર હોત તો મન વાળત "પ્રાણપતિ" આપ ગયા કેડે કાંટો તે વાડનો વેહેરી થઇ પડશે. પણ હવે તમારી મરજી થઇ તેમ મારે વર્તવું જોઇએ. (માળા આપી) હે પતિ તમારી દશો દિશામાં જય થશે, લો આ પુષ્પની માળા. તેમાંથી એક ફુલ કરમાય તો એમ જાણવું કે "વૃંદા" સત્ય ચુકી.

(૪૭) ગાયન ગીતી મરેઠી.

માયા મોહન તમને પીડે, વિશ વન્હી નહીં બાળે;
જળનું જોર ન ચાલે તમપર, ભુત ભૈરવ નહીં ભાળે.
સ્વામિ સત્ય કહું, હાય (૨) હું હાજર દાશી રહું;
ધ્રુ મંડળ ને મેરૂ ધ્રૂજે, દધી મર્યાદા મુકે;
શામ સમરનાં અ ગતી પામે, વૃંદા સત્ય ન ચૂકે,
ધરા શેશ ન ધરે, હાય (૨) સૂર્ય પશ્ચિમ ઉગે ખરે.

(૪૮) ગાયન રાગ સિતાજીના મહિનાનો.

મુજ ભવ ભોગી ભરથાર કે, વહેલા પધારજો;
પ્રિતમજી પ્રાણ આધાર કે, પ્રિત વધારજો.
મે તો થોડા દિવસને માટે, કે માયા બહુ કરી;
મન મેલા ન થાશો શામ, કહુ છું કરગરી
કંથ કોમળાયનું શરીર, સર કેમ સહન થશે;

ઇંદ્રાદિક આદિ શુર, ભવ ને બ્રહ્મા હરી,
સર શુશવતા સ્વામિનાથ, આવી અડે અંગમાં;
કયમ સહન થશે એ કથ, સ્વરૂપ અનંગમાં.
આ અબળા કેરાં કર્મ, કયાંથી આવી અડયાં;
પૂર્વ જન્મ કીધેલાં પાપ, મને અહીં તે નડયાં
તમે ચંચલ વરણી ચાલે કે, ચિત મારૂં ચોરીયું.
ખરેખર ખાંતીલા શામ, ખેંચી હવે દોરીયું.

જાળંધર—અરે! રહેવા દે તારો બકવા. મને જવા દે બહુ વખત લાગે છે.

વૃંદા—પધારો પ્રાણપતિ! વહેલા વળજો. યુદ્ધ કરી દુશ્મનને પરાજે કરજો (હાથ પકડી) પણ હે! પતિ!! કમળ ભોગ ભમરો જેમ સુકાએલ કમળ જોઇ તરછોડે તેમ મને તરછોડી રણસંગ્રામે જાવ છો તે મારૂં મન કબુલ કરતું નથી.

જાળંધર—(૪૯) રાગ લાવણી. અલી વેસ્યા જાને એ રાગ.

દુરજન દુરમુખી તું તો નાર, કાહર કર કર કરેરે;
કહું ઘણોયે હું કરીને પોકાર, કા.
બાહુ બળ નથી જાણુતી તું બાળ. કા.
વિષ્નુ વિરંચીનો આણું હું તો કાળ. કા.
લાજ વિનાનીને નથી કંઇ લાજ. કા.
આખી અવનીનું ભોગવું હું રાજ. ,,
મુક મુક મારો હાથ અજાણુ, ,,
બે વખત વાલી લાગે નહીં વાણુ. ,, (જાયછે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રસ્તો (લશ્કર પ્રવેશ કરે છે)

પ્રધાન—અએ ! મારા લશ્કરી લોકો તૈયાર થઇ રહેજો. હમણાં આપણા રાજા ધિરાજ આવતા હશે.

વિદુશક—છે કંઇ ઉચાટ. અમે તો કયારના અહીંઆં આવી ગપાટા સપાટા મારી રહયા છીએ. ને રાજા સાહેબતો પગજ ઉઠાવતા નથી.

જાળંધર—(પ્રવેશ કરી) અરે પ્રધાનજી ?? હવે આપણે મહુર્ત વહી જાય છે. માટે તાકીદથી રણસંગ્રામે ચાલો.

પ્રધાન—બહુ સારૂ મહારાજ. લશ્કર હાજર છે.

લશ્કર— (૫૦) ગાયન ઇંગ્રેજી રાહ.

ધર ધીર ધીર સરદાર, જાતેહેં, જાતેહે, જાતેહેં. સબ વીર. ધ.
ચક હેં ચલકાર ભાલા ઓર કટાર. ધ.
લડકેં હંમ, લડકેંહંમ, લડકેંહંમ, મારંગે તીર;
બાન હેં ગલોલ, બરછી ઓર ભૂગોલ;
ગરજે ધંમ, ગરજે ધંમ, ગરજેધંમભીર. ધ.

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

રસ્તો બીજો. (લશ્કર પ્રવેશ કરે છે)

જાળંધર—અયે સેનાપતિ આપણા લશ્કરમાંથી એક અનુચર મોકલો કે સ્વર્ગમાં જઇ ઇંદ્રને જાણ કર કે યુધ કરવા સામો આવે.

સેનાપતિ--બહુ સારૂ મહારાજ (ચંડવીરને) મારા ખરા સરદાર ચંડવીર તને આપણા રાજા જાળંધર જે આજ્ઞા આપે તે વર્તવાને તૈયાર થા.

ચંડવીર--બહુ સારૂ માહારાજ? જે આપના ફરમાવ્યા મુજબ કામ કરવા તૈયાર છું.

જાળંધર—હે દુત. તું ઇંદ્રની કચેરીમાં જઇ જાણ કર્ય કે સમુદ્ર સુત જાળંધર લડાઇ માગે છે, કારણ કે તેમના પીતા સમુદ્રની ચૌદ રત્નની ચોરી કરી તમે લાવેલ છો માટે લડાઇ આપો. નહીં તો રત્ન પાછાં આપો એમ નહીં તો ગામ મુકી નાશી જાઓ નહીં તો તમારૂં સ્વર્ગનું રાજ્ય ઊંધુ નાંખીશ આવું કહેજે.

ચંડવીર—બહુ સારૂ મહારાજ હું તેજ પ્રમાણે કહીશ. (જાયછે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ઇંદ્રનો દરબાર.

ચોપદાર—રાજાધીરાજ અમરપતિ ઇંદ્રરાય મહારાજને ઘણીખમા.

૫૧ ગાયન સાચુ એક બ્રહ્મ નામ એરાહુ.

અપ્સરા—રટણ રામ નામ કરો, દુઃખ દલન હારિ;
રાજમાં ઉમંગ રંગ, ગંત મધુર ગારિ. ૨૮.
અમરપતિ આપ કેરૂં, ભુજ બળ છે ભારી;
સમૃથ સુર નાયક છો, સોભીત છબ સારી. ૨૮.
ગાંધરવ ગીત ગાય ગુણે, નમન કરે નારી;
ચંચલ નૃપ રાખો ચર્ણ, વિનતિ સ્વિકારી. ૨૮.

ચોપદાર—માહારાજ? બહાર કોઈ દૂત આવેલ છે. આપની રજા

હોય તો અંદર આવવા દઉં.

ઇંદ્ર—સત્વર આવવા દો.

(૫૨) ગાયન અરે લાલદેવ એ રાહ.

અરે કોણ છે, આજ આવ્યો અહીં;
શું છે નામ સાચું, સુણાવો સહી.
નગર નામ તારૂં, વળી માત તાત;
વારંવાર કહું છું, વિચારી કહો વાત;

(૫૩) ગાયન ગજલ સમાલો તેગ અદા. એ રાહ.

ચંડવીર—સુણો સુરનાથ જોડું હાથ અરજ આજ કરી;
વદું છું વાક્ય વિમળ, ઉત્તર આપોને વરી. સુણો.
સમુદ્ર માંહી જે શુરવીર, પ્રગટ ધીર થયો;
વદું વિચાર મને "જાળંધરે" જે જે કહ્યો. સુણો.
તેના પિતાનાં રત્ન, હરણ કરી લાવ્યા તમે;
ચોરીનું ચાર્જ ચડયું, મૃત્યુ મુસ્તકે તો ભમે. સુણો.

ઇંદ્ર—શું તમને જાળંધરે મોકલ્યા અને વળી અતી ગર્વથી.

ચંડવીર—હા ! ભાઈ ચોરેલાં રત્ન પાછાં આપો જો ન આપો તો લડવા સામીલ થાઓ જો લડાઈ ન આપો તો નગ્ર મુકી નાશી જાઓ. અને વળી કહ્યું છે કે, મારી સામા લડાઇ કરતાં પૃથ્વિપર ટકી નહીં શકો.

ઇંદ્ર— **(૫૪) ગાયન પાપી ચુપ પાપી ચુપ એ રાહ.**

મોટો ભૂપ મોટો ભૂપ, મોટો ભૂપરે
એવો કોણ બળવાન, પામે મુજ પાસે માન;
ભુલે ભાન એ નાદાન. મોટો ભૂપરે.

જા જઈને કહેજે, તું કોનો દીકરો.
ક્યાં તારૂં સ્વસ્થાનરે. મો.
રહેજે ચુપ કહીએ ચુપ, રહેજે ચુપરે,
કેવો તું છે અજાણ, ખોવા આવે છે પ્રાણ;
નહીં શાન ઓ હેવાન. રેહેજે ચુપરે.

અરે દૂત! જઈને કહે જે ! કે અમરાપુરની વાંછના રાખતો હોય તો ભલે. અમરાપુરને શાટે હું તને યમપુરીએ પહોચાડીશ. ફરી ફરી આવો મનુષ્ય દેહ નહીં મળે. માટે મરવા સારૂ શીદ મારી પાસે આવે છે ને રત્નાગરમાંથી રત્ન કંઇ તેના માટે કાઢ્યાં નથી.

ચંડવીર—બહુ સારૂ રાજા હું જઇને તેજ પ્રમાણે કહીશ. (જાયછે)
ઈંદ્ર—(યમ દેવને) અહો યમદેવ હવે આપણું લશ્કર તૈયાર કરો.
યમ—બહુ સારૂ ! રાજા ધિરાજ સર્વ દેવ તૈયાર છે.
ઈંદ્ર—દેવો. હવે આપણા દુશ્મનોપર લઢવા કેવી રીતે જવું તેની સગવડ અગાડીથીજ કરવી જોઇએ. ચાલો (જાયછે)
ચોપદાર—કચેરી બરખાસ્તપે નીધા કીજે મહેરબાન સલામ.

પ્રવેશ ૩ જો.

સ્થળ—પ્રથમ જંગલ.

(૫૫) ગાયન સુનલે બીબી બાત અમેરી એ રાહ

દેવલશ્કર—સઉ સરદાર હથીયાર સજીને. ચુપ ચાલો ચટચટચટ;
કમાન કાતી બરછી બાણે, કાપો દુશ્મન ફટ ફટ ફટ.
ફરદે ફોજ ફેલાવ કરીને. ટકે મારો ફટ ફટ ફટ.
માન્ય મુકાવી મુસ્તક કાપી, મારો લાવો ઝટ ઝટ ઝટ.

(૫૬) ગાયન સરકાર અતિ સુભાગ્યે એ રાહ.

ઇંદ્ર—ઘરબાર તજી હથીયાર સજીને, આપ મળ્યા આવાર;
ધન્ય ભાગ્ય ઉદયનો દિવશ બન્યો છે, આજ ઘણો જયકાર.
દઇ. દઇ, દઇ. દઇ, દઇ, દઇ, દઇ, દઇ, દયો દુસ્મનને ફટકાર;
હુંશીયાર હવે ના કાયર થાશો. રહેજો સઉ હુંશીયાર.
સુખના ભરીયા સઉ નિસરીયા, અમરાવતીથી આહાર.

પ્રવેશ ૪ થો.

સ્થળ—સ્વર્ગનો કિલ્લો.

જાળંધર—અરે!!! સામર્થ થા (ગદા પછાડે છે) અએ શુરવીર યોદ્ધાઓ શું જોઇ રહ્યા છો. ઝુકી પડો અને ફત્તે મેળવો.

ઇંદ્ર— **(૫૭) ગાયન દાદરો જા નફ્ટ ફટફટ એ રાહ.**

શું ચટ, પટ, લટ, પટ, ખટ, પટ. ઝટ પટ કરીછે રત્ન લેવારે. (૨)
પ્રાક્રમ જો પર્મ ધરીને નિજ ધર્મ, કરાવું સર્વને શેવારે. શું.
દૂર દૂર રહેને દૂર બાહુ બળ મુજ છે ભરપુર, દાગ તુજને દેવારે;
દુષ્ટમતિ દાનવ તમો છો. ઝાંખુ હું ચોરની જેવારે. શું.

જાળંધર—(૫૮) ગાયન ધીખ સુઝી મતી શી આ (એ રાહ)

વદે આવી વાણી શું તું નકામી, કપટથી કંઇ ન વિચારી;
રત્ન લીધાં રાજ ધારી, ભલો થયો તું ભીખારી તુચ્છ ટુંકો મતી
તારી. વદે.

ભૂલ ભૂલ મોટી ભૂલ કાપી ચાંપી નાખું કુલ શાથી પ્રગટાવ્યું શૂર
ઓ હયવાન છોડી શાન ભૂલી ભાન તમે થયા છો નાદાન
ધર્મ નહીં ધાર્યો. દુષ્ટ ચોરી કરી મારી. વદે.

ઈંદ્ર— બેત.

તું તસ્કર તું ચોરટો, લંપટ લોભી આજ;
રત્નાગરથી નીકળ્યા, કાઢ્યાં નથી તુજ કાજ.
તપાસ કરજે તરવારોના, પડે છે ઘા પરનાણ;
શીર વિનાનું શરીર તારૂં, પાડું હું પેંછાણ.
(ખુબ લડાઇ થવાથી દેવ હારી નાશી જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રસ્તો.

જાળંધર—શાબાશ! શીરદારો તમે ખુબ મેહેનત કરી છે ધન્ય છે તમને.

પ્રધાન—એમાં શું મોહોટું કામ હતું માહારાજ.

વિદુશક—ખરી વાત એ તો કંઇ કલમ પકડી આડી અવળી લીટીઓ નથી ખેંચવી. તમારા લશ્કરમાં આ મુર્તિ ન હોતતો બધાએ ધાડ મારત.

સેનાપતિ—ગુસ્સેથી. શુગને કાયર કરનાર માણસ શા માટે સેનામાં જોઇએ ભાઇ મશ્કરી ઠેકાણે મશ્કરી ચુપ રહે મુક તારો બકવાદ?

વિદુશક—ખરી વાત સેનાપતિ કાયર તો નહીં પણ ઝાહેરખબર આખા ગામમાં આજ મેં સાંભળી કે પ્રધાનશ્રી કે જમાદાર સુધીની બઇરીગો લાંબા ઘાંટાથી રોતી હતી કે અમને મુકીને કયાં જશો? રે છૈયાનાં ઓ બાપા તમને અબળાઓના અપરાધ લાગશે રે હુ હુ હુ હુ. એવા સરાપ તમારી સ્ત્રીઓના થયા તો તમે કયાંથી બચશો. આપણે તો એકજ એક બાઇડી છે માટે ઘેર જઇશું.

જાળંધર—હવે ચાલો ભાઇઓ ? પેલા ઝાડ નીચે બેશીએ.(જાયછે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—બ્રહ્મ સદન.

(ઇંદ્ર પ્રવેશ કરે છે.)

ઇંદ્ર—(બ્રહ્માને) માહારાજ ! મને પૂર્વનું વચન આજ નડયું.

બ્રહ્મા—અરે ! ઇંદ્ર શું સંકટ છે બોલ ગભરાઇશ નહિ.

ઇંદ્ર—માહારાજ ! જાળંધરે આવી મારૂં સૈન મારી નાખ્યું, મારા નગ્રમાં પ્રવેશ કરી મને કાઢી મુકયો અરે માહારાજ તે પુરૂષ કાળથી પણ જબરો છે. માટે મારૂં બળ તેની પ્રત્યે ચાલતું નથી.

બ્રહ્મા—અરે ! ઇંદ્ર એ વાતતો તું કંઇ બીજે જઇ કહે ? કેમકે તે વાત સાંભળું છુ કે મને ચટપટી થાય છે અરે ! ! ! ભાઈ ! ચાલ આપણ બન્ને મળી ભગવાન પાસે જઇએ.

ઇંદ્ર—બહુ સારૂ ! ત્યારે ઝટ ચાલો માહારાજ. (જાયછે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો.

(દેવ લશ્કર પ્રવેશ કરે છે.)

કૃસ્ન—અરે ! દેવ ચાલો તમે ગભરાશો નહિ. આજ આપણે સાંમટા યુદ્ધ કરીએ કોઇ પાછી પાની કરશો તો આ સુદર્શન ચક્ર વડે તમને મારી નાખીશ.

યમ—માહારાજ ! તે દૈત જબરો છે માટે તે તમારાથીજ જીતી

શકાશે

ક્રુસ્ન—અરે ! શું ડરોછો ચાલો જઇને મર્ણ પમાડીએ. (જાયછે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—પ્રથમ જંગલ.

(ઠાકરડાંનું ટોળું પ્રવેશ કરે છે)

(૫૯) ગાયન રાગ ખબરદાર રહેજ્યો.

ઠાકરડા—અલ્યા ભેંમણો જયંગ વાગે છે.

ભયંગ વાગે છે ભારે, બાવોજી થાય છે ફાળે. અલ્યા.
ઓલ્યે ડાળે કાકો રામચંદર બેઠા, પેલે ડાળે ફુઇ હીતા.
લાંબાં તે લાંબાં ટીલાં તાણીને, પેલા ભાંમણ ભણેછે ગીતા. અ.
ડાફે તે ખુણે ડામચીઓને, જમણે ખુણે ઘોડી;
ચેતવું હોય તો ચેતી લેજ્યે, અલ્યા રાતો રહી છે થોડી. અ.
ભામણાંની ભેગા આપણ ભળીને, ભારે ભગતડા થાઇયે;
ટીલાં વાળાને વેમાન આવે તો, ટાંટીયે વળજ્યા જાયે. અ.

રાધુજી—એ ??? હેંમતાજી ઇફા આવજો. આંય લઢાઇ થાયસેં.

હેંસતાજી—બંદુકના ભડાકા થવાશી. મીરાં દાતારના હમ. હું લઢાઇમાં ના આવાનો.

ઘેમરજી—અલ્યા નાહોલ્યા નાહો. બંદુકોના ભડાકા થાયસી. (જાયછે)

પ્રવેશ ૯ મો.

સ્થળ—છાવણી.

(દેવ દાનવ લશ્કર.)

ક્રુસ્ન—હે ! દુસ્ટ જોજે આ મારૂં ચક્ર (મારે છે નીસ્ફળ જાયછે.)

જાળંધર—અરે ? તમે કોણ ક્રુસ્ન ભગવાનકે.

ક્રુસ્ન—અરે ! હા દુસ્ટ હું ક્રુસ્ન ભગવાન ઓળખજે.

જાળંધર—અરે કૃશ્ન મને સગપણ શોધી પછે મારો કેમકે મારી બેન લક્ષ્મીના તમે પતિ તો તમે મારા બનેવી થાઓ, માટે તમારે મને સાહ્ય થવું જોઇએ કે મારવો જોઇએ ?

(૬૦) ગાયન રાગ તીલાનો.

આલ મડાભર એ રાહ.

કૃસ્ન—સગું શાનું શાણા કહેને આ વાર,
હાર મારી કરૂં હું તો તુને હાર;
વેરણ વેરણ વેરણ છોજી શાળા. સગું. ૧
કરે કાલાવાલાથી શું થનાર,
વાર નહિ લાગે જરી મને વાર;
હેંવાન હેંવાન હેંવાન છોજી શાળા. સગું. ૨

(૬૧) રાગ જનકૃત્ય કરે જેવાં. એ રાહ.

જાળંધર—વદો આવું વચન આ વાર, છે ધીકકાર. ટેક.
શું શાળાને સંતાપ, પણ તેમાં છે બહુ પાપ;
ચતુરભુજ લઇને ચાપ, વડવા આવ્યા આ વાર. છે.
દીલમાં ધારી દુશ્મન, જોરેથી જુગજીવન;
છું તમ સસરાનો તન, વળી તેની કરવી વાર. છે.

બેત.

કૃસ્ન—ફરી પ્રાક્રમ કર દેખાડો, જોઉં બળ છે કેવું;
સગપણ સવારીયા હેવા અમે, શાળાનું શીર લેવું;

બેત.

જાળંધર—હવે નહિ છોડું હરજી, પામાડું હું હાર;
જુઓને જુગજીવન, બધું સેંન કરંછું હાર,

(ખુબ લડાઈ થવાથી જાળંધર શુક્રાચાર્યને યાદ કરે છે,)

પ્રવેશ ૧૦ મો.

રસ્તો.

શુક્ર—(પ્રવેશ કરી) આજ કાલ સજીવન વિદ્યામાં એક હુંજ કુશળ છું. બાકી બીજાઓ શતા નથ. (જાળંધર પ્રવેશ કરે છે. તેને જોઇ) અરે! ભાઇ કોણ છે.

જાળંધર—માહારાજ? હું આપણો શીષ્ય જાળંધર આપને નમન કરૂં છું.

શુક્ર—કલ્યાણ! ભાઇ! કેમ ગભરાયલો છે.

જાળંધર—માહારાજ! મારૂ લશ્કર ભગવાને મરણ પમાડ્યું. આપ જેવા મારે માથે ગુરૂ છતાં મારૂં સેન્ય મર્ણ પામે તે શું સારૂં કહેવાય?

શુક્ર—ધૈર્ય ધર રાજા તારા જેટલા યોદ્ધ મર્ણ પામે તેટલા મારી પાસે મોકલાવજે કે હું સજીવન કરી તારી તરફ મોકલીશ.

જાળંધર—બહુ સારૂ માહારાજ! હું તેમ કરીશ.

શુક્ર—તું તો તારૂં સૈન્ય કહે છે. પણ બીજી શ્રષ્ટી પ્રગટ કરૂં એટલી મારામાં સત્તા છે.

જાળંધર—માહારાજ! નમસ્કાર! હું જાઉં છું (જાય છે શુક્ર પણ જાય છે.)

ભગવાન—(દેવ લશ્કર પ્રવેશ કરતાં ઇંદ્ર પ્રત્યે) અરે! ઇંદ્ર હવે તો માર સહન થતો નથી મારાં તો. હાટકાંજ નરમ કરી નાંખ્યાં.

ઇંદ્ર—તમો તો તમારૂં કહો છો પણ અહીં કોનાં સાજા છે. કોઇ હવે એક લપડાક મારે તો હું ભોંય પડી જઉં.

યમ—માહારાજ! મેં તમને નહોતા વાર્યા કે ગર્વ ત્યાગ કરો. પણ મારૂં કહ્યું તો માન્યુંજ નહિ ને ઘોડે ચડે તે પડે.

બ્રહ્મા—ભાઇ! તમારી પંચાતમાં હું કુટાઈ ગયો, મેં તમારૂં શું લઇ ખાધું હતું કે મને આ દુઃખ પડયું.

ગરૂડ—ત્યારે પ્રભુ આનો શો ઉપાય કરવો.

કૃશ્ન—ભાઇ હવે આપણ સર્વ મળી કૈલાશે શંકર પાસે જઇએ તો કાર્ય સિદ્ધ થાય.

પ્રવેસ ૧૧ મો.

સ્થળ—છાવણી.

નારદ—(૬૨) ગાયન તેરો ચરખો બોલે રામ નાસ. એ રાહ

મન ઓ મતવાલે, તોરી કાયા છોડે ઠામ ઠામ, ગત ગઇરે ગતગઇરે. ટેક
પલ પલ છીન છીન જાય જનમારો, વળી વળી વાહાણું વાય;
ચેતનહારા ચેતન હો જાએ, કાળ કપટ તેં ખાયરે. મન.
જન્મ હુવા જબ બચન દીયાથા, સુમરીશ તોકું શામ;
પુન્ય દાનકો પાર ન રાખું, કરીશ હું ઉત્તમ કામરે. મન.
પડયો માયા કે પાસ ઓ જીવડા, ચઢયો ચોરાશી ખાણ.
સત્યેહિ સીતા રામ બિસાર્યો, જું મ્રગ ફીરે અજાણરે. મન.

જાળંધર—પધારો નારદજી રૂષિ. આપનું પધારવું ઘણા દિવસે થયું મારા ઉપર બહુ કૃપા કરી આપને જોઇ હું ઘણો પ્રસન્ન થયો છું.

નારદ—કલ્યાણ જાળંધર! કલ્યાણ! અલ્યા મેં એવું સાંભળ્યું છે કે દેવથી તું યુદ્ધ કરે છે તે વાત શું ખરી છે?

જાળંધર—માહારાજ! મારા રત્નની ચોરી કરેલ છે, તેટલા માટે યુધ્ધ કરૂછું.

નારદ—અલ્યા તેં ખોટું કૃત્ય આદર્યું. ભાઇ મારો તો જીવ બળે માટે કહેવું પડે. પણ તને ગમ્યું તે ખરૂં. પણ હે જાળંધર! આજ થોડા દિવસ ઉપર મારી નજરે એક મનોહર સ્ત્રી આવી. તે સારી અને તારા રાજ્યને શોભાવે તેવી છે. તે સ્ત્રી તારા ઘરમાં નથી ત્યાં સુધી તારૂં જીવવું વ્યર્થ છે.

જાળંધર—અરે! વાહ!!! તે સ્ત્રી શું ઘણી રૂપાળી છે.

નારદ—તેના વખાણ હું શું કરી શકું? કેવી રૂપવાન કે.

(૬૩) છંદ મનહર.

કામનીના કેશ જોઇ શેશ તો પાતાળ ગયો,
ચંચલ મનોહર સુ ચપળા ચતુર છે.
ચંદર બદન મુખ, ચંચુ સમ નાશીકા જુ.
સિંહલંકી સકુમાર મદ ભરપુરછે
કંબુ કંઠને કોકીલ જેવો સ્વર સારો અતિ;
હંસ ગતિ ગુણ ઘણો, ઇશ્વરી અવતાર છે.
લક્ષમીથી લાખ ઘણી શોભા તે સુંદરી તણી;
મેલો ઘેલો માહાદેવ તેનો ભરથાર છે,
તેજ પુંજજો તારૂણી એ તુજને ભરતાર ઇચ્છે;
પારવતિ પાવન તે સુંદરીનું નામ છે,
પરણેલ પતિ મુકી વળી વરવાને ચાહ્ય;

માટે મારૂં વચન આ માનવાનું કામ છે.

જાળંધર—રે! રૂષિ રાજ. તે સ્ત્રીએ કઇ મારા વિશે કહેલું છે.

નારદ—અરે! ભાઈ જાળંધર મારી પાસે લેહેણું જોવડાવ્યું તો તમારે ને તેને વિશ વશા લેહેણું છે, ઝટ જઇને લઇ આવશો તો સારૂં, નહિતો કોઈ દહિલ તેનું હરણ કરી લઇ જશે.

જાળંધર—અરે! રૂષિ તે નારીનો પતિ નિર્બલ છે કે બળવાનછે.

નારદ—ભાઇ! તેતો જંગી ભૃંગી, રાખોડીયો, વ્યસની, દરિદ્રી, ને રાંક છે તો તેને ગમતો નથી; તેથી તે સ્ત્રી તારા પર બહુ આશક છે. હવે હું જાઉં છું (જાયછે.)

જાળંધર—અરે! મારી પાસે ચતુર પૂરૂશ કોઇ નથી. માટે હું સાથે સંદેશો કહું કે તે સ્ત્રી મારા સ્વાધિન થાય.

નારદ—(એક બાજુ પ્રવેશ કરી રાજા જાળંધર મનની અંદર શોશના કરે છે માટે લાવ હું રાહુને તેની પાસે મોકલું કે તેને રાજા કૈલાશમાં મોકલશે એટલે શંકર ખીજવાશે.ત્યારે લડાઇની બડી ગમત આવશે તે વિના આપણો દિવસ ફોકટ (જાય છે.)

રાહુ—(પ્રવેશ કરી જાળંધરને) ભઈ મને કેમ સંભાર્યો.

જાળંધર—ભાઇ! રાહુ તમે સારૂં કામ કર્યું કે મારીપાસે આવ્યા.

રાહુ—ભાઇ? મારૂં જે કામ હોય તે મને કહો.

જાળંધર—ભાઇ તમે મારા ખરા મિત્ર હોતો ગિરી કૈલાશે જઇ સંકરને એવું કહો કે અલ્યા જગી ભ્રંગી, રાખોડીયા તારી પાર્વતી સ્ત્રીને જાળધર પાસે મુકી આવ, તે સ્ત્રી "જાળંધર" ને શોભે તારે શોભે નહી. જો નહિ સોંપે તો કઇલાશ

ઉજડ કરીશ. હેવું કહેજો.

રાહુ—હું જાઉંછું રાજાજી તે પ્રમાણે કહેવા હું હિંમત ધરાવુંછુ
(જાય છે)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—રસ્તો.

જેકણદા—ઓ હેકો હેકો હબ દેઇને ચાં જાઓ અમીચંદા.
(હોકો લઇ આવે છે.)

અમીચંદા—હું કાં સોં જેકંદા. કહી નાંખો.

જેકણદા—ભીયા હોકો ઓકો ભરીને લાયા સોં કેની.

અમીચંદા—હાને કહુશીને ભર્યો ભાળતા નથી.

(૬૪) ગાયન આહા શી મજાની લેહેર એ રાહ.

જેકણદા— } વાહ! વાહ! વાહ! રે! હેકકા વાહ!
અમીચંદા— } ચેવી પડે છે મજા.

હર હોકોને નેના રાંણ, તુ ચ્લમ ચતરભજ જાણ;
કાશી જઇને હું કરે, ઘર બેઠે તમાકું તાણ. વાહ! ૧
હોકો હોકો શું કરો ભાઈ હોકાની છે માયા;
હોકાના પાણીમાં પડયા તો ગંગાજીમાં નહયા વાહ! ૨
કોઇને સુંગી કોઇને તાણી, કોઇને લીધો વાશ;
તમાકુની નીંદા કરે તો જાય સત્યાનાશ. વા.

જેકણદા—ઓ અમીચંદા. પેલા દેરીયાવારા શેનરનો લપોત કરવો સે કે નથી કરવો.

અમીચંદા—તારે જુઓકને પેલા હાંમા ઘરમાં માહતર શાબ રહેતા અહે.

જેકણદા—હું બોલાવું તો ખગે (ઉંચા સ્વરથી) એ માહતરશાબ ઓ માહતર શાબ તમારૂં ઈસ્ટોલ ઉઘાડજો મારે અજીઠું ને લપોત કરાવી લપાલમાં નાંખવો છે.

અમીચંદા—જુઓ કે બીયા માહતર તો બોલતાજ નહીં ને. ઇની બુનુ માહતર તો બુધાં મગે છે.

જેકણદા—અલ્યા એમ બોલેની હમણાં પેલો સપાટો હાંભળશે તો માહતરને કેહેતો હાટકાં ભાઙી નાંખશે.

અમીચંદા—હડો હડો અહીં લપોટ નહી કરી આપે તો "શીપતર" જાહું.

જેકણદા—અલ્યા હેંડ હેંડ હબ દેઇને (ચલમ પડી જાય છે) ધની બુનું બળ્યું આ ચલમનું ઠીકરૂં. પગ બાળી નાસ્યો.

અમીચંદા—ચમ ઠીકરૂં કોંસો. આતો માતાજીનો પાલો છે.

જેકણદા—માતાજીજ પીવા બેહી રહી હએ તો બીયા. વહણુ માતર ખોટુ આપડા રોટલા હારા.

અમીચંદા—હેંડ હેંડ હવે ઉતાવળો (જાય છે)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—કૈલાશ.

રાહુ—(પ્રવેશ કરે છે)

શંકર—અરે! તું કોણ છે અને ક્યાંથી આવ્યા.

રાહુ—માહારાજ! મારૂં નામ "રાહુ" છે. મને જાળંધરે મોકલ્યો છે.

શંકર—વારૂ? શું સંદેશો લાવ્યો છે ઝટ કહી દે.

રાહુ—માહારાજ ! રાજા જાળંધરે કહાવ્યું છે કે તમારી પાર્વતિ તેને સોંપી જાઓ. અને તે સ્ત્રી તમારે રાખોડીઆને ન શોભે. જો નહિ સોંપોતો કૈલાશ ઉજડ કરીશ. એ પ્રમાણે કહ્યું છે.

શંકર—(ગુસ્સામાં) અલ્યા મારાથી ઉત્પન્ન થયો. માટે પાર્વતિ તેની જનેતા થઇ. જો પૂત્ર થઇ. કુદ્રષ્ટીથી મા સામું જુએ તો અઘોર નરકમાં પડે. હવે એનુ મૃત્યુ નજીક આવ્યું છે. (ગણોને) અરે ! ગણો !

ગણ—શું આજ્ઞા છે. કૃપાનિધાન

શંકર—મારી કાઢો આ રાહુને! નિકાળ દો બહાર. (મારી કાઢી મુકે છે)

ગાયન (૬૫)

સર્વ દેવ--(પ્રવેશ કરી) પતિ તણું પ્રભુ પાળક તું એ રાહ.
રતિ કરમની રહી કંમ કંમ. ટેક.
અરે દેવના દેવ અવિચળ, કરો સાહ્ય અમારી;
ખમી રહેવાતું નથી જરા, ખાઇનેજ ગમ. રતિ.
અંમરપતીને માર્યો અપાર, કરો તેની વ્હાર ગુણના ભંડાર;
સા. રે. ગ. મ. પ. ધ. ની. રતિ.
જાળંધર જબરો યોધ્ધો કોઇ, પ્રગટ થયો પ્રથવિમાં;
ધરે જો પાય ધ્રુજે છે ધરતિ ધંમ ધંમ. રતિ.
અર્જ ગુજર કરીયેછે અપાર, તેની કરો વાહાર છૈયે બહુ લાચાર;
સાસારે, રેરેગ, ગગમ, મમપ, પપધ, ધધની, નીનીસા. રતિ.

શંકર--અરે દેવો ! ચાલો હું લઢવા માટે આવુંછું (પાર્વતિને) અરે! પાર્વતિ આજ હું લઢાઇ કરવા જાઉંછું. શાથી કે તે દૈત

હૈયાને પીડા કરે છે. માટે તેની સાજા કરવી જોઇએ. માટે મને વિદાય આપો.

(૬૬) ગાયન નાજુક ખરેસેં સુંદર નારી એ રાહ.

પાર્વતિ—પંચ વદન કહું છું પોકારી, તરછોડશો નહિ ત્રીપુરારિ;
પારકી પીડામાં તમે શીદ પેંસો, દેવ નાખશે દાણ ઉતારી. પંચ.
પેટ ચોળે પ્રભુ શૂળ પ્રગટશે, વાણા વચન વદું છું વારી. તર.
કરપાદ ફંદમાં ઘાલી સદાશીવ, પ્રાણી પ્રાણ શકે શું ઉગારી. તર.
સ્વામિનાથ! દેવ દગો. કરી તમને એકલા મુકી નાશી જશે.

શંકર—અરે! પ્રિયા! પણ જાળંધરે કહ્યું છે કે તું લઢવા નહિ આવે તો તારી પાર્વતિ ઉપાડી જઈશ એ મુજબ કહયું છે.

પાર્વતિ—અરે! સ્વામિ ત્યારે તો રડયાને ઝટ જઇને મારો.

શંકર—અરે! મારા નંદી ગણો તૈયાર થાઓ.

ગણ—માહારાજ! શું આજ્ઞા છે.

શંકર—જાઓ "જાળંધર" ને કહો કે "માહાદેવજી" યુદ્ધ કરવા આવે છે.

ગણો—બહુ સારૂ માહારાજ. અમે જઇએ છીએ. (જાય છે)

પ્રવેશ ૧૪ મો.

પ્રથમ—જંગલ.

જાળંધર—જોયું પ્રધાનજી રાહુ રોતો રોતો આવ્યો. એનાથી શું થાય (ગણને આવતો જોઇ) અરે! ભાઇ તમે કોણછો.

ગણ—માહારાજ! મને શંકરે મોકલ્યો છે. ને કહ્યું છે કે લઢવા માટે સમર્થ થાઓ.

જાળંધર—અરે! હાય. શું એવું કહ્યું છે. ચાલો સુભટો આજે

પુસ્તક કોરે મુકી ઝુડી પડો. જટીલને ઠેર મારી પાર્વતિ પ-
ડાવી લઇએ. (જાયછે)

સર્વદેવ—(પ્રવેશ કરી ઇંદ્રની પ્રત્યે ભાષણ કરતા ચાલ્યા જાયછે)

યમ—આજ તો શંકર આપણી મદદમાં છે માટે દુસ્ટનો સંહાર
જરૂર થશે.

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—છાવણી.

જાળંધર—(શુક્ર પ્રત્યે) હે! ગુરૂ શુક્ર આજે એવું મહુર્ત જોઇ
આપો કે જટાલ જીતાય ને પાર્વતિ મારા હાથ આવે.

શુક્ર—અરે! ભાઇ. અત્યારનું મહુર્ત બહુ સરસ છે.

જાળંધર—હે! માહારાજ! હુતો આપની કૃપાથી જીતુંછું, પણ
મારા દહીત મરે તેટલા સજીવન કરજો.

શુક્ર—અરે! જા ફીકર રાખીશ નહિ. કોટી કલેવર પ્રગટ કરીશ.
(દેવનું લસ્કર બાજુપર પ્રવેશ કરે છે.)

કૃસ્ન—હે! કૃપાનિધી શંકરા. જ્યાં સુધી જાળંધરની સેન્નામાં શુ
ક્રાચાર્ય છે ત્યાં સુધી દહિત જીતાવાનો નથી. શાથી કે તે
મર્ણ ગયેલા મનુષ્યને સજીવન કરે છે.

શંકર—કૃસ્ન ત્યારે તેનો શું ઉપાય કરવો.

કૃસ્ન—કોઇ ઠેકાણે હેવા સંતાડીએ કે જડેજ નહિ. ત્યારે લડવું
ફાવે.

શંકર—વિષ્નું તમે શુક્રને પકડી મંગાવો. એટલે હું એક શક્તી
પ્રગટ કરૂં છું તે શક્તી શુક્રને ગળી જશે.

કૃસ્ન—બહુ સારૂ. હું ગરૂડ પાસે શુક્રનુ હરણ કરાવું છું. (ગરૂ

ડતે) હે! ગરૂડ. છુપકેથી શુક્રને પકડી મારી પાસે લાવો.

ગરૂડ—બહુ સારૂ (લાવે છે) માહારાજ? આ શુક્ર લાવ્યો.

શંકર—(પ્રગટ કરેલી શકતી) અહો ! મારી પ્રગટ થએલ રાક્ષ
શી તું શુક્રને ગળી જા.

રાક્ષસી—હો! હો! હો! હો! શંકરા. હું સત્વર ગળી જાઊંછું.
(ગળી જાય છે)

શંકર—પણ હે! રાક્ષસી શુક્રને માગું તે વખત હાઝર કરજે)

રાક્ષસી—બહુ સારૂ ! પાછી સોંપીશ. હો. હો. હો. હો. હો.
(જાય છે.)

કૃસ્ન—હવે ઠીક થયું. શુક્રની સજીવન વિદ્યા ભ્રષ્ટ થશે.

જાળંધર—(શુક્રના જવાથી ચમકી) અરે! પ્રધાનજી આપણી સૈં
ન્યામાંથી શુક્ર ક્યાં ગયા. આશો ચમત્કાર તપાસ કરો.

પ્રધાન—અરે! સૈન્નાપતિ શુક્રને ખોળી કાઢો.

સેનાપતિ—માહારાજ ! આ જઇએ.) (જઈ પાછા આવે છે)
માહારાજ અમે જંગલે જંગલ ભમ્યા. પણ કંઈ શુક્ર જડ
તા નથી.

જાળંધર—અરે! ઇશ્વર આશો ગજબ હવે શુક્ર પણ ગયા. બસ
બસ. હવે ગભરાવવું તે ફોકટ છે. અએ! યોદ્ધાઓ સ-
જજ થાઓ.

(૬૭) **ગાયન. ગમકી ઝવારી એ રાહ.**

જાળંધર—ભ્રંગી ભીખારી ભોળાશંભુ, ભુત ભૈરવછે સંગસંગસંગ;
ધીરજ ધારી વંદુ વિચારી, રણમાં રાખુ રંગ રગ રંગ.
કૃસ્ન મોરારી ને ત્રિપુરારી, ઠેઠ સુધી તમે ઠગ ઠગ ઠગ

મરજી મારી જીવ લેનારી, શું તાકો તમે ટગ ટગ ટગ.

(૬૮) ગાયન તોરાહા વરદ્દા દારીયા એ રાહ.

શંકર—ધિક્કાર ધિક્કાર તુંને છે ધિક્કાર પ્રાણુ કાહાડું તારા.
રે રૂધિરની ધારા, કામ કીધાં નઠારાં;
તુકડા વારા તારા, તોંય માને મન મારા. ધિ.
તું જોને પ્યારા હાથે મારા પ્રાણુ તારા.
કાઢું કટકટ લેશ માત્ર ન સારા સારા.
સંસારના અંધકારમાં ન્યારા. ધિ.

જાળંધર— બેત
મોકલ્યો મેં દાસ મારો, તેને માર્યો માર;
માતા નથી શંભુ એતો, પારવતી મુજ નાર.

શંકર— બેત.
પુત્ર થઇને જનેતા પર, કુદ્રષ્ટીથી જુએ;
નર્ક કુંડમાં વાસજ તેનો, રઝળી રઝળી રૂએ.
દુષ્ટ ભાષણુ દહીત, આવાં કાઢે છે શું મરવા;
જો જે હવે હાથ મારા, એક ન દઉં ઉગરવા.

(ખુબ યુધ્ધ થવાથી દેવ માહાદેવ નાશી જાય છે જાળંધર-નું લસ્કર તેની પુંઠળ મારવા દોડે છે.)

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—મુસાફર ખાનું.

(દેવ મંડળી ભેગી મળી જાળંધરનું મર્ણુ શોધી કહાડવા પ્રયત્ન કરે છે.)

શંકર—વિશ્નુ હવે આવતી ફાસે અમે યુદ્ધમાં નહિ આવીએ. કારણુ કે અમારાં તો હાટકાંજ નરમ કરી નાખ્યાં છે.

ક્રૃશ્ન—અરે! ભોળાનાથ. હીંમત રાખો કાહયર કેમ થાઓ છો? તમે દેવના દેવ છતાં કેમ ગભરાઓ છો?

શંકર—અરે! ના ભાઇ ના. હવે તો યુદ્ધની આશા મુકી બેશીજ રહો મને તો ખાત્રી પડે છે કે તે "પાર્વતી" ને લઇ જશે. એમ થશે તો હે!!! "ભગવાન" તમારી લક્ષમી હું લઇશ

ક્રુશ્ન—વાહ! વાહ! શંભુ આમ બોલવું તમને ઘટિત છે.

શંકર—અરે! ભાઇ. આજ મારા પંડનું મેં પાણી બેલ્યું ને જેમ આંખો ફોડી ઔષધ અંજન કરે તેમ કર્યું માટે હે! વિસ્નુ હવે તમે પાર્વતિને કંઇ ભોંયરામાં સંતાડી આવોતો ઠીક.

ક્રુશ્ન—બહુ સારૂ માહારાજ? જાઉંછું (જાયછે).

શંકર—અસુર ભગવાન તમને એ કામ સોંપાય નહીં. તમે તો વ્યભિચારી છો. માટે પાર્વતિને કંઇ લઇ જાઓ. (બ્રહ્માઉઠીને)

બ્રહ્મા—શંકર! હું જવા તૈયાર છું.

શંકર—નહિ દુષ્ટ તું પણ નહીં તને તો પુત્રીનું લાંછન છે વળી દક્ષ પ્રજાપતને ત્યાં યજ્ઞ થતાં તારૂં વિર્યપાત થયું હતું માટે

તું પણ નહી હવે તો હું જાઉં છું |(જઇ આવે છે.)

કૃશ્ન—કેમ શંભુ પાર્વતિ સંતાડી આવ્યા કે ?

શંકર—અરે! હા ભાઇ હા ! સંતાડી આવ્યા.

કૃશ્ન—ચાલરે ! ચાલ ! હું પણ મારી લક્ષમીને છુપાવી આવું.

(જઇ આવે છે)

બ્રહ્મા—કેમ વિશ્નુ! તમે પણ સંતાડી આવ્યા કે ?

કૃશ્ન—અરે ! બંન્ધુ કંઇ છુટકો છે.

બ્રહ્મા—ત્યારે હું પણ મારી સાવિત્રીને છુપાવી આવું.

કૃસ્ન—શાબાશ છે ! સઉ સઉનું કામ નિચંત કરી બેઠા. માટે તો કીદથી યુદ્ધ કરવા માટે તૈયાર થાઓ.

શંકર—અરે! નાના. ભાઇ ! ના. એતો વાતજ કરશો નહીં. હવે તેના મર્ણ કૂંચી ખોળી કાઢીએ. ત્યારે મર્ણ થાય માટે રે ! વિશ્નું આપ ચતુર શીરોમણીછો. માટે તેનો કઇ ઉપાય ખોળી કાઢો.

કૃસ્ન--શંકર. તમે તો "અજન્મા" છો. અને હુંતો પ્રાણી છું. માટે તમે સુખેથી "કૈલાશ" જાઓ હું મારે ઠાગો કરી જાળંધરને હણું છું.

શંકર—બહુ સારૂ (દેવને) ચાલો! દેવો! (સપળા જાય છે વિષ્નુ ગરૂડ રહે છે)

કૃસ્ન—(મનમાં) અરે! શું વિચાર કરવો એ દહીત કોઇથી ઝીતાવાનો નથી પણ વાહ! હું કેમ ચુકું છું. મારા ઘરની સ્ત્રી તે "જાળંધર" ની બેન થાય. કારણ કે તે પણ સમુદ્રથી ઉત્પન્ન થઇ છે. માટે તેને બોલાવી મૃત્યુ પુછવા મોકલું.

(ગરૂડને) અરે! ગરૂડજી. અહીં આવો.

ગરૂડ—માહારાજ! મને શું આગ્ના છે.

કૃસ્ન—અરે! ભાઇ તું દ્વારામતિ જઇ લક્ષ્મિને અહીં બોલાવી લાવ. ને કહેજે કે રણમાં જરૂરનું કામ છે તેથી જલ્દી ચાલો.

ગરૂડ—જેવી આપની આગ્ના. જાઉં છું માહારાજ! (ગરૂડ જઇ લક્ષમીને વૈમાનમાં બેસાડી લાવે છે.

(૬૯) ગાયન. રાગ મેહેતાજીરે શું મહી મુલ બતાવું. એ રાહ.

કૃસ્ન—(લક્ષ્મીને જોઇ)

મન હરણીરે! આવોને અબળા મારી,
તરૂણી છબી નિરખું તારી;
પ્રિય પ્રાણથીરે, તું મુજને ઘણી પ્યારી;
સુખ દીઠે સતી સુખકારી.
થયો સુખીઓ હું સુંદરી હાવે રે,
મને તુજ વિના અંન્ન ન ભાવેરે;
લટકેથી ચિત્ત મોહાવેરે;
તું ચપળારે ચતુર મન હરનારી. તરૂ.

લક્ષ્મી— (૭૦)

વાલમજીરે વળી વળી પ્રેમ વધારો;
બહુ સારો સ્વભાવ તમારો
કૃસ્નાજીરે કંઇ કારણ મનમાં ધારો.
વિઠલજી વાણી ઉચ્ચારો,
હોય સંકટ સિંધુ સારોરે;
ના સેવાય વીયોગ તમારોરે.

આતુર બહુ જીવ અમારોરે;
મને વિશ્વનુંરે સઉ સુખ લાગે અકારી. તરૂં.

કૃશ્ન— (૭૧)

મન ગમતીરે માયા લાગી તમારી,
નરણે નીરખું હું નારી;
મન યોગીના ઉર નથી વસતુંરે,
ક્ષણ તુજમાંથી નથી ખસતુંરે.
તને દેખી હૃદય મુજે હસતુંરે;
તુજ પુંઠળરે પ્રેમથી મન રહે વારી. તરૂં.

લક્ષ્મી— (૭૨)

મને જગત કહે માહારાજેરે,
રહે લક્ષ્મી વડે સહુ લાજેરે;
પણ સ્વામિ વિના શું કાજેરે;
પ્યારા કહેતાંરે રજની વીતે સારી. તરૂં.

કૃશ્ન— મને ભગત ભજે દમ્ની બાળારે;
તે હું તારી જપું છું માળારે.
તરૂણી તુંરે સંકટ સાહ્ય થનારી. તરૂ.

લક્ષ્મી— બેત

નમન કરી નાથ, જોડું હાથ હું આવાર;
ધરણીધર છો સ્વામી મારા હૈયાના આધાર.
મર્મ દાશે મુજને કંથ, ઉતરી ગયું છે મુખ;
સુંદીર વર છો સ્વામી મારા, શું પડયું છે દુઃખ.

કૃશ્ન—હે સુંદરી મારૂં મુખ ઉતરી ગએલું છે તે કહેવાને મારી

જીભ ઉપડતી નથી (ડચકાં ખાય છે)

લક્ષ્મિ—પ્રિય પતિ ગભરાઓ છો કેમ ? જો તે કારણ નહીં કહો તો તમને મારા સમ છે.—હું મારો પ્રાણ ત્યાગ કરીશ.

કૃસ્ન—પ્યારિ મને વચન આપો તો હું કારણ કહું.

લક્ષ્મિ—(વચન આપી) લ્યો મારૂં વચન છે ને તમે મને એક સમે કુવામાં ઉતારશો તો પણ ઉતરીશ. વેચશો તો પણ તૈયાર છું, આપ જે કહેશો તે મુજબ કરવા કબુલ્યું. પ્રાણનાથ કહી દો,

કૃસ્ન— પતિ મારે કહેવાનું એટલુંજ કે. તમારા ભાઇ "જાળંધર" ની પાસે જઇ તેનું મૃત્યુ પુછી આવો, એટલે આ ચક્ર વડે તેનું ગરદન કાપી દેવનાં દુઃખ હરણ કરૂં. એટલુંજ કામ હતું. ઝટ જાઓ.

લક્ષ્મી—(ગભરાઇને) અરે શું આટલાજ માટે મને બોલાવીહતી.

(૭૩) ગાયન. ઉધવજી સંદેશો. એ રાહ.

અજર અમર અવિનાશી, આ સમે શું કર્યું;
વચન વધા પ્રભુ વ્હાલામાં કરવા વિરોધજો.
મુજ મૈયરીયાનું માઠું તાકયા માવજી,
કાળજું કાપ્યું ચઢે ઘણો મને ક્રોધજો. અજર.
પીયર વડે છું પનોતી પ્રાણજીવન હું,
મુજ વીરની તો માધવ કેરો સાક્ષજો;
કહેવું માન્યુ કંથજી કપટી દેવનું,
કાપ કુટીલતા ભાઇ ભોળવવા જાયજો. અજર.
સુધા સરીખું વાયક તમ હતું સાંભળા,

બળીયું થઇ મુજ અંગે લાગ્યું બાણજો;
અભાગણી કોણ અબળા એ કૃત્ય આદરે,
પીયરનું તો પાધર કરવા જાણજો. અ૦૪૨.

(૭૪) ગાયન તીસાના આંસુઆં ભરે મોરે નેન એ રાહ.

આંસુડાં આવે મારે નેન, જીવડો કંપે મારોરે. આં.

સાખી.

સમ દરશી સહુ જાણતું, તમને મારા શામ;
કવીજન કહેતાં વાણીમાં, વ્હાલા હામો હામ. આ૦

સાખી

હૈયાફુટી હું થઇ, રેણી ન જાણી રાત;
હાવું જાણત હું કદી, આવત નહીં વન માંથ. આ૦

સાખી.

સત્ય ગુણી સમજી સહી, સગા કર્યા મમ તાત;
ડરથી કહુંછું ડોશલી, હાયરે વાળ્યો ડાટ. આ.

સાખી

યુગમાં મુજ માવીતરે, મીઠું રેડયું આજ;
કપટી કંથ ન જાણીયા, તેથી બગડયું કાજ.

સ્વામિ મોટી બેન તો ભાઇને માતા સમાન, માટે હું ત્યુ પુછવા જનાર નથી. કોઇ દહાડો મેં હાનું કામ કર્યું નથી. મારા ભાઇને ને તમારે હેવું શું વ્હેર છે કે મારવા તાકો છો. મારા પીયરનું પાધર કરશો તેમાં આપના હાથમાં શું આવશે. કોઇ દહાડો કોઇને આવોકાર દઇ પાણી તો પાયુંજ નથી, અરે ભગવાન. મારા લાડકડા ભાઇને મેં ખોળામાં ખાવાનું ઘાલી રમા

હયો નથી. અને હું તેને મૃત્યુ પુછવા જાઉં. અરે!!! પ્રભુ?! તેના સાટે મને શુળીએ દો. અરે હું શું કરૂં, બળતો બોલું છું. કારણ મારે બે બાજુની પંચાત છે. હું પ્રથમથી વચન આપી ગઇ છું. હે! ભગવાન મારા ભાઇનો જો વાળ વાંકો થશે તો હું વાત સાંભળી મારો પ્રાણ ત્યાગ કરીશ. હાવા ખોટા વિચાર કરશો તો હવે કોઇ સમંધ વિચારીને કરશે. જો સસરાનો સુત પતિત હોય તો પાવન કરી લીજીએ. ગુના અપરાધ સામું ન જોઇએ, હું તો જનાર નથી.

કૃશન—ગાયન (૭૫) રાગ ક્ષત્રી કલંકનો. હજી સુધી ગુજરો એરાહ

ધન્ય ધન્ય છે તારૂણી તારો ટેક, કહુ છું ધીક ધીક તુનેરે.
તેં તો છળ કરી વાયો મને છેક. ,,
પ્યારી હવે તો પડી છે મને ગમ ,,
સ્વામિ હું તો તારે ખાવાનોજ સમ ,,
ભાઇ વ્હાલો તુને લાગ્યો ભવ માંહ ,,
તારે કંથ તણી કમી નથી કયાંય. ,,
માપ ઘટાડયું ઓ! માનુની તેં આજ ,,
મારો ભામની તેં ખોયો બધો ચાર્જ. ,,
મીઠું મનાવતી મુજને ઓ નાર, ,,
આજ પેટનો હું પામ્યો બધો પાર ,,
કામ પડે જાણ્યા કારણની રીત, ,,
કહુ કપટની કામનીની પ્રીત. ,,

અરે! લક્ષ્મી આજ મેં તને જાણી લીધી રે! સ્ત્રીની જાત કેવી હોય સાંભળ. કામ પડે એટલે પેટમાં પેસી વાત લઈ જાય.

અને ભગવાનને પણ ત્રણાવત ગણે. વાઘ મારી ઘેર આવે ને બી લાડાથી ખાએ. સમુંદ્ર તરી જાય ને તળાવમાં પેસતાં ડરે. રીઝે તો રીધ્ધી આપે ને ખીજે તો શાહનો ચોર બનાવે. ઘડીમાં રૂએ ને ઘડીમાં હસે. ત્રણને તેરમાં સમજે નહીં. સર્વ સમાન ગણે. પુરૂષને ભ્રષ્ટ કરી છેવટે છેહ દે. સર્વની જોડે સ્નેહ રાખે. પોતાનો મત ઠીક માને પોતાનો પાર કોઇને આપે નહીં. જે સ્ત્રી ભગવાનથી ન ડરે તે સ્વામિથી શું ડરે. આટલાં ચરિત્ર લક્ષ્મિ તમારામાં છે. અરે! તેં સ્વામિ ને બંધુ એક હાર ગણ્યો. મારો તોલ ઘટાડયો. જુઓ તો સગું ખોળી કાઢયું છે.

(૭૬) ગાયન. મેરી જાની લતીફા મીલ. એ રાહ.

કૃશ્ન—જુઓ સરસ સગાં ખોળી કાઢયાં;
લક્ષ્મિ—ત્યારે તમારાં કુળ કયાં સંતાડયાં.
કૃશ્ન— મગર ને માંછલાં જળ કુકડીઓ;
લક્ષ્મિ—લાવ્યા તે કુબડી ને રેંછડીઓ.
કૃશ્ન— અરે ચતુરા ચુપ ચુપ કુળ.
લક્ષ્મિ—ગોકુળમાં તમે ગાયો ચારી,
કૃશ્ન— દેડકાં સાથે સગાઇ તમારી.
લક્ષ્મિ—અએ ચત્રુભુજ ચુંપ. સગાં.
કૃશ્ન— બાળુ પશુ સરવે તુજ ભાઇ,
લક્ષ્મિ—હરી મોટા આહીરનું ખાપ્ર.
કૃશ્ન— અએ ચતુરા ચુપ ચુપ. કુળ,
લક્ષ્મિ—વળી વગર અપરાધે કંસ પુતના માર્યાં બળીને ઘેર જાગ્યાં, નારી થઇને નાચ્યા. પાંડવને ઘેર દાસ થયા. જન્મના

કપટી, કપટી ને કપટી, આપણ તો મૃત્યુ પુછવા જનાર નથી

કૃસ્ન—અરે ! શું ! હું માઝ્ઝાંથી ગયો. જાઓ આજથી તમારે અમારે બોલવાનો સમંધ નહીં. હવે સન્યાસી થઇશું (ગરૂડને) અએ ગરૂડ આમ આવ તારૂં કામ છે.

ગરૂડ—શું આજ્ઞા છે માહારાજ.

કૃસ્ન—લાવ પેલું કમંડળ ને કોપીન, ગોપીચંદનને ગેરૂ અને હજામને બોલાવી લાવ કે ભદ્ર કરાવીએ?

ગરૂડ—વારૂ ! મહારાજ લાવું છું.

નારદ—શું કરો છો પરિબ્રહા નારાયણ.

કૃસ્ન—વાહ ! વખતસર તમે પણ ઠીક આવી પહોચ્યા. માટે હે, નારદ મુની મને ઉપદેશ આપો કે હું સન્યાશી થાઉં.

નારદ—અહી કોને વાર છે લ્યો ઉપદેશ આપું (મંત્ર આપે છે)

લક્ષ્મિ—(ગુસ્સેથી) અરે ! જાઓ નારદ અહીં કોને તેડાવ્યા છે. (જાય છે) અરે ! હાય ! આ ગોપીચંદનને ગેરૂ કરનારનું નખોદ્ જજો. કે કામનીઓનાં કોમળ કાળજાં બાળવા પ્રગટ કર્યું. ઓ ! મારા પાતળીયા આમ કેમ કરો છો. હું જાઉં છું. અરે ! તમે કહોતો હું મારા ભાઇને હાથે મારી આવું. તમે સન્યાશી થશો નહીં. હું આ ચાલી (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—છાવણી.

(જાળંધરની કચેરીમાં લક્ષ્મિનું આવવું.)

સેનાપતિ—મહારાજ ! આપણી બેન લક્ષ્મિ આપને મળવા માટે પધારે છે (લક્ષ્મીને આવતાં જોઇ જાળંધર ઉભો થાય છે)

જાળંધર— (૭૩) **ગાયન** સારૂં સારૂંરે સુરત એ રાહ.

બહુ દિવસે મને ઓ બેન તમે દરશન દીધું;
પડી પાય કરૂં પરણામ કારજ સઉ સીધું. ટેક

લક્ષ્મિ—રહો અવિચળ રાજ તમારૂં, છે તુજને આશીષ્યરે;
પ્રેમ તમારો પૂરણ મુજપર, દુખ કાપે જાુગદીશ. કારજ.

જાળંધર—વહાલી મારાં આવ્યાં ચાલી, બહુ દીન થયું દરશનરે;
મુજપર મોટી મેહેર કરીને મળવા કીધું મન. કારજ.

લક્ષ્મી—પગ તાણતી તુજ પાસે આવી, લહી મેં લઢાઇની વાતરે;
ભાઇ તુજને ભગની ન સાંભરે, અરે મુજ અધીરી જાત. કારજ

વીરા દેવની સાથે તું લઢાઇ કરેછે તે વાત શું સાચીછે.

જાળંધર—હા બેન. આપણાં પીતાનાં ચૌદ રત્ન દેવ ચોરી લઇ ગયા છે માટે લઢાઇ આદરી છે.

લક્ષ્મી—ભાઇ બળ્યાં એ રત્ન તારે શું કુટી બાળવાં છે. આ વાત પડી મુક દેવતા દગાખોર છે. માટે નહીં જીતી શકે.

જાળંધર—અરે ! બેન મને મારવા મારો બનેવીજ ફરેછે ને.

લક્ષ્મી—નહીં વીરા એ વાત હોય નહીં. એતો વારવા ફરતા હશે.

જાળંધર—બેન પેહેલાં તો મારો ઇરાદો હેવો હતો કે હું ભગવાનને મારૂં પણ હવે નહીં મારૂં કેમકે તું મારે પાસે આવી માટે.

લક્ષ્મી—અરે ! ભાઇ, બ્રહ્માશંકર તે પણ "ભગવાન" કરતાં વધારે બળવાન છે માટે નહીં જીતાય. મને ઘણો વીચાર થાય છે. કદી ભાઇ તારો વાળ વાંકો થાય તો વાત સાંભળી રાનમાં રખડતી થઇ જાઉં, (એમ કહી રડે છે)

જાળંધર—અરે ! બેન શું કરવા ગભરાય છે ત્રણ ભુવનમાં મને કોઇ જીતી શકે તેમ નથી, કેમકે જ્યાં લગી તારી ભાભી જે "વૃંદા" સત્ય નહીં ચુકે ત્યાં લગી મારો કાળ પુરૂષ પણ કેશ પકડી શકે તેમ નથી.

લક્ષ્મી—ભાઈ! પણ મને શું ખબર પડે કે "વૃંદા" સત્ય ચુકી.

જાળંધર—અરે ? બેન. જો આ પુષ્પની માળા (માળા આપે છે) જો આમાંથી એક ફુલ કરમાય તો એમ જાણવું કે "વૃંદા" સત્ય ચુકી.

લક્ષ્મી—બહુ સારૂ ભાઇ. બેનનો જીવ તો અધુરીઓ હોય. હવે મને ફીકર મટી. હું જાઉં છું. (ઉઠે છે)

જાળંધર—પ્રધાનજી ! મારા બેન લક્ષ્મીને હીરા રત્ન વિગેરે અમુલ્ય પોશાક આપો.

લક્ષ્મી—ભાઇ! મારે હીરા રત્નની ખોટ નથી પણ મને વાત સાંભળી ઉચાટ થયો હતો માટેજ આવી હતી. (જાયછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—આગળનું જંગલ.

કૃસ્ન—(લક્ષ્મીને આવતાં જોઈ) કેમ લક્ષ્મી પુછી આવ્યાં કે ?

લક્ષ્મી—સ્વામિ મેં પુછ્યું ત્યારે એમ કહ્યું કે. તેની સ્ત્રી "વૃંદા" સત્ય ચુકે તો "જાળંધર" મરણ પામે.

કૃસ્ન—વારૂ ? બીજું કંઇ પૂછ્યું હતું કે ?

લક્ષ્મી—હા ? સત્ય ચુકયાનું પારખું એ કે "જાળંધર" ના કંઠમાં જે પુષ્પની માળા છે તે ફુલ ૩૬૦ છે તેમાંનું એક પણ કરમાય ત્યારે "વૃંદા" સત્ય ચુકી એમ નિશ્ચય જાણવું.

ક્રૃશ્ન—બહુ સારૂ. (ગરૂડને) હે! ગરૂડજી. "લક્ષ્મી" ને દ્વારકાં મહી મુકી આવો.

ગરૂડ—બહુ સારૂ મહારાજ? જાઉં છું. (સર્વે દેવ પ્રવેશ કરેછે)

શંકર—કેમ ભગવાન! શું કરી આવ્યા. કંઇ ખોળ્યું જડયું કે નહીં.

ક્રૃશ્ન—હે! શંકર મારી સ્ત્રીને મૃત્યુ પુછવા મોકલી હતી ત્યારે તેને એવું કહ્યું કે "જાળંધર" ની સ્ત્રી સત્ય ચુકે તો તે દૈત્ય મરે.

શંકર—વાહ? ભગવાન હવે ઠીક થયું. તમે યુદ્ધમાં જાઓ હું એક ક્ષણમાં સતીને છળી આવું છું.

ક્રૃશ્ન—વાહ? શંભુ તમે તો સમર્થ છો માટે છળી આવશો. ત મારા જેવા પરાક્રમી કોઇ નથી. કે જે હળાહળ વીખને ત મેજ પી ગયા. પધારો. (જાળંધરનું રૂપ લઇ ગણપતીનું મુસ્તક હાથમાં લઇ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો. (નારદનું આવવું)

જાળંધર—જાળંધર—(નારદને આવતા જોઇ) પધારો નારદરૂષિ આપનું પધારવું કેમ થયું.

નારદ—ભાઇ! હું તારેજ માટે આવ્યો છું. મને ત્રણ દિવસથી તાવ આવે છે. પણ શું કરૂં તારામાં મારો જીવ ખુચી ર હ્યો છે. માટે તારો પ્રેમ અળગો રહેતો નથી ભાઇ. મેં એક વાત સાંભળી છે કે પેલા જટીલશંકર તારી સ્ત્રી "વૃંદા" ને છળવા તારૂ રૂપ લેઇ જાય છે.

જાળંધર—અરે શું? તે રાખોડીઓ છળવા જાય છે.

નારદ—હા ભાઇ હા. મને બહુ ફીકર થાય છે. તમારા જેવા સિંહનો શિકાર શિયાળવાં લેઇ જાય તે સારૂં નહીં. માટે સાટે સારું વાળવું જોઇએ. ભાઇ હવે હું જાઉંછું પણ આ વાત કોઇને કહેતો નહીં. શાથી જે ત્રણ લોકમાં મારૂં નામ હળવું પડશે. વળી દેવ કે જાણે તો મારૂં તુંબડું ફોડી નાખે. હવે હું જાઉંછું. (જાય છે)

જાળંધર—અરે? પ્રધાનજી. આપની સેંનાનો બંદોબસ્ત બરોબર તમે રાખજો. હું કૈલાશમાં જઇ શંકરનું સ્વરૂપ ધારણ કરી પાર્વતી હરણ કરી લાવું (ઉડે છે)

પ્રધાન—બહુ સાર? રાજાધિરાજ, સુખેથી પધારો.

પ્રવેશ ૫ મો.

સ્થળ—કૈલાશ.

જાળંધર—(શંકર રૂપે) અરે! ક્યાં ગઇ પાર્વતી. લાવ્ય ભાંગ ને ગાંજો વળી તારાં દરશન કરે મને છ માસ થયા તેથી કામદેવ વ્યાપ્ત થયો છે ને મેં ઘણો શ્રમ કર્યો ત્યારે દૈત્ય મરણ પામ્યો.

પાર્વતી—(ચમકીને) અરે! ઓચીંતો અવાજ ક્યાંથી આવ્યો. (દાશીને) અરે! દાસી.

દાસી—(પ્રવેશ કરી) બાઇ સાહેબ મહાદેવ દૈતમારી "જાળંધર" નું મુસ્તક હાથમાં પકડેલું છે, ને બહાર આવી આપને સત્વર બોલાવે છે.

પાર્વતી—અરે! ન હોય શંકર "વૃંદા" છળાય નહીં. એ તો

કોઇ દહીત શંકર સ્વરૂપ કરી આવેલ હશે. ચાલ હું સમાધી કરૂં જોઉં. (સમાધીથી જુવે છે) અરે સખી તે કપટી દહીત છે.

(૭૮) ગાયન રાગ બીભાસ.

મંદ વાયુની લહેરો આવે. એ રાહ.

પાર્વતી—કહું કારણ તુજને વિચારી, સુણ સહીયર મારી;
આવ ભાવ કટાક્ષ કરીને નર વસ કરજે નારી. સુણ.
જો જાળંધર દહીત હશે તો, ખળીત થશે ખુંખારી, સુણ.
મોહપાસની માંહી પડે તો પાછી આવજે પ્યારી; સુણ.
અંગ ઉપર તુજ હાથ અડેથી, ચતુર થશે લાચારી. સુણ.

સખી—બાઇ સાહેબ. આવભાવથી વશ કરવા જાઉં છું (જાયછે).

સખી—(દહીત પ્રત્યે) લ્યો સ્વામિનાથ. આ ગરમ જળ મુકયું માટે સ્નાન કરો (નાય છે.)

જાળંધર—બહુ સારૂ મને ખુબ ચોળીને નવરાવ.

સખી—સ્વામિનાથ. આપ ઘણા દિવશે પધાર્યા માટે આપના દરશન વડે આજ ઘણો આનંદ ઉત્પન્ન થયો. માટે હું આપને ચોળી નવરાવું (નવરાવતાં વીર્યપાત થવાથી દાસી પાર્વતીને) બાઇ સાહેબ વિર્ય પાત થયું.

પાર્વતી— (૭૯) ગાયન

એક ચતરનાર કર કર સીનગાર એ રાહ

(ગુસ્સેથી) લંપટ ગો લગાર, વળી મન તું વિચાર;
તુજને છે ધીકાર આવ્યો મુજ દ્વાર.
તુજ પીતાની નારની, લજજા તું લેનાર. લંપટ.

કાળી રૂપી કટાર, મારૂં આરપાર;
કરે કોણુ વાહાર, સુરાને સરદાર;
બાળી ભસ્મ છાર, તુજ કુળ સંગાર. લંપટ.

અરે ! ચાલતો થા દુષ્ટ. હું તને ઓળખું છું. તારો પિતા શંકર તેની સ્ત્રી હું તે જનેતા થઇ. તો તે ઉપર કુદ્રષ્ટી કરી. અરે ! ! ધીક્કાર છે. ચાલતો થા. નહીં તો બાળી ભસ્મ કરીશ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—મથુરાં નગર

શંકર—(જાળંધર રૂપથી) કયાં ગઇ વૃંદા વહેલી આવ. મારે સ્નાન કરવા માટે જળ લાવ. મતલબ કે દેવને મારી ઘણા દિવસે આવ્યો છું. માટે અતી શ્રમીત છું તો જલ્દી ચાલ.

વીજયનંદા—(વૃંદા પ્રત્યે) બાઇ સાહેબ ! આપનો પતી હાથમાં ગણપતીનું મુસ્તક લઇ અતી ક્રોધથી આપને બોલાવે છે.

વૃંદા—અરે ! જુજ વખતમાં દેવને મારી મમ પતી આવે નહીં. અરે ! ચાલ હું જોઉં તો ખરી (જોવા જાય છે.)

(૮૦) ગાયન રાગ બીભાસ.

ઉઠો મારા પ્રીયપતી થયું છે સવાર. એ રાહ.

યે આવો અવિનાશી આજે જાઉં બલીહારીરે;
જાઊં બલીહારી છબી નીરખું તમારીરે ટેક.
પુત્રની વધુ પર પ્રેમ ધરીને કરવા વીહવળ અહંકારી. આ.
ધીક ધીક તમને ધીક તમ બુધ્ધી વેશ ધર્યો છે વિકારી. આ.
મોટા થઇને માન ગુમાવ્યું, ચતુર ને કેવી લાચારી. આ.
ભસ્મ કરૂં બોળા શ્રાપ દઇને, રહીછું હું મન રે વિચારી. આ.

વૃંદા—ધિક્કાર છે શંભુ! પીતા થઈ પુત્ર વધુ ઉપર કુદ્રષ્ટીથી જુએ તો અઘોર નરકમાં પડે વાહ!! તમે મોટા પુરૂષ આવાં નઠારાં કૃત્ય કરશો ત્યારે તમારી આજ્ઞા કોણ પાળશે. માટે જાઓ નહીં તો શ્રાપ વડે બાળી ભસ્મ કરીશ. હે! શંભુ. હું મારા ક્રોધ વડે મારા માથાનો એક બાળ અગ્નિ ઉપર મુકું તો તમારા તેત્રીસ ક્રોડ દેવ બાળી ભસ્મ કરૂં. પણ રે! પાર્વતીની શ્રમ લાગે છે. (સંકર જાય છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ.

કૃશ્ન—શંકર. "વૃંદા" સતી છળી આવ્યા કે ?

શંકર—(નિચું જોઇ) અરે! એ વાત કરશો નહીં. પૃથ્વી માગ દે તો ઘણું સારૂં. વળી જાળંધરને જીતવાની આશાજ મુકીદો.

કૃશ્ન—અરે! ગભરાતા નહીં. પણ શી રીત થઇ તે કહોતોજી.

શંકર—હું ગયો કે તુરત મને ઓળખ્યો. ભાઇ હું જગત વશ કરૂં. પણ વૃંદા વશ કરવી મુસ્કેલ છે. સ્ત્રીની જાત પોતાની મેળે છળાય તો તે. નહીં તો બ્રહ્માદીકથી પણ છળી શકાય નહી.

કૃશ્ન—અરે! શું તમારાથી ન છળાણી લો. ત્યારે તમે સંગ્રામ કરો. હું છળવા જાઉંછું.

શંકર—હા. એમ કરી નાશી જવું હશે જો તમારે નાશી જવું હોય તો આપણ બે સંપ કરી નાશી જઇએ.

કૃશ્ન—હું નાશી જાઉં તો મારે માથે બ્રહ્મહત્યાનું પાપ છે. લો વચન (આપે છે) તમે તો એક કહો છો પણ આખી વિશ્વની ભા-

મની ક્ષણુવારમાં ભેળવું.

શંકર—જોજોરે ભગવાન નાશી જતા નહીં. જો નાશશો તો હું અધુરો સંગ્રામ મેહેલી નાશી જઇશ. માટે વેહેલા આવજો.

(બન્ને જણ જાય છે.)

—:o:—

अंक ५ मो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રસ્તો.

કૃશન—(મનમાં.) હે મનવા. હવે શું વિચાર કરવો. જે રૂપે શંકર વૃંદા પાસે ગયા તે રૂપ હું ધરૂં તો તુરત ઓળખે. માટે બીજું રૂપ કરૂં. (ગરૂડને) અરે ગરૂડ આમ આવ.

ગરૂડ—મહારાજ! શું આજ્ઞા છે.

કૃસ્ન—હું હારમો બાગ બનાવી જોગી થાઉછું. અને તમે મારા ચેલા થાઓ, જેમ આપનું કામ થાય તેમ કરવું.

ગરૂડ—જેવો આપનો અભિપ્રાય.

કૃસ્ન—પણ સિધ્ધ સાધકની રીત રાખવી. કોઈ પુરૂષ યા સ્ત્રી આપણા બાગમાં આવે તો તેને એવું કહેવું કે આ જોગી અદભુત પરાક્રમી અને જુના છે એમ મારૂં મહત્વ વધારજે. એટલે સામું આવેલ માણસ આપણા સ્વાધિન થશે.

ગરૂડ—બહુ સારૂ! આપ બગીચો બનાવો

કૃસ્ન—હવે હું મથુરાં નગર "વૃંદા" ને સ્વપ્ન મોકલું છું કે તેને વીરહ પ્રગટ થવાથી તે સ્ત્રી અહીં આવશે. પછી હું છેતરીશ હવે ચાલો ગરૂડ અગાડી (જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—મથુરાં નગર—રંગ મેહેલ.

(વૃંદા સુતી હતી તેને પોતાના સ્વામીનું સ્વપ્ન આવવાથી જાગી પોતાની માને કહે છે).

(૮૧) ગાયન ગજલ.

વૃંદા— અયે બજદા કયા ખ્વાબ દીખાયા. એ રાહ.

અહ સ્વપ્નું આવ્યું આજ અલી માત માહરી;
કહું કારણ એ ન જાય, કહું વિનતી કરી,
રંગ ભોવનમાં રડે સ્વાન મા, મેં લીધો જાણે ત્યાગ;
ચઢી ચોટલે કળકળી બેઠો, કાળો કાગરી. અહ.
મુજ સ્વામિનું થયું મર્ણ અંગ થયું વિના શણગાર.
પટકુળ કાળુ પહેર્યું કર ચુડી તો ધરી. અહ.
મુસ્તકે ન મળે કેશ મા, ઉઝડ થયો આખો દેશ;
બોલે ઉલુક બેસી બારણે, કઇ વાણી બરબરી. અહ.
છળકયો શેષને ધ્રુજી ધરા, ભાસે ભાનું લોહી વર્ણ;
થયું માણીમગરનું મર્ણ ગયા મુને છેતરી. અહ.
જાણે જુવતીઓએ જાલી માજમ દુત્ત ઝાલે જેમ;
ખેંચી ખૂણામાં ઘાલી, જરા દીલમાં ન ડરી. અહ.

મેઘાવતી—અરે બાપ શા માટે રડે છે. સ્વપ્નની વાત સાચી ન હોય. ઓ બાપ. નીરાંતે સુઇ જા. તારા રૂદનથી મને અતી અકળામણ થાય છે.

વૃંદા—ઓ મા. હું શું વાત કહું, આજના સ્વપ્નાએ મને અતી ગભરાવી છે કે સ્ત્રીઓ વેરાગી રાગ ગાઇ રહી છે. જાણે કા

ગારોળના કાશદીયા આવ્યા. જાણે મારો સ્વામી પાડાપર બૈસી કર્ણુ પુસ્પનો હાર ઘાલી દક્ષણ દીશામાં ચાલ્યા. ઓ મા જાણે હું ને મારો પતી દરીયામાં નાવની અંદર બેશી પેલી પાર જતાં વચે નાવડુ ભાગવાથી મારો પતી ડુબી ગયા. ને હું હીણભાગ્યણી બચી. અરે મા સ્વામીનુ મુસ્તક ધડ વીનાનુ દાંત પીસતુ દીઠુ. અરેરે સ્યુ હું કદી પતી આગ્ના ચુકી તેથી હાવુ થયું. (એમ કહી રડે છે)

મેઘાવતી—ના ઘભરા પુત્રી ના ઘભરા તાહારૂ સ્વપનુ સુકે લાકડે પડજ્યો બાપ સ્યું કામ આમ કરે છે આવ મારા ઉછંગે (એમ કહી ખોળામાં લેછે.)

(ગાયન) રાગ નેમના મહીનાનો.

અસાડે અંધારી જોને રાત વરસે ધારારે વાહાલા. એ.

મેઘાવતી—રમાડેલી મારી જોને બાળ બળે બહુ મનમાંરે વાલા;
સ્યામળીયા સંભાળ, કરો બાળપણમાંરે વાલા.
લાડલી લાડકવાઇ, સતીને કંઇ થાશેરે વાલા;
અરે મુજ જીવ અકુળાઇ, ફટકીને જાશેરે વાલા.

રાગ ફેર.

ફાગણે ફાગ ખેલાવીયે, વાલમ વસીયે વંન. એ રાગ.

કુંદા—બાડી દયા બહુ લાવીયે, બાળક કેરેરે કાજ;
લગાર ધીરજ રયુ લાવીયે, કથળ્યુ માહારૂ કાજ.
શોધ લેવા મુજ સ્યામની, જાવા દીયો મુજ માત;
દૂખીયારી દેહ શા કામની, ધેહેલ્રી કરી સહુ ધાત;
ઓ મા. હવે હું મારા પતીની સોધ લેવા જાઉ એમ થાયછે.

મૈત્રાવતી—નારે મારી વાહાલી દીકરી તુને એકલી કેમ મોકલાય. હું ચોતરફ કાગદ મોકલી તારા પતીની શોધ મંગવરાવુછુ.

વૃંદા—નારેના મા ધારયુ કામ કાશદોથી પાર ન પડે. માટે મુને જવા દીયો નહી તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ.

મૈત્રાવતી—અરે દૈવ ધણી વીનાની સ્ત્રી શાપના ભારા જેવી, માટે તેના પતીને શોધવા નહી મોકલુ તો વીધન કરશે (વૃંદાને) જા તારે બાઇ તારી મરજી.

વૃંદા—(દાસીને) અલી વીજેનંદા કયાં ગઇ ચાલ વેહેલી.

વીજેનંદા—આ આવી બા શાહેબ સ્યુ કામ છે.

વૃંદા—આપણો રથ જોડી લાવ આપણે વનમાં જાવાનું છે.

વીજેનંદા—લાવુ બા શાહેબ (રથ લઇ આવેછે) લ્યો બાઇ આ રથ.

વૃંદા—(રથમાં બેસવા જાય તારે છીક થાય છે ત્યારે દાસીને કહેછે.) સખી વીજેનંદા આજ તો છીક થાય છે માટે કાલે જસ્યુ.

વીજેનંદા—આપની મરજી તારે બાઇ.

પ્રવેશ ૩ જો.

કટ જંગલ.

કારમો બગીચો કરી ભગવાન ખાખી થઇ બેઠા છે ને વૃંદાનુ આવવુ રથ સહીત.

વૃંદા— લલીત.

નાથ ના કરો વાત ઘર જવાનીરે. એ રાગ.

અરર ઓ સખી સાંભળ વાત માહારીરે;
સુજે ન પંન્થ ન મળ્યા કંન્થ મુને મનમંન્થ
પીડા કરે ભારીરે. અરર.

તપત તરશથી દુખીછુ ન મળે વારીરે;
ઉલ્લુ ફવાધ કીરને કાગ, બોલે અથાગ.
વાણી તો વીકારીરે. અરર.
પડે છે પેટમાં ફાળ તો નઠારીરે;
વાંદર ફાળ, બોલે શીયાળ, આવ્યો કાળ;
હીમત જાય હારીરે. અરર.

માહારી વાહાલી સખી મુને તરસ લાગી છે. માટે કયાંઇથી પાણી લઇ આવ્ય. હવે તો આપણા ઘોહોડા પણ અટકાયા છે. ને હું પણ ઘણી ગભરાઇ ગઇ છું.

વીજેનંદા—(ચોતરફ જોઇ આંગળી કરી) અરે બાઇ પણ પેલ્લુ છેટે કંઇ બાગ જેવું માલમ પડે છે માટે તાં પાણી હશે રહો હું લાવું (જઇને પાણી લાવી.)

વૃંદા—(દાસીને આવતી જોઇ) કયેમ પાણી લાવી.

વીજેનંદા—હા બાઈ. હા. પણ હું પાણી લેવા ગઇ તો ત્યાં બાગની અંદર કોઇ જયોગી મહાત્મા પુરૂષ બેઠા છે. ને તાં અનેક તરેહનાં ઝાડ છે. સ્વાન વાઘ બીલાડા, ઉદર, નોળ, સરપ, સીકારાં, ગાયો, સો સૌના વેહેર ઝેહેર તજીને એકઠાં રમે છે. ને તે જોગી દરશણ કરવા લાયકછે માટે ચાલો.

વૃંદા—ચાલ બેહેન તારે તારી મરજી (રથને એક બાજુ ઉભો રાખી વૃંદા બાવા પાસે જઈ માથું નમાવીને) માહારાજ હું આપને વન્દન કરૂંછું.

ચેલો—(લઠ લઇ) અબે-યે સ્ત્રી યહાંસે દુર હઠજયા.

વૃંદા—(ગભરાઇને) અરે માહારાજ હમે અજાણ્યા પ્રાણી જયોગી

ની રીતીમાં શું જાણીયે માટે જરા કૃપા કરી જોગીની રીતી બતાવો તો સાર,

ચેલો—અબે સ્ત્રી. વો જન્મારાકા જયોગી હયે. ઓર આભમેસે ઉતરા હયે. ઓર સ્રીકા પરછાયા નહી લેતા હયે ઓર દો ચીરી દાતનકી ઉસ્કી વો બઠકી છાયા બન ગઇ હયે ઓર ઉસ્કી કાયા ક્રોડ બરસકી હયે. ઉસ્કી ધાકશે કાલ ક્રોધ માયા સબ ધ્રુજતી હયે. ઓ જોગી નાહાને કે વાસ્તે દરીયાપાર ઉતરકે જયાતે હયે. ઓર બારા મેઘ ઓર શેષ યહ પ્રથવીકા બોજ જીલતા હયે જયો ઉસ્કે પ્રતાપસે વો જયોગી આંખ ખુલ્તે હયે, જબ સબ બ્રહ્માંડ પય દાહોતા હયે. જબ આંખ મીચતે હયે તો સબકા નાશ હોતા હયે, ઉસ્કે પાસ સજીબન બીદયા હયે. વો વિશ્વરૂપ હયે. અયે માઇ મય સચ કહેતાહુ.

વૃંદા—(સખીને) અરે સખી તારે તો આપણું કામ અહીંજ થશે ને મારા સ્વામીની ભાળ જડશે (એટલામાં એક ગરભવતી મ્રગલી નાસ્તી આવતી હતી તેનો પ્રાણ એક વાઘે લીધો. તે જોઇ વૃંદા હાથ ધશીને) અરે રામ રામ આ સ્થળે વાઘે મૃગલીની હીંસા કરી તે મારે નજરથી જોવી પડી રામ રામ

જોગી—(ચેલાને) અવે ચેલા કયા બકવા હોતા હયે..

ચેલો—અયે ગુરૂ આપકે મુકામમે એક મૃગલી આપકે શર્ણ આઇથી ઉસ્કા જીવ બાઘને લીયા.

જોગી—(ગુસ્સો કરી) અબે દૂરટ બાઘને હમેરી જગેમે આકર હમારી મરીયાદા લોપી ઓર કુરંગકા જીવ લીયા ઉસ વાસ્તે

તુમ્બી જલકે ભસ્મ હો જાવો. (બળેછે)

ચેલો—(વાઘને બળતો જોઇ) અયે ગુરૂ આપકે મુકામપે તીન હીસા હુઇ વો વ્યાજબી નહી હોતા હયે. ઉસ્કો સજીવન કરના ચાહીયે કયુંકે આપકી બીદ્યા બડી હયે આપ જીવ દયાકો પ્રતીપાળ કરતે હો ઇસ વાસ્તે કહેતા હું.

ગુરૂ—અબે ચેલે લાદે કમંડળ (લાવે છે).

ચેલો—લીજીયે ગુરૂજી (કમંડળ લઇ પાણી છાંટવાથી વાઘ મૃગલી સજીવન થઈ જતાં રહેછે તેને જોઇ વૃંદાને આશ્ચર્ય થાય છે.

વૃંદા—(સખીને) સખી આપણું કામ જરૂર અહીં થશે (એમ કહી જોગી પુંઠળ ઉભી રહે છે.)

ગુરૂ—(લગાર પડછાયો પડવાથી) જરા ધ્યાન કરી વૃંદાને) અબે સુંદરી તું મથુરાંસે આઇ. ઓર તેરા બાપકા નામ કૌવચ ઓર તેરી માકા નામ મેધાવતી. ઓર તેરા નામ વૃંદા. તું તેરે સ્વામી લડનેકુ ગયા હયે, ઉસ્કી તાલાસ કરનેકુ આઇ હયે કયુ.

વૃંદા— **ગાયન લાવણી.**

રતી રંભનું રૂપ લજે નૃપ ભઠીયાણી ભારી. એ રાગ.

ખરી ખાતરી આજ પડી આ જયોગી જટાધારી;
નમી નમી નાથ કહું આજે,
કરો ઉપકાર તણું કાજે.
ભરૂસો મુજને પડયો ભારી. ખરી
વળી જમ વૈકુંઠના વાસી.

દીન થઇ ઉભી રહી દાસી.
મરજી મુજ પતી મળવા મારી. ખરી.
જયોગી મારો પતી કયાં હશે ને સ્યું કરતા હશે. આપ મુને પ્રભુ જેવા ભાસ્યા છો તો આ સઘળુ કહો હું આપને કરગરી કહું છું હે જયોગી ગઢની વાહારે ચડવું છે હું તમને ખોળા પાથરૂંછું (એમ કહી ખોળા પાથરે છે.
ગુરૂ—(ચેલાને) અબે ચેલે.
ચેલો—ગુરૂજી રામ રામ કયા કહેતે હો.
ગુરૂ—અબ જંગલમે આયા તોભી વાસના નાહી મીટી અબ જંગલકા રહેનાઇ જલા (વૃંદાને) અબે સ્ત્રી કયા તેરા બાપકા કુચ છીના લીયા હે સો ઇધર આકે બકવા કરતી હયે.અબ બસ્તી છોડ જંગલમે આય કર બયેઠા હું. મેં જયો લુગાઇ સે બાત કરૂ તો ગાવમેજ ન રહું. (ચેલાને ગુસ્સેથી) અબે ચેલે એક લાઠી માર ઉસ્કો ઈશ્વરશે નીકાલ દે.
વૃંદા—(ખોળા પાથરી) અરે જયોગી આપ નીરંજન ને નીરદોશી છો. માયાથી વીરકત દેખી હું આપને પગે પડુંછું. માહારાજ આપ આટલા બધા ક્રોધાયમાન ન થતાં મારા કોડીલા કંથની ભાળ બતાવો તો ઘણું સારૂ. આપ મારા પીતાના તોલે છો (એટલું કહી વૃંદા બંધ રહે છે પછે જોગી માથુ ધુણાવેછે પછે વૃંદાને ત્રાસ પડવાથી જોગીને પુછેછે.
વૃંદા—અરેરે. આ જયોગીએ માથું ધુણાવ્યું માટે કંઇ વિઘન હશે કે શું લાવ્ય હું તેને પુછું. (પાસે જઇ) માહારાજ આપે માથું કેમ ધુણાવ્યું. શું મારા સ્વામીને કંઇ વીઘન

છે માહારાજ આપની દાસીને જટ કહી દયો.

ગુરૂ—અયે સ્ત્રી તેરેકુ મયે રોતી દેખતાહું ફીર કહેનેકે વાસ્તે મેરી જીભ ઉપડતી નહી હયે. ખરી બાતકા ખુલાશા કરકે કોઈકા નીશાશા નહી લેના. અમેરે ગુરૂકી આગ્યા નહી હયે.

વૃંદા—માહારાજ ઝવેરી પાસે નાણું જાય તો તેને ખરૂ યા ખોટું કહેવુંજ પડે છે પણ તેને કોઈ ખોટો કયેન કહેતુંનથી.

ગુરૂ—અએ સ્ત્રી તેરા ભરથારકુ તેને હાતસેઇ ગુમા દીયા હયે, તેરા ભરતાર એકલાથા ઓર દેવ જયાદા થે. તો સબ મીલકે તેરે પતીકો ટુકડા કર ફેકદીયા. ઉસ્કા મુરદા મેવાં બયઠે દીખતાહું.

વૃંદા—(મનમાં) અરે ઇસ્વર હું સત્ય ચુકી નથી ને મારો શ્વામી મરે તે વાત કયેમ મનાય (જોગીને) માહારાજ મુને પતીજ પડતી નથી જયારે મારા પતીનુ મુરદુ મારી નજરે પડે તારે માનુ.

ગુરૂ—અએ તરીયા મેરી ગતી ગહન હયે તેરી આંખો મીચ જયાં મે તેરે પતીકુ ઉડાય કર યહાં લાતાહું,

વૃંદા—(આંખો મીચી) બહુ સારૂ માહારાજ (એટલામાં વા વંતોળ ચડવાથી થોડે થોડે ઝાળંધરના ટુકડા પડેછે તે જોઇ વૃંદા) અરેરે એજ મારા સ્વામીનો હાથ (બીજો પડેછે) અરે આ સ્યું (પગ પડે છે) અરે ઓ ઇસ્વર (ધડ પડેછે) અરે દેવ બધુ આવ્યુ પણ હજુ મુસ્તક ન આવ્યુ (પછે મુસ્તક પડે છે) (બધા ટુકડા ભેગા કરીને ખોળામાં લઇ રૂવેછે.)

વૃંદા— લલીત.

અરરર ઓ પ્રભુ, આતે સ્યુ થયું;

પતી પડયા રણે, જાય ના કહ્યું.
રડવા રાનમાં, મુજને મુકી;
સતીપણુ સહી, હું નથી ચુકી.
હતી મુને અરે, આશ તો ઘણી;
મર્ણ પામીયા, સ્યુ બીના બણી;
નતી હું જાણતી, હાતુ આ સમે;
કરસ્યો ત્યાગરે, મુજને તમે.

ભેરવી ગાયન.

અયે જગધર ગીરધર સીરધર એ રાગ.

અયે સુખકર મુજવર દુખહર ખળતર કહુછુ મુનેજ કરી;
ક્રોધ ધરીને પતી કાયા છોડી, વળી મુને ગયા વીસરી. અયે.

ધ્રુપતરાહ.

જગતમાંહી જીવવાની આશ ફોકતો થવાની;
જુદી કીધી છે જવાંની, મોહબાણુ મારીને.

દાદરો.

ઉઠો ઉઠો સ્વામી આળસ મોડો, દયા ધરી દીલમાંહીજ દોડો;
આજારી દુખીયારી લાચારી, કરોને સુખીયારી આ નારી સ્વામી બંન્ધન છે.ડો અયે.

અરેરે હે વીધાત્રી તું મારો કીયા જન્મની વેરણુ થઈ કે મારા સ્વામીથી મુને વીખુટી કરી (મડદુ હલાવી) અરે સ્વામીનાથ જરા મુખથી જવાબ તો આપો કે તમે દેવની સાથે કયેમ જુધ કરયું સ્યુ મારા ઉપર કંઇ રીસ ચડી છે. અરે પતી આ સંસારમાં સ્વામી વીના સગુ કોઇ નથી સ્રીનો પતી જ્યારે મર્ણ પામે

ત્યારે એમ જાણવુ કે તેનો તો ભવજ બગડયો અરે સ્વામી માહા
ર કહેવુ ન માનતા રણસંગ્રામે ગયા તેનુ પરીણામ આ થયુ. મે
પુર્વે સ્યુ પાપ કરયુ હસ્યે ધાવતાં બાળ વછોડયાં કે વડ પીંપળ ડા
ળ કે સાધુને ગાળ કે સરોવરપાળ તોડી હસ્યે અરે સ્વામી મુને
કોને ભરૂસે મુકી મુને જવાબ નહી આપો તો હું મારો પ્રાણત્યા
ગ કરીસ અરે પતી મુને કહેતા કે આ તળાઇ મુને ખુચે છે ને આ
વખતે તો આપ પ્રથ્વી ઉપર પડયા છો તો કયેમ નહી ખુચતુ હો
ય મુને જવાબતો આપો.

છંદા— ગીતી.

હાથણી હેડમાં ઘાલી, ટળવળતી મુને તરછોડી સ્વામી;
અરે હવે તો બળવુ, વાર ન કરવી અહીયાં નકાંમી.

અરે ચાલ પ્રાણી હવે હું મારા પતીના ભેગી સ્વગહન કરૂ,
હવે કંઇ રોયેથી ભરતાર મળવાનો નથી. અરે પણ દેવતા કયાં
હસ્યે, લાવ્ય હું જોગીની પાસેથી માગી લ્યુ (જોગી પાસે જઇ દે
વતા માગે છે) માહારાજ મુને દેવતા આપો તો મારા કોડીલા કં
થની સાથે હું બળી મરૂ. સ્યાથી કે મારા પતીને ને મારે છેટુ પડે
છે માટે મુને દેવતા આપો તો ઘણુ સારૂ.

ગુરૂ—(ક્રોધ કરી) અબે ચેલે યહાંસે લલકાર દે અપની જગેપે ક
લ્પાંત કેસા.

ચેલા.—માહારાજ વો ઓકા સ્વામી મર ગયા હયે ઉસ્કો જલાને
કે વાસ્તે અગની મંગતી હયે. ફીર વોભી પતીસંગ બલનેકું
તૈયાર હો ગઇ હયે.

ગુરૂ—(ગુસ્સેથી) અબે ચેલે અપની ધર્મ જગેમે સ્મસાન કયેસા.

હમેરે બગીચેમેસે દુર જયાકે જલાદે. ઇધર બકવા કરેગી તો માર લાઠી તેરા જીવ નીકાલ દઉંગા ભાગજયા.

વૃંદા—અરેરે આ જ્યોગી મુને આમ કેમ કરે છે. જોગી જરા દેવતા તો આપો હું બાહાર જઇને બળીસ (ચેલો દેવતા આપે છે પણુ વૃંદા દેવતા લઇ ચીતા સળગાવે છે ને મુડદાના કકડા લેવા જાય કે ભાર થવાથી ઉપડતા નથી ને સીયાળ ખાયછે.

વૃંદા—અરેરે હું શું કરૂં. જે જે કકડો લઉંછુ તે કરોડો મણુનો થઇ પડે છે. અરે પ્રભુ જેની કટાક્ષે કાળ કાંપતો તેના અંગ ઉપર હઝારો શીયાળવો ટોળે મળેલ છે. જે હું થોડે થોડે લઇ જાવું તો પાછળ રહેલ કકડા શીયાળવાં ખાઇ જાય. (જોગી પાસે જઇ) અરે બાવા મુને મારા સ્વામી ભેગી થાવા બાળી ને ભસ્મ કરો તો હું તમારો ઉપકાર માનીશ.

ગુરૂ—અબે સ્ત્રી હમારા ઇસ્ટકી રજા નહી હયે સો કોઇકુ જલાદે. જો તેરી મરજી હોય તો તેરે પતીકા ટુકડા જલાકે ખાખ કરદુ. નહિતો ફુલકા ઢગલા બના દુ નહી તો બાધ કર. ઓર પવનકે જોરસે આકાશમે ઉડાવુ નહી તો ઉસ્કો ખાખ કરકે ખા જાવું, જયસી તેરી મુરજી

વૃંદા—અરે ! ! ! આજ મુને જોગી પ્રસન થયા છે (જોગી પાસે જઇ) માહારાજ મારે તો કઇ ચીજ બનાવવી નથી ફકત મારા પતીને સજીવન કરો તો હું આપનો ઉપગાર કદી નહીં ભુલું. એ કામમાં તમને જરાયે જોર નહી આવે મેં તમારૂ પારખુ વાઘ અગલી સજીવન થયાં તે નજરે જોયુંછે.

ગુરૂ—અબે સ્ત્રી મારકે સજીવન કરે વો તો પ્રભુ હોય હમારી ગ-

તી નહી હયે.

વૃંદા—(કગરી) એ માહારાજ મેં નજરે જોયું છે ને હું તમારી દાસીછું આપના વિસ્વાસે વળગી છું. હું જાણું છું કે જગતની દોરી આપના હાથમાં છે.

ચેલો—(ગુરૂને) માહારાજ વો બીચારી અબળા કળકળતી હયે. તો આપ ઉસ્કા પતીકુ સજીબન કરો કયું કે જગતમેં આપકા આશ્રમ અભયપદ દેનેવાલા હયે. યશ લીયે.

ગુરૂ—અબે ચેલા મય તેરા બચન માનતા હું કયું કે તેને મેરી બહોત બરસસે ચાકરી કીયા હયે. અછયા લા દે કમંડળ ઓર ઉસ મરદેપર ચાદર બીછવા દે.

ચેલો—(મડદા પર ચાદર ઢાંકી) લ્યો ગુરૂજી યે કમંડળ. કમંડળ બાવો હાથમાં લઈ પાણી છાંટે છે અને મરદામાં પોતે ભગવાન પેસી સજીવન જાળંધર થાય છે. (ગુસ્સેથી).

જાળંધર—અરે માઈ સૈન કયાં ગયું (વૃંદાને) અરે સ્ત્રી તું અઘોર વનમાં આ જોગીની પાસે એકલી કયમ આવી છે શું તું સતી છે. અરે નહિ નહિ. હું રણમાં ગયો કે તું હાવાં કૃત્ય આદરે છે માટે ચાલ તારી ઘેર ગયા પુંઠે વાત છે. (દાસીને) અરે કયાં ગઈ દાસી વિજયા.

વીજયા—રાજા ધીરાજ શું આજ્ઞા છે.

જાળંધર—ચાલ રથ જોડ ઉતાવળ કર ઘેર જાવું છે. (દાસી રથ લાવે છે.)

વીજયા—લાવી પ્રથવીનાથ તૈયાર રથ છે (રથમાં બેસી ઘેર જાય છે તારે જોગીને નમે છે.

વૃંદા—જોગી માહારાજ હું આપને નમન કરૂંછું ને હવે મારે

ઘેર જાવું છું.

ગુરૂ—ચલે જાવો અબી યહાં ખડે નહી રહેના કયું કે હમારેકુ સંસારકી માયા લગ જાયગી.

સરવે જણુ વીદાય થાય છે કારમો બાગ અલોપ થાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—રસ્તો.

વૃંદા—પ્રાણુનાથ હું આપની શોધ લેવા નીકળી હતી માટે માફ કરજો પણ સ્વામીનાથ આપે દેવની સામા યુધ કેવી રીત્યે કરયું તે તો કહો.

જાળંધર—અરે સતી મારા ભયથી શંકર નાશી કૈલાસે જતો રહયો ને સરવ દેવ પણુ નાશી ગયા. તું જ્યાર સુધી સત્ય નહી ચુકે ત્યાં લગી હું કોઇથી જીતાવાનો નથી પણુ હજૂ મુને એમ થાય છે કે ફરી સગ્રામ કરવા જાઉં.)જાવાનું કરેછે

વૃંદા—(જાળંધરનો હાથ પકડી) ના મારા નાથ તમે હવેથી જાવો તો તમને મારા સમ છે હું તમને ખોળા પાથરીને કહુ છુ કે હવે ના જશો. (રથ ચાલી મથુરાં નગ્રે જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—મથુરાં નગ્ર.

(ચંદન પુસ્પ લઇ નગ્રની સખીયો વધાવા આવે છે રથથી રાજા દેહ ઉતરે છે).

સખીયો— ગાયન.

જુવો પીતાજી નજર કરીને બાગ આ સુંદર. એ રાગ.

આજ સખી ઓછવનો દીન છે, ઘણે દાહાડે ઘેર આવ્યા છે રાજા.

કુમ કુમ કેશર અગર ચંન્દનથી, અબીર ગુલાલ ઉડાવો ઝાઝા.
શત્રુ કેરી સૈન સંધારી, આવે ઘેર મળી નરને નારી;
વારે વારે શખી જાવોને વારી, લક્ષણવંતીયો રાખો મલાજા.

જાળંધર—(નામ દઇ સખીયોને કૃતવી જાળંધર બોલાવે છે.) અલી માલતી અલી ભાનુમતી તમો સર્વ ખુશીમાંતો ખરાં. બાલબચ્ચાં સાજા તાજા છે કે નહિ.

ભાનુમતી—માહારાજ તમ દીઠે અહી સઉ આનંદના દીન છે.

(સર્વ જાય છે).

જાળંધર—અલી વીજેનંદા હું થાકેલો છું માટે મારે માટે ઉનું પાણી નાહાવા લાવ્ય.

વીજેનંદા—લાવી પ્રથીનાથ (ત્રાંબાની કુંડીમાં ભરી લાવે છે બાજઠ ઢાળે છે તે ઉપર બેશી જાળંધર નાહાય છે વૃંદા બરડો ચોળે છે, તારે કપટી રૂપ હોવાથી વૃંદા.

વૃંદા—(નવરાવતા) પ્રાણનાથ ક્યો હું તમને ચોળીને નવડાવું.

(રૂપ જુવે છે)

જાળંધર પીતાંબર પેહેરી ઘરમાં જમવા બેસે છે પણ જમ્યા સીવાય બેસી રહે છે;

વૃંદા—સ્વામીનાથ કેમ બેશી રહયા છો જમોકેને.

જાળંધર—અરે સતી જાણીતા થઇને અજાણ્યા કયેમ થાવો છો, પેહેલાં સ્ત્રીના હાથના પાંચ ગ્રાસ લે તો તે પ્રમાણે વૃંદાયે મોંમાં ઘાલ્યા તારે ખાધુ ઉઠીને

વૃંદા—પતી આપ બહુ હઠીલા છો.

જાળંધર—સતી હવે પાનનું બીડુ લાવ્ય (આપે છે.) હવે પલંગ

પાથરો મુને ઘણા દિવસથી નીંદ્રા ભરાયેલી છે માટે જટકર.

વૃંદા—પાથરૂછુ સ્વામીનાથ (પાપરીને) લ્યો પ્રાણનાથ પોહોડો.

જાળંધર સુવાથી વૃંદા એક બાજુ ઉભી રહી રૂપ નીરખે છે રૂપમાં ખામી હોવાથી.

જાળંધર—અરે સ્ત્રી કેમ ઉભી રહી છે ચાલ મારા પગ દબાવ્ય.

વૃંદા—હે સ્વામી તૈયાર છુ (પગ દબાવતાં) પ્રાણનાથ હું એક વાત પુછુછુ તેનો આપને સંદેહ ન લાવવો હો.

જાળંધર—મધુર વદની સ્યુ કહે છે બોલ તારાપર હું રીશ નહી લાવુ.

વૃંદા—પતી મે આપને નવરાવ્યા ત્યારથી મને આપના રૂપમાં ખામી લાગે છે માટે એ શો ચમત્કાર હસ્યે.

જાળંધર—રે પ્રીયા મે ઘણો શ્રમ કરેલો છે તેથી ચેહેરો જરા ફીકો માલમ પડતો હસ્યે.

વૃંદા—પ્રાણપતી આજ કઇ જાણે મારી બુધ્ધી ફરી કે હું બેભાન બની ગઇ છુ પતી આ પ્રથવીપર શંકર, બ્રહ્મા, વીશ્નુ સર્વ દેવોયેતો જગતપીતાને તોલે છે જો આપ કોઇ દેવ હો ને કપટ કરી મનમથ તાકતા હોતો તમારા માથે વીસ્વ વીઘાનુ પાપ છે. કોઇનાથી હું ન છેતરાઉ પણ એક વીશ્નુના ઠાગે ઠગાવુ. માટે જો હરી હોતો ધર્મ ન હારસ્યો હુંતો પ્રભુને પુત્રી બરોબર છુ (જાળંધર ગુસ્સો કરે છે)

જાળંધર—અરે ચંડાળ સ્ત્રી શું તુ હાવુ દુષ્ટ ભાષણ કાહાડે છે કેમ તુ જાણતી નથી કે હું તારો પતીછુ તારા બાપને બીક લાગવાથી તારો વીહીવા મારી શાથે કરયો ને રાજ પણ આ

પ્યુ. હું જ્યારે રણમાં જાતો હતો તારે તે મારા કંઠમાં પુ સ્પની માળા ધાલ્લી હતી તે ફુલ ૩૬૦ હતાં તે જો સંભાળ આ એજ હાર છે ફુલ ગણી વાળ (માળા કાઢી વૃંદાને આ પે છે.)

વૃંદા—(માળા હાથ લઈ) ક્ષમા કરો પતી આજ કંઇ મુને ખા ધામાં ચીજ આવેલી તેથી હું ચુકથી બેલુંછું હવે આપ સુઈ રહો. (સુવેછે ભોગ કરે છે.)

——:o:——

અંક ૬ ઠો.

પ્રવેશ ૧ લો.

આગલ્યુ જંગલ.

જાળંધર — ગાયન ગજલ.

(ગમરધને) હાય હાય મેરે ભાઇ. એ રાગ.
કરો સાહાય કૃપાનીધાન. ટેક.
બગડી છે દસ્યા માહરી, વંજ્યુ વેર એ ભગવાન. કરો.
ફરકેછે લોચન માહરૂં; ફટકી જશે મુજ પ્રાણ બની ગયો હયેવાન.
તૈયાર થાતાં છીક થાય છે તડાતડ જાણ. કરો.
કઈ કળકળી ભૈરવ વદેછેરે નઠારી વાણ, કંપે કર ધરેલાં બાણ;
સીર બાજતો સપાટા દેછે, ઝાંખો લાગે ભાણ. કરો.

જાળધર—હે ભગવાન આજ હું બચુ તેમ લાગતું નથી ખરાબુંક ડી દક્ષાણ બોલે છે. જોગણી ખપર ભરેલી હું નજરે ભાળુંછુ અરેરે હાવા સુકનથી કંઇ જરૂર વીઘન થશે માહરે હવે શું કરવું.

પ્રધાન—માહારાજ આપ આટલી ચીંતા શા માટે કરોછો ભાવી કાળનાં હસ્યે તે બનશે ચાલો હવે દુસ્મન પરાજય કરીયે.

જાળંધર—અરે પણ આજના સુકન જોતાં હે પ્રધાન મારી સ્ત્રી સત્ય ચુકી હસ્યે (મનમાં) અરે પણ મારી પાસે સત્ય ચુક્યાનું પારખુ છે કે જે મારી કંઠમાં માળા છે તેનું ફુલ ૧ એક પણ કરમાય તો જાણવું કે વૃંદા સત્ય ચુકી માટે લાવ્ય હું જોવુ (માળા કાઢી જુવે છે) અરે ઇસ્વર આ કુસુમ કોઈદી નહી કરમાતાં તે આજ સુકાંણાં માટે જરૂર મારી સ્ત્રી સત્ય ચુકી (પોતાને) અરે ધીકાર છે મુને કે હું સ્ત્રીનુ કહેવુ માની લડવા માટે આવ્યો. પણ ખરે હવેથી મારી સ્ત્રી ને મે જારણી જાણી, મારો જગતમાં બોજ ઘટાડયો (હેઠો પડે છે.)

પ્રધાન—માહારાજ આપ કેમ ગભરાઇ જાવોછો સાવધ થાવો (બેઠો કરે છે.)

જાળંધર—અરે પ્રધાન આજથી કોઇ સ્ત્રીના વીશ્વાસે ના રહેતા કેમકે અગની, સ્ત્રી, સરપ, સોનાર, ચોર, પારચા, જળ, આટલાના વીશ્વાસ કરનાર ઘણા દુખી પાત્ર થશે પ્રધાન હવે જો નાસી જઇયેતો જગતમાં હાંસી થાય કે સ્યે હીમતવાન હારયો માટે હવે સ્યુ કરવું.

પ્રધાન—માહારાજ જ્યાં સુધી હમારા ખોળીયામાં પ્રાણ છે તાં સુધી એક પણ શસ્ત્ર નહી અડવા દૈયે.

સેનાપતી—માહારાજ આપનેતો ખપજ પડવા દેસુ નહી. દુસ્મનને ઠાર કરીસ્યુ.

વીદૃષક—વાહ ખરો ઉતર કાપી કાપી ચાર કરીસ્યુ. અરે તમે સ્યુ કરસ્યો તમારી તે વાહાર કેવી જોરયે. જેમ સીયાળાની ડોસી ફોસી જવારયાની વાડ ફોસી. ધણી ધણીયાણીની લડવાડ ફોસી આકડાનુ વન ફોસી હે વાતમાં ફોસીયાથી સુ થવાનુછે.

સેનાપતી—અરે વીદુષક બકવા કયેમ કરે છે અહીયાં બકવાનુ કામ નથી અરે સેનાપતી રંગ છે પણુ એક મુને કહોતો ખરા કે આપ પુંઠના ખાસ્યો કે છાતીના ખાસ્યો.

સેનાપતી—અલ્યા પુંઠના ને વળી છાતીના તે સ્યુ.

વીદુસક—સામે રહી લડે તો સંગ્રામ ને પુંઠે રહે તો ડાહામ.

સેનાપતી—અરે ચાલ ચાલ દુર જા તારાથી સુ થવાનુ છે.

વીદુષક—ખાવા લાડુ બોલવુ આડુ લડાઇના માથે મારીયે ઝાડુ કોઇ મુને મારવા આવે તો બોમ પાડુ. જમવા જાવુ તાં જ જમાનનુ ઘર કાહાડુ. હાવો હુ બાહાદુરછુ તમે સ્યુ જાણો.

જાળંધર—અરે ભાઇ વીદુસક મારૂ મન ઉદાસ થયુ હતુ પણુ તે ગંમત કરી મુને બહુ ખુસી કરયો છે, હવે મારા જબરા યોધ્ધાઓ તૈયાર થાવો.

પ્રધાન—બહુ સારૂ માહારાજ, સૈન તૈયારછે (જાયછે,

પ્રવેશ ૨ જો.

કટ જંગલ. સંગ્રામ.

જાળંધર—(પ્રવેશી) બેત.

ચાલ વેહેલો ચેત. અલ્યા જટીલ જોગી આજ.
સહન કર આ સરજે મારો, નહી રહે તારી લાજ.

 એત.

શંકર—વેહેલો થાજે વીર, હવે આવ્યું તારૂ મર્ણ;
માર્ગી કાપી કટકા કરીને, નાખુ તુને હું ધર્ણ.
ખુબ સગ્રામ થવાથી દેવ હારેછે એકાંતમાં જઇ એક એકને કહેછે.

બ્રહ્મા.—સંભુ હવેતો માર ખમાતો નથી.મારે લડવું નથી લ્યો હું રાજીનામુ આપુછું. મુને સ્ત્રીપાસે જવા દીયો.જો મુને રજા નહી આપોતો હું છાનો માનો નાસી જઇશ, પછે તમારી હાંસી થશે.

શંકર—અરે ભાઇ ધીરજ રાખો આમ કયેમ ગભરાવોછો.

બ્રહ્મા—હા ભાઇ હા જોયો પેલો ગીરધારી લડવું પડયું એટલે કેવ લાગ તાકીને નાસી ગયો, તારે હવે હમે સ્યો ગુનો કરયો છે.

ઈંદ્ર--અરે ભાઇ હવે આપણ ક્રોધ કરી સામટા જઇયે ચાલો.

બ્રહ્મા--ના ભાઇ ના એટલી હત્યા કોણ લે.

ઇંદ્ર—અરે વડી એમાં પાપ સ્યાનું છે હેબ્રહ્મા આમ વાતો કરે નહી ચાલે અને વેદ ભણે ભુખ ન ભાગે અહી જ્ઞાનનું કામ નથી હુતો તમને જાણુતો કે આપ બળવાનછો પણ તમોતો બહુ કાયર છો.

જાળ ધરના નજદીક જઇ

ગાયન.

શંકર—

ગંભકી ખ્માજી એ રાગ

કયાં જઇ પેઠો કપટી, આવજે બીજી વાર ચેતી ચટ ચટ;
અરે મર્ણ તુજ નજીક આવ્યું, નહી ફાવે તારી લટ પટ.

દાહરો.

રમણું તો કરી, શર્ણ જા હરી;
તુ તારી તરવારી, જીતીને જશ ભારી;
લે વાત સુધારી, શું થાય ગંભ ખ્માજી. કયાં.

જાળંધર— ઉપરનો.

લેતો જાને લવરી કુતો, ગદાયે મારૂં હું ગટ ગટ;
બાળવંતાં આ બાણુજ મારાં, છુટેછે જોને છટ છટ.

દાહરો.

દાસમાં નહી ડરૂં, સૌ સૈન સંહરૂં;
તારી સુધારેલી, સૈનાને મારી હું.
વારી તું રાખે પણ, મારીને નાખીસ્યુ

ઘણી લડાઇ થાયછે જાળંધર મોરછા ખાઇ પડેછે બધા દેવ ફુલેછે.

બ્રહમા—વાહ મેં કેવો મારયો છે;

ઇંદ્ર—અરે ચાલો ચાલો બ્રહમા એતો મેં મારયો છે

વીદુષક—વાહરે ફુલણજીવાહ. બધાયે ધાડ મારે તેવા મળેલ છે હમણાંજો મારા રાજા ઉઠીને જરા ખુખારો કરે તો કોઇ કુવાકે વાવ તળાવ હ વાડા ઢુંડતા ફરે. પણ ખરે મારો રાજા મુવાકે સ્યુ (જુવેછે)

જાળંધર—(બેઠોથઇ) બેત

ફુલો છો શું ફોકટ તમે ફરી જુવો મુજ હાથ;
કયાં ગયો લ્યા જટીલ જોગી ભૃંગી ભોળાનાથ.

શંકર— બેત.

દુષ્ટ દગાખોર હવે સમરણ કર તુજ દેવ;
મૃત્યુ આવ્યું ઢુકડું કરી લેને તેની સેવ.

જાળંધર—(ગભરાઇને) અરે ઇશ્વર મારૂં મોત મારી નજરે ફરે છે જોગણી ઝપાટા દઇ રહી છે હે વિનતા પાપણી તેં મુને દગો દીધો (શંકરે કાળ વજ્રનું બાણ મારી મુસ્તક કાપ્યું તે મધુરામાં વૃંદા પાસે ગયું.

——:o:——

अंक ७ मो.

પ્રવેશ ૧ લો.

રંગ મેહેલ.

વૃંદા—ભગવાન વૃંદા સુતેલાં હતાં તાં જાળંધરનું મુસ્તક આવી પડવાથી વૃંદા જાગી અરેરે ઇશ્વર આ શો ચમત્કાર હાય હા ચરે ઓગરે મારા પતીનું મુસ્તક અરે ઇશ્વર તે આશું કર્યું. (મુસ્તક ખોળામાં લઇ)

ગજલ દાદરા.

અમની વીના આ ખોળીયુ—એ રાગ.

ઓના ચીતવ્યું આ દુખ અરે કયાંથી આવીયું;
સ્વામીનાથ કેરૂ શીશ અહીં કોણ લાવીયું.
કોણ કપટી પલંગ પર પડ્યો, મુને ભ્રષ્ટતો કરી.
તમ દેહ ધરી નાથ સતી આજ છેતરી.
ભુંડા ભાગ્યની હું ભામ મુને મેલી તો ગયા;
નથી બોલતા હો નાથ, કયમ કપટીરે થયા.
પીડા પ્રેમની વાલાનું વદન દરસીને બળુ;
હવે સ્વામી હું કીયે સ્થળે, મન મોહનને મળુ.
દુખ દોહલુ વીકટ વીયોગનુ નહી મટે;
નમેરા થવુ ઓ નાથ તમને નહી ઘટે.
શ્વાસ લાવસ્યો ન બળતી બોલુ હું બેભાનમાં;
મુને મુકી મારા નાથ રઝળતી હો રાનમાં.

વૃંદા—અરે સ્વામીનાથ આપને કોને મારયા અને આ કોણ કપટી

પલંગપર પડેલો છે તે નજર કરી જુવો હે સ્વામી હું વીરહ ને વશ થઇ તેથી મુને આ અપરાધ નડયો. હે પતી હવે મા રૂ પણ પાનુ આપના ભેગુ સોંપી મુકજયો અરે હું દગો ન જાણતાં પરપુરૂસ સાથે રમી મારા જીવતરને ધીકાર છે અરે હું મારી આ આંખે આપને આવતા કયારે જોઇસ (ભગવાનને) અરે દુસ્ટ દગાખોર તું કોણ છે ગણ ગાંધ્રવ યક્ષ કીનર દેવ કે માણુસ જે હોય તે મુને કહી દે નહી તો તુંને શ્રાપ દઇ બાળી પ્રલયકાળ કરીસ (ભગવાન ધ્રુજે છે)

કૃશ્ન—(જાગી ઉઠીને) અરે હું સાક્ષાતકાર વીશ્નુ ઓળખજે.

વૃંદા—(છુટી લટે) વીશ્નુ આપને મુને ભ્રષ્ટ કરવી ના ઘટે કેમ કે તમો જગતના રક્ષણ કરનાર થઇ જેમ ઉછરતુ બાળ માતા મારે આંબાનુ ફળ આંબો ખાય, પ્યાલાનુ પાણી પ્યાલુજ પીયે તારે તેનુ રક્ષણકાર કોણ થાય તમારે દહીત મારવાના અનેક ઉપાય હતા તમારી કટાક્ષે કાળ કંપે છે તો દહીતનો શો ભાર.

કૃશ્ન--જો આ પ્રમાણે દહીતોને હું જીવતા મુકુતો પ્રથવી કસ્ટ પામે મુજ ભગત કષ્ટ પામે માટે મારવો પડયો. બ્રહ્માનુ વરદાન હતુ કે તુ સત્ય ચુકે તારે તે દહીત મરે માટેજ આ કૃત્ય કરવુ પડયુ.

વૃંદા—

ગાયન ભેરવી.

કરઅટ વાલે નંદે   એ રાગ.

કપટ કરયુ હાવુ કૃશ્ન મોરારી;
લોકમાં થઇ હાયારી. કપટ. ટેક.

પ્રભુ ભ્રષ્ટ પોતે થસ્યો જ્યારે આંહી.
ભ્રષ્ટ થાસ્યે નર નારી. કપટ.
વળી કાયદો તુટસ્યે વેદનો આ;
વચનહી માને વીચારી. કપટ.
છળે છેતરી મેતો રાખ્યો ભરૂંસો;
લાહાવ રયુ મળ્યોસ્તુ લાચારી. કપટ.

વીશ્નુ આપના કૃત્યનો હું આપને શ્રાપ આપુસ્તુ મુને જોગીના વેશે છળ કરયો માટે તમારી સ્રીને કોઇ જોગી હરણુ કર જ્યો તમારી બુદ્ધી જડ થઇ માટે આપ પથર થઇ પડજો.

કૃશ્ન—વૃંદા તે મુને શ્રાપ દઇ સલ્વા રૂપ કરયો તો હું તને હેવો શ્રાપ દઉછુકે વગડામાં તું વૃક્ષ રૂપ થજે હે સ્રી પથર તો કામમાં પણ લાગસે પણ તુને તો ચતુરાયો ચુલામાં બાળસે.

વૃંદા—વીસ્વનાથ મે અપરાધ કરયો તમને શ્રાપ દીધો પણ આખુ જગત આપને પુજસ્યે હે પ્રભુ મારો અનુગ્રહ કઇ કરો મારા અપરાધ સામુ ન જોતાં આપે સ્રી વરીકે મુને ભોગવી માટે ક્ષમા કરો.

કૃશ્ન—વૃંદા મે તુને ભોગવી માટે તુને અનુગ્રહ કરૂછુ કે તુ તુળસીનુ વૃક્ષ થજે ને હું ગન્ડકીપુત્ર સાલીગ્રામ થઇ તારી આશા પરીપુર્ણ કરીશ આ લે મારૂ વચન છે (અ પેછે) હું તુને કહુછુ કે આજથી તારૂ પત્ર ૧ પણ મારા થાળમાં નહી હોય તો હું નહી આરોગુ વળી તારા પત્રનો હાર કરી બ્રાહ્મણની કંઠમાં ધારણુ કરશ્ય તો તેને સોનાની માળા આપાસલે મારૂ વચન

છે (આપેછે.)

વૃંદા—શ્રી કૃશ્ન હવે હું મારા પતી ભેગી બળી ગઇછુ

કૃશ્ન—બહુ સારૂ તારે ચાલ હું પણ તારા સાથે આવુછું (પુસ્તક લઇ જાય છે.)

પ્રવેશ ૨ જો.

જંગલ.

સતીની ચે ખડકાય છે દેવ વાજા વાગે છે સુકને બાહાર કહાડેછે.

શંકર—ધંન્ય છે ભગવાન તમારી કળાને કોઇ પોચતુ નથી.

બ્રહ્મા—હે પ્રભુ શ્યો ઇન્નાજ કરી છેતરી.

કૃશ્ન—ભાઇ જોગીનુ રૂપ લેવુ પડયુ સ્યું કરીયે.

વીદુશક—વાહ ભગવાનનુ સ્યુ કહેવુ જોગીમાંથી ભોગી ભોગીમાંથી જોગી એમના વાદ ન લેવાય મે એક વખત ત્રણ દહાડા જોગ લીધો હતો મુને ખાવાના ફાકા પડ્યા તારે મારા સરીરમાં રોગ થયો માટે આપણુતો સંસારીજ સારા બલ્યો જોમ.

કૃશ્ન—અરે સંકર હવે પેલા શુકરને બાહાર કાહાડો.

શંકર—અરે માગ્રી પ્રગટ કરેલી રાક્ષસી આમ આવ (પ્રવેસ કરી)

રાક્ષસી—ઓ ઓ મુને કયેમ સંભારી.

શંકર—લાવ્ય પેલા સુક્રાચારીયને બાહાર કાહાડ

રાક્ષસી—બહુ સારૂ માહારાજ. ઓ ઓ કરીને કાહાડે છે.

સુકર—(બાહાર નીકળી) માહારાજ મેં સરવ દેવનો અપરાધ કર્યો માટે આપને નમન કરી ક્ષમા માગુ છુ.

કૃશ્ન—સુખી રહો સુકર સુખી રહો,

બોસ—(ચીતાંમાં પ્રવેશી) હે સજન પુરૂશો આ પ્રમાણે મારૂ શીયળ વ્રત ભંગ થવાથી મારો પતી મુવો તેથી હું અપરાધ પણ થઇ વળી બળવું પણ પડયું માટે સ્ત્રીના ધર્મ મુખ્ય શીયળ સાચવવાને છે હાનુ કોઇ સ્ત્રી સત્ય ચુકશે તો હાનુ કષ્ટ ભોગવશે હો સે.ખીલા સજનો તમને મારા નમસ્કાર છે.

(બળે છે.)

ઇંદ્ર—મેં ઘણો અહંકાર કર્યો કે જેથી દેવને પણ કષ્ટ પડ્યું માટે હે રાજન પુરૂસો અહંકાર છે તે પણ પાપનું મુળ છે.

કૃશ્ન—ભગવાનનાં ચરીત્ર અટપટા છે એમ ન સમજવું કે ભગવાને અંપટપણું કર્યું એતે. એક લીલા છે જે એવું ન કરે તો દહીતને લીધે ભકત દેવ મુની પીડાય માટે આવું જોઇ કોઇને ન કરવું.

વીદુશક—નાટક જોઇ નફટ ના થવું જ્ઞાન ગ્રહણ કરવું એક પેદા કરવું. એક ખાવું નાહાવું ઉઘવું ભગવાનનું ભજન કરવું એજ, સરરરરરરર.

સર્વ પાત્રો:— ગાયન.

સહુ સભા જનો ઉપગાર આપનો એ રાગ.
પ્રણામ પ્રણામ પ્રણામ સઉ લોકને પ્રણામ.
પુર્ણ થયો ખેલ ખુબ તરફથી રામ રામ.
ઘણી ગોઠવણી ગીરધારીયે કરી પ્રથવીની માંય.
સતીનું સત્ય ચુકાવ્યું શ્રીજી છળ કરી છેતરી જ્યાંય. પ્ર.
અભીમાન ઉતરયું ઇંદરનું પામ્યો ઘણું પરીતાપ;

જમરો જળંધર યોધો તે પ્રગટયો પ્રથવી આપ. પ્ર.
તરૂણી તુળશી રૂપ થઇને વીસ્નુ સાલીગ્રામ;
ચરીત્ર ચત્રુભુજ તણાં છે અટપટાં આ ઠામ. પ્ર.
કામ ક્રોધને મદ મછરથી રહેવું ધણું એક દૂર.
દાન દયાને દીનતા રાખવી આ ભવમાં ભરપુર. પ્ર.
સરસ સત્ય ગુણુસાગર મંડળી અરજ કરે છે આપ;
ખેલગમાં ખામી રહી હોય તો કરવી સઉને માફ. પ્ર.
વૈશ્નવ ધર્મી વ્યાસ અટક છે વળી સુંઢીયા ગામ;
વીશ્વામીત્રી ગોત્ર છે મારૂં કાસીરામ મુજ નામ. પ્ર.
કાળીની કૃપા વડે આ કીધું નાટક જાણ.
જયશ્રી કૃશ્ન જય શ્રી કૃશ્ન જય શ્રીકૃશ્ન સઉનેછે પ્રણામ.પ્ર.

પ્રવેશ ૧ લો.

સ્થળ--રસ્તો.

ગપીશંકર--અલ્યા રેવણીદાહ તું મેમાઈથી ચાણે આવે.

રેવણીદા—પરં ફેલેદારે ને એ તન દારા થા,

ગપાશંકર--તે ભીયા મેમાઈ ચેવીસે એતો મને કે.

રેવણાદા--ઇની ભુના ભાઇ મારૂ હું તો મેમાઇ જ્યોકેની ઓ ભુ-લેસરમાં જ્યોતો કાચનાં હાલ્લાં લટકાવેલ્લાં હતાં ને દરહણુ કરીને બાયણે નેકળ્યો એટલે તો ઘોડા ગાલાં તાણેને ઘરાં ઉપર ચહાયેલાં ને ભેતે આંગળી દીજે એટલે તો ધડ ધડ ધડ ધડ મુતરે અને ચુલ્લામાં હલ્લતું. વાહરે મેમાઇ વાહ ! !

ગપીશંકર—અને તુ સાટક જોવા જ્યોતો કે ને તાં પેલા ભેમણ નો સીયો નાચતે ભારયો તો કે.

રેવણીદ—હઆં ભીયા હઆં જબરૂ સાટક થાય છે પણ આજ આપણા ગામમાં પેલુ સીયુ સાટક કરે છે એ જોવા હડો.

(જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ગામ

નાટક થાયછે ત્યાં મારતર થીયેટરમાં બેસી ટીકટો આપેછે સર્વ લોક ભરાણું છે.

માસ્તર—ચાલો ભાઇ ચાલો એક ટીકીટના બે બે આના સુધી ને સફરી (ઇસારાથી બતાવીં) જુવો આ ખેલ શરૂ થવા થાય છે બહુ રમોજી જોવા લાયક છે ચાલો.

રામદા—(નાટકના સ્ટેજ જોઇ) અધધધ અધધધ બીયા જુવો તો ખરા કસોરદા પેલુ હાંમુ હુ (હાથ વતી બતાવીં) હાવકુ બધુ લટકાવેલું હશે. હીમાં આપણુ બવા જણુાઇયે સીયે.

કસોરદા—ઇની ઘુરે પયણુ કારે બારથી ઝયાં ઝયાં જણુાયસે તાણે માંઇ જાહુ એટલોતો એહ. (માસ્તરને) એ માહતર સાબ પેલુ હુ લટકેસે. અને તમે હું આલોછો.

માસ્તર—અયે સ્ટુપીડ રાસ્કેલ ગધ્ધા કાયકુ બકવા કરતાહગે.

રામદા—એની રાણુની ભરાંમણુ જોકેની ખળાં માગતે માગતે ફાટી જયુસે આલતુ હોય તો આલકે સાંનુ માનુ મારે ના ટક જોતું છે.

માસ્તર—પૈસા કાહાડ. (આપે છે) લે ટીકીટ (ટીકીટ લેઇ નાટક માં જાય છે.)

હરમચંદ—માસટડ સાબ ટીકટનું હું થાયસે.

માસ્તર—બે બે આના એક માણુસના થશે. ફશકલાસના ને થડ કલાસનો એક આનો.

હરમચંદ—બે થડ બડમો ટો હું હમજતો નહી પણુ માંડી પાછે

એ પૈસા સે ટેમાં હુને ગાડી દીવાડીને ગાડા લહુવો ટઇને જણાં આવીયે ટમાડે પડવેડશે.

માસ્તર—સાત પૈસા કાહાડ (પૈસા આપે છે) લે ટીકટ લે છે. માણસની ગરદી થઇ છે ને અન્યો અન્ય વાતો કરે છે ઇટે જ બારણે.

શ્યામકોર—અલી મણક તારે નાટક જોવું છે કે.

માણક—નાટકમાં શું જોવુ છે હેડ કે વેલી બાયડી માય છે લો જોવા જઇએ.

શ્યામકોર—લે હેડ તારે હેડ આપણ જોઇ આવીયે તો ખરાં જાયછે.

પ્રવેશ ૩ જો.

રસ્તો.

ગરબા ગવાય છે.

બાયડી— ગરબી.

રૂમઝુમ રૂમઝુમ વાજેરે, છોટી લાડીનો વેહુવો;
વેહુવો પેહેરીને હું તો સસરા ઘેર ગઇતી,
સાસુડી મો મચકોરયાંરે છોતી લારીનો વેહુવો.
વેહુવો પેરીને હુંતો દીયર ઘેર ગઇતી
દેરાની મો મચકોરયાંરે, છોતી લારીનો વેહુવો;
વેહુવો પેરીને હુતો જેથ, ઘેર ગઇતી.
જેથાની મો મચકોરયાંરે, છોતી લારીનો વેહુવો.

૧ લો વાણીયો—વાહડે વાહ ઇનુ ડુપતો જુવો જાણેરે ચંદડગાનું બચોડીયુ જાણે આભલાની વીજડી.

૨ વાણીયો—જડા ઓખનો ગાડી જુવો.

૩ વાણીયો—હું હું આં આં (ખુંખારા કરે છે)

૬ બ્રામણ—અલ્યા બેવકુફો આ સ્યું કરોછો નીચવરણની અછુતી છે તેના સામા ઇસારા સ્યાના કરોછો તમો ઉત્યમ ખોળીયે ડાઘ લગાડવાના થયા.

૧ વાણીયો—હુ લુચ્ચો ટાડો બાપ લુચ્ચો મેડ ઠાંડના અમે ચારુ આંખ્યો માડીયે છીયે હમાડે તો મા જેટલે છે અમસ્ટી કડીયે છીયે.

૨ વાણીયો—મા બા તો કોઇ ને એટા જુડો છે.

૧ બ્રામણ—અલ્યા લુચ્યા આતે મારૂ મારે કોક બનાવવુ પડસે

૩ વાણીયો—બનાવજે જાદુ નાં બનાવેટા ટને ભડમ હત્યા છે,

૧ બ્રામણ— ગાયન.

વાયરે પાણીમે ધુમચા મચાયા એ રાગ.

હાયરે દુનીયા થઇ છે દીવાની,
જબરા લોકે ન જાળવી જવાની. રે હાય. ટેક.
ગાય ગરબા બીચ્યારી નારી,
પડે પુંઠળ તે ઘોરા ખુંખારી,
નીશ્ચે માનો તે વાત છે નઠારી. રે હાય. ૧
કરે આંખ્યો તણારે હુલારાળા,
ચતુરાને બનાવે છે ચાળા.
જાણુયે છૈયે હમે જ્યાદવાળા. રે હાય. ૨
દાંત પીસેને મસ્કરીઓ કરતા,
દુસ્ટ જમના મારોથી ન ડરતા.
પ્રેમદાઓની પુંઠળ ફરતા. રે હાય. ૩

દોહરો.

અચળ રહો અવની મહીં, સુરજમલ સીરતાજ;
વરસોડાના વાસી જે, મહીકાંઠા માહારાજ.
કરણ સમાન કલ્યાંણ તો, જોતે જોતે થાય.
કાસીરામની વીનતી, ધરજ્યો રૂદયે રાય.

૧ વાણીયો—ગજબ કડયો ને ધડ ધાલ્યાં કડો ફરીયાદ.
૨ વાણીયો—હડો ફોજદાડ સ્યાબ પાહે (જાય છે)
સામકોર—અલી માણક ચાલ ચાલ ગરબીમાંતો ભંગાણ પડયુ નાટક જોવા ચાલ (જાય છે) નાટક થાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ગામ.

નાટકનું સ્ટેજ.

ઇંદ્ર સભા રાગ.

ઇંદ્ર— ગાયન.

રાજાછું હુંકોમનો ને ઇંદર મારૂં નામ;
વીના પરીયો દરસણ વીના નહી મુને આરામ.
સાંભળો કાળા દેવરે તમે મારી એક વાત;
જગમગ તખત બીછાવો મારૂ બેસુ હું વીખ્યાત.

પોકરાજપરી— ગાયન.

ગાવુછુ વળી નાચુછુ આ કામ છે માહારૂ;
આકાસની પોકરાજપરી નામ છે માહારૂ.
ફંદામાંથી કોઇ મારા નીકળવા નહી પામે.
કામદેવ કેરાં બાણ, ઝુવર દામ છે માહારૂ.

કસોરદા—જો કે લ્યા રામદા પેમા નાયકનો સોકરો અંદર યયો

સે ને વડી જોશી ગોતે ગોતે અધર ચડીને બેઠાસે.

રામદા—અને હે કસોરદા મારાં બેટાં મુઢે હું ચોપડતાં હસ્યે કે મુઢેથી ભુરાં ભટાક થઇ જાયસે.

કસોરદા—આ મુળચંદનુ સીયુ નાચે સે ઇને પોએ હાચુકલી ફુટો હસે. (માસ્તર ડંડો લઇ ફીડાવી પડતો પાડે છે.

માસ્તર—નીકલ જાવો બાહાર નાટક હો ચુકા (જાય છે)

પ્રવેશ ૫ મો.

રસ્તો.

ગીરધારીલાલ—અલ્યા મુળચંદ પંડયા કાલ નાટક જોવા ગયો હ તો કે સ્યુ

મુળચંદ પંડયો—હા ભાઇ હા પેલા નરસીરામ વાહના સીયાગે કરયુ એ કેને હુંતો જયો એટલે મારો બેટો જનાદી વનાતો પેહેવાજ દેતો નથી ને પેલાં મીઇને જનાદી આલ્યા એટલે મારા હાથમાં ચીટોક આલ્યુ એ ચીટોક હાથમાં લઇને ના ટક જોવા જયોતો.

પ્રેમશંકર—ચાટકમાં હું જોતુંતુ મે મેમાઇમાં ઘણાયે જોયાસે પ- ણ લાટકમાં ઓળાવળો ને વટલી મરવાનું છે.

ધનોપંડયો—ઇમ ચમ કોસો કોઇ તમારાથી ચાટક થવાનું છે.

પ્રેમસંકર—હુ ભીયા તમે પણ હેવા છો કે આપણી નાતનાં સીયાં લાટક કરે ને તમે જોવા જાવો એ કંઇ બનવાનું નથી કરો નાત ભેગી ને મુકો નાત બાહાર ચાટક કરી કરીને વટલી મરયાં.

સુખો રાવળ—ઠીક ભીયા ત્યારે હું શુકલને કુછુ ને નાત ભેગી કરાવું છુ (જાય છે શુકલને બોલાવી નાત ભેગી કરે છે.)

પ્રવેશ ૬ ઠો.

ચબુતરો.

સુકલ—માહારાજે મારે નાતને વીનંતી કરવાની કે પેલા નરસીરામ બ્યાસનો છોકરો નાટક કરેસે માટે સઉ નાત તેને નાત બહાર મુકવા ભેગી થઇ છે.

જેઠો પંડયો—અમાંને માલમ સે કે નાત ભેગી થઇ છે મુકો ઇનું ઠીકરૂ કોરે મારૂ એટુ વચણ પાર જતુ રહ્યું.

શામળ પંડયો—હોવે ભીયા મસલમાન ને તરગાળાને ભેગા કરેસેને નાચે છે.

મુળચંદ પં૦—પણ ભાઇ લાટોચતો ઠીક કરેસે મારે એટ બાંધ્યું સેતો બારથી જગાં જગાં ને માંઇ જયા એટલે તો એહહહ.

રણછોડ રાવળ—હવે મુકો કે પંચાત ને ઠોબરૂ કોરે મુક્યું કે નીરાંત.

ચકુ વ્યાસ—નાટકમાં વટલી મરવાનું હોતુ નથી તમે શું બકોછો નાટકમાં સૌ સૌને ખપતી ચીજો જુદી રહે છે અને રસોઇયો પણ જુદોજ હોય છે તેને નાત બહાર ન મુકાય કદાચીત તે માજીસ્રેટની કોરટમાં ફરીયાદ કરશે તો તમે સઉ મારા જશો

મુળચંદ—હા ? ! ? હા તે ફરીયાદ કરશે તો ચકેરોમાં જાઉ ને કેહુ કે મુહે એ તો ન સાંટો કરતા હતા ન બાયડીના લુગડાં પેહેરયાં હતાં ન નાચતા હતા કોને કીશોર કાકા ખરી વાતને.

કસોરદા—હુઉ ભીયા હુઉ પેમા નાયકનો સોકરો એદર રાજા થાતો તે મેં નજરે નજર ભાળ્યોસે.

કરતા પુરૂશ—ઉપર દરશાવેલા ફારસમાં કેવા જંગલી લોકો છે

નાટક એટલે સું તેનો અર્થાત જાણતા નથી ને જેવી રીતે આંધળા આગળ આરસી બેરા આગળ વાત. બોબડાને શું બોલવું ને નપુશકનો શો સંગાથ. પોતે કંઇ ન જાણતાં પારકી નીંધા શા માટે કરવી જોઇએ. બીજુ હાલમાં ઘણે દરજે બ્રાહ્મણજ નાટક કરે છે તો તેને કોઇ નાત બહાર કેમ મુકતું નહી હોય. જે નાટક છે તે એક જાતનો વેહેપાર ઉદમ છે તો તેનો બાદ કહડાય છે ને જે કોઇ નીચ કર્મ કરે તો તેને કોઇ પુછતુંજ નથી. તેનું કારણ એકે ઝાઝી કીડીઓ સાપને તાંણે, તેમ ઘણા સગાના ભાઇયોના જુથવાળો હોય તેને કોઇ ન કહે તેતો કેવળ તમારી ભુલછે જેને પુંઠ ન હોય તેને સઉ કહેવા જાયછે પણ રે!!! અફસોસ સદઅપસોસ!!! આર્ય બંધુઓ ગુજરાતને પાયમાલ ને નબળી સ્થીતી પર આવેલી છે તેનું કારણ મુખ્ય નીંધા, એકથી તે હજાર વાર નીંધા પણ નીંધાથી કુળનો નાશ થઇ નરકમાં જવાનું છે હેવુ વાકય શ્રુતી સમૃતી વેદ પુરાણ કહે છે એ શું આપણ ભુલી જતું પણ હે દેસી બંધુઓ નીંધાથી દુર રહોને ધરમથી ઢુંકડા રહી હરી સમર્ણ કરો તો તમારે બડતી દશા થશે ને જોસારી સ્થીતીયે આવવુ હોય તો નીંધા તજો એવી આર્ય બંધુવોની પ્રત્યે મારી પ્રાર્થના છે.

વ્યાસ કાશીરામ નીત્યારામ,
ભારથ કથાવાળા.

સમાપ્ત.

જાહેર ખબર.

હમારી તરફથી એક જૈન ધરમ અને વિશ્નુ ધરમ વાળાઓને વાંચવા લાયક એક નાટક તૈયાર થાય છે કે જેનું નામ નીચે પ્રમાણે.

દોહરો.

સત નગરના ચંદા શા, ધરે નગરની વસો કન્યા;
કરમ સંજોગે બન્યો વીવા પણ નભશે કે ના. તે નામનું.

કડવા કણબીની ઉત્પતિનો ગ્રંથ ઘણી મહેનતથી તૈયાર થાય છે.

વરણા વરણના કુધારા કાહાડવા વીશે એક નવીન પુસ્તક.

આ પુસ્તકો ઘણા પરીશ્રમથી લોકના હીતને અરથે કરી તૈયાર થાય છે થોડી મુદતમાં બાહાર પડશે માટે આ હક થવું હોય તો કાગળ લખજો નીચેને સીરનામેના ટપેડ કાગળ લેવામાં આવશે નહી.

વ્યાસ કાશીરામ નિત્યારામ

ભારથ કથાવાળા.

ગામ સુંઢીયા.

પોસ્ટ વડનગર.